بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-મે-૨૦૧૨**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૪, સળંગ અંક : ૧૦૧

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | અર્વાચીન પ્રચાર માધ્યમો અને આપણી જિમ્મેદારી | ૦૨ |
| ૦૨ | **શું આ ઈસ્લામ તથા હનફિયતના માળખામાં ફેરફારનો પ્રયાસ નથી ?!** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | શિફા શરીફ | ૧૪ |
| ૦૬ | હદાઈકે બખ્શિશ | ૧૬ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૮ |
| ૦૮ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૯ |
| ૦૯ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૧ |
| ૧૦ | કાનૂને શરીઅત | ૨૩ |
| ૧૧ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૪ |
| ૧૨ | સારી વાતનો હુકમ આપવો અને બુરી વાતથી રોકવું | ૨૬ |
| ૧૩ | હઝરત સૈયદા નફીસા رضی اللہ عنہا બહેનો માટે એક આઈડિયલ જિંદગી | ૨૮ |
| ૧૪ | મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہના જીવનના ચમકતાં પાસાંઓની ઝલક ! | ૩૨ |
| ૧૫ | બાળકોની કેળવણીમાં માનો કિરદાર | ૩૭ |
| ૧૬ | ૧૯મા ફિક્હી સેમીનારના ફેંસલા | ૪૦ |
| ૧૭ | એક સુન્નત પાછળ હજારો ગુનાહ ! | ૪૨ |
| ૧૮ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


## કર લો મકબૂલ યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

કર લો મક્બૂલ યા રસૂલલ્લાહ ! યે મેરી ઈલ્તિજા રસૂલલ્લાહ !
બાનિયે મજલિસે મુબારક કો દીજીયે બેહતર સિલા રસૂલલ્લાહ !
આપ કે આસ્તાં કે બંદે હૈં બખ્શ દો હર ખતા રસૂલલ્લાહ !
હર મુસીબત મેં કીજીયે ઈમ્દાદ જબ પુકારેં કે યા રસૂલલ્લાહ !
ઉસ કી ફૌરન મુરાદ બર આઈ જિસને દિલ સે કહા રસૂલલ્લાહ !
કબ્ર મેં હશ્રો નશ્રો મીઝાં મેં હર અલમ સે બચા રસૂલલ્લાહ !
નેચરી કાંધવી વહાબી સે સુન્નીયોં કો બચા રસૂલલ્લાહ !
અહલે સુન્નત કે નાતવાંનોં કો કર દો તાકત અતા રસૂલલ્લાહ
રંજો ગમકી ન દેખે શકલ કભી તેરી રહમત સે યા રસૂલલ્લાહ !
ગૌષે આ'ઝમ કા વાસ્તા હો કુબૂલ મેરી હર ઈલ્તેજા રસૂલલ્લાહ
હર જગહ મેરે વાલિદૈન પે હો રહમો ફઝ્લ આપ કા રસૂલલ્લાહ
અપને બંદે **"જમીલે રઝવી"** કો ખાસ બંદા બના રસૂલલ્લાહ !

# અર્વાચીન પ્રચાર માધ્યમો અને આપણી જિમ્મેદારી

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

આજે પૂરી દુનિયામાં ચર્ચાનો વિષય ઈસ્લામ છે. દરેક મઝહબમાં માનનારો ઈસ્લામના બારામાં પોતાના સહીહ અથવા ગલત ખયાલો પોતાની જાણકારીના આધારે રજૂ કરતો જોવા મળે છે. ખાસ કરીને પશ્ચિમી જગતમાં લોકો ઈસ્લામને Internetના થકી અથવા ઈલેક્ટ્રોનિક મીડિયા થકી અથવા તો અંગ્રેજી કિતાબો થકી વાંચે તથા સાંભળે છે અને એ જ અતબારથી ઈસ્લામના બારામાં પોતાના ખયાલો તથા વિચારો બનાવે છે, અને ઈસ્લામ સંબંધી માલૂમાતનો અન્ય માર્ગ તેમની પાસે ઉપલબ્ધ પણ નથી થઈ શકતો. અહીં પ્રશ્ન એ છે કે શું એમનાં આ માલૂમાત પ્રાપ્ત કરવાનાં માધ્યમો યોગ્ય છે ? એના અનુસંધાનમાં આપણે ઘણા જ દુઃખ સાથે કહેવું પડે છે કે આજે અંગ્રેજીમાં ઈસ્લામી કિતાબો અથવા ઈલેક્ટ્રોનિક મીડિયા અથવા website ઈસ્લામના નામે જોવામાં આવે તો વધુ પડતી ગૈરોની જ જોવામાં આવે છે અને જો આપણી છે પણ તો ત્યાં ઈસ્લામના બારામાં જેવો ખજાનો હોવો જોઈએ તે મૌજૂદ નથી, જેથી સહીહ અથવા ગલત જે પણ જાણકારી લોકોને મળે છે તેને જ તેઓ ઈસ્લામ સમજીને પોતાનો અક઼ીદો તથા માન્યતા બનાવે છે.

આ સંજોગોમાં આજે જરૂરત છે કે દરેક દર્દમંદ સુન્ની સહીહુલ અક઼ીદા અધિક્તર કિતાબો ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ علیہ الصلوٰۃ والسلام સંબંધે પ્રસિદ્ધ કરવામાં લાગે અને તે પણ અંગ્રેજી ભાષામાં, અને તેને website પર upload કરવામાં આવે જેથી દુનિયા સહીહ ઈસ્લામ વડે માહિતગાર પણ થઈ શકે અને તેના અક઼ીદા તથા ખયાલો મજબૂત થાય. યક઼ીનન ! સુન્ની દા'વતે ઈસ્લામી સહિત કેટલીક તેહરીકો એના પ્રતિ ધ્યાન કરી રહી છે પરંતુ જો સામૂહિક રીતે સર્વ સુન્નીઓનું આ ચિંતન બની જાય કે તે પોતાની શક્તિ અનુસાર આ કાર્યને અંજામ આપે, તો યક઼ીનન ! એક ઘણો સારો એવો ઈલ્મી ખઝાનો ભેગો થઈ જશે જે આપણા તેમજ ગૈરોની પ્યાસ બુઝાવવામાં કામ આવશે.

વર્તમાન જગત બે ચીજોનો ખાસ ખયાલ રાખી રહ્યું છે : સમય તથા પૈસો. થોડા સમયમાં અધિક કામ અને ઓછા પૈસામાં અધિક ચીજો પામવી. પરંતુ આપણે સમય તથા પૈસાની જેવી ક઼દર કરવી જોઈએ તેવી નથી કરી શકતા. સમયની બર્બાદી તો જાણે આપણા માટે કોઈ સમસ્યા જ નથી ! આજે જો આપણે પૈસા તથા સમય દીનના સહીહ કામોમાં ખર્ચ કરીએ તો દુનિયાના લોકોની સાથોસાથ આપણો પણ ફાયદો થઈ શકે છે. આપણો હાલ તો એ છે કે આપણાથી નજીક થનારાનો સમય આપણી સાથે ગપસપમાં વહી જાય છે, ન તો આપણી પાસેથી દીની કે ક઼ૌમી ફિકર લઈને ઉઠે છે ન તો ઈસ્લામી જાણકારી. બસ ! અહીંથી આપણા નુકસાનનો પ્રારંભ થાય છે. આપણામાંથી મોટાભાગના લોકો નિરર્થક બાબતોમાં પોતાના કિંમતી સમયોને વેડફી રહ્યા છે. આપણે હમેશાં એ યાદ રાખવું જોઈએ કે કામયાબ મો'મિન તે જ છે જે પોતાના સમયની ક઼દર કરે અને નિરર્થક બાબતોથી પરહેઝ કરે. જેમ કે કુર્આને મુક઼દ્દસમાં અલ્લાહ عزوجل એ ઈર્શાદ ફર્માવ્યો : "બેશક ! ઈમાનવાળાઓ સફળતા મેળવે છે. જેઓ પોતાની નમાઝમાં કરગરે છે અને જેઓ અર્થહીન વાતો તરફ લક્ષ નથી આપતા." *(પારા : ૮, આયત : ૧, ૨, ૩)* આજનુ જગત ઘરબેઠાં ઈન્ટરનેટ થકી જાણકારી હાંસલ કરવા ચાહે છે જે આપણી દીની, મિલ્લી તથા અખ્લાક઼ી જિમ્મેદારી છે કે તેને ઘરબેઠાં ઈસ્લામની સહીહ જાણકારી પૂરી પાડવાની વ્યવસ્થા આપણે સૌ ભેગા મળીને આપણી શક્તિ અનુસાર કરીએ. સાચુ તો એ છે કે આપણે હજી પણ દુનિયાથી ઘણા જ પાછળ છીએ. આપણે જાગી જઈએ એ ખયાલની સાથે કે શ્વાસો ઓછા છે અને સફર લાંબો છે.... આજે પણ જો આપણે જાગી ઉઠયા તથા સંગઠિત થઈ ગયા તો આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلام ની મહોબ્બતની શમ્અ લોકોના દિલોમાં રોશન થઈ શકે છે અને સહીહ અક઼ીદાઓ લોકો સ્વીકારવા તૈયાર થઈ શકે છે. આવો ! આપણે સૌ દુઆ કરીએ કે અલ્લાહ આપણને સૌને રહમતે આલમ صلی اللہ علیہ وسلم ના સદક઼ા તથા તુફૈલથી નેક અમલની તૌફીક઼ અતા ફર્માવે અને ઈખ્લાસપૂર્ણ જઝબા સાથે તૌશએ આખેરત જમા કરવાની તૌફીક઼ આપે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

# શું આ ઈસ્લામ તથા હનફિયતના માળખામાં ફેરફારનો પ્રયાસ નથી ?!

તંત્રી લેખ

કેટલાક ભાઈઓને "બરકાતે ખ્વાજા" (માસિક)ના પ્રો. તાહિર સાહબની અસલ હકીકત દર્શાવતા લેખોથી ખોટુ લાગ્યું અને અમુકે અમારી સાથે ફોનિક અયોગ્ય વ્યવહાર કર્યો અને કહ્યું કે, "પ્રો. સાહબ તો વલી તથા મુજદ્દિદ છે !" અફસોસ ! હવે વલી તથા મુજદ્દિદના લકબ જાહિલ અવામ આપે છે ! અમે તેમને કહ્યું કે નાહક્ક ગુસ્સે ન થાવ અને અમને જણાવો કે શું અલ્લાહના વલી તથા મુજદ્દિદનાં આવાં આવાં કામો હોય શકે છે ? તો તેનો જવાબ આપવાને બદલે અધિક નારાજ થઈ ગુસ્સામાં ન કહેવાનું કહેવા લાગ્યા ! આને જ વ્યક્તિપૂજા તથા હઠધર્મી કહે છે ! તો આ ન્યાયની વાત નથી ! જેથી સુન્ની અવામની સમક્ષ ન્યાયથી વિચારણા માટે કેટલીક બાબતો અત્રે આ નાચીઝ ફરી એકવાર પ્રદર્શિત કરી રહેલ છે જેને તે નારાજ થતા ભાઈઓ પણ ઠંડકથી શાંતચિત્તે નિષ્પક્ષ બનીને, હક્કના ફેવરમાં રહીને વાંચે, વિચારે અને સત્ય માર્ગ અપનાવે તેવી અપીલ છે.

પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! કોઈની ફક્ત ભપકાદાર તકરીરો તથા સામે દેખાતા કિતાબોના ઢગલાઓથી અંજાય ન જાવ ! જો તમને ઈસ્લામ તથા સુન્નિયત તથા હનફિયતથી સાચી મહોબ્બત છે તો ઠંડા દિલે અને ઈસ્લામની મહોબ્બતમાં વિચારો ! કે પ્રો. તાહિરુલ કાદરી સાહબના અવનવા ખયાલો તથા તરંગી તુક્કાઓ જેને તેમની તેહકીક પોતે કહેવડાવે છે ! તેને ન્યાયની દૃષ્ટિએ જોતા ચાલો તો દરેક ન્યાયપ્રિય વ્યક્તિને સમજાશે કે જેવી રીતે થોડાક ઈલ્મનો ઘમંડ દિમાગના તાળવે ચઢી જતાં મૌલાના મૌદૂદી ગુમરાહીભર્યા તુક્કાઓ કાઢી એક નવી જમાઅત ખડી કરી ગયા તેમ આ પણ એક નવી જમાઅત ખડી કરી રહ્યા હોય એવું જણાય રહ્યું છે.

## ✪ તદ્દન સમજમાં આવી જાય તેવી વાતો જુઓ ✪

પ્રો. તાહિરુલ કાદરીની શખ્સિયતને મનાવવા માટેના પ્રચારની એક ક્લિપ મ્યુઝિક સાથે તેમની પ્રશંસાના ગીત સાથે રજૂ થયેલી છે (મ્યુઝિક, ફોટો, તાળીઓ પાડવી વગેરે તો એમને ત્યાં હરામ નહીં બલ્કે જાણે સવાબનું કામ છે !) જેમાં "મિન્હાજુલ કુર્આન"ના વિવિધ કાર્યોની ઝલક દેખાડીને પછી તેમના પ્રવક્તા જાતે જ તેમની સુલેહ કુલ્લિયતની સહર્ષ જાહેરાત કરતાં કહે છે :–

"તાહિરુલ કાદરી ઈસ્લામી ફિર્કોં મેં સે કિસી એક ફિર્કે, એક ગૃપ, એક કોમ્યુનિટી કી મિરાષ નહીં. ઈસ લિયે કે જિસ તરહ ખુદા કા બનાયા હુવા સૂરજ સબકા હૈ, ખુદા કે અતા કરદા ચાંદ કી રોશની સબકી હૈ, અગર ચાંદ સબકા હૈ, સૂરજ સબકા હૈ તો શૈખુલ ઈસ્લામ ભી સબકા હૈ ! ...." (Free cd)

શું અહલે સુન્નતમાં આવો "શૈખુલ ઈસ્લામ" હોય શકે છે જે સૌ ફિર્કાવાળાઓનો પ્યારો હોય ?! સૌનો વહાલો તો "સુલેહકુલ્લી" જ હોય શકે છે ! અને તેનું ઉદાહરણ પ્રો. તાહિર સાહબનું આ લખાણ છે જેમ કે પ્રો. સાહબ દર્શાવે છે કે :–

★ "મુસલમાનોમાં જેટલા ફિર્કાઓ છે (જેમ કે વહાબી, દેવબંદી, શીઆ, રાફઝી, ખારજી, કાદયાની.....વગેરે) સૌમાં કોઈ પાયાનો મતભેદ નથી પણ ઉપર ઉપરનો તથા સમજફેરનો મતભેદ છે." *(વધુ ખરાબીઓ જાણવા તેમની કિતાબ : ફિર્કા પરસ્તી કા ખાત્મા....વાંચો)* પણ યાદ રાખશો કે તેમની આ વાત કુર્આન હદીષની સરાસર વિરુદ્ધ છે, અને સહાબાથી લઈને અત્યાર સુધી થનારા સર્વ ફિર્કાઓની રદ આપણા **બુઝુર્ગોએ** કરી અને **અકીદામાં પાયાના મતભેદને કારણે જ તો તેમને અહલે સુન્નતથી ખારિજ દર્શાવ્યા,** અને પ્રો. તાહિર સાહબ જેવી સર્વ ફિર્કાની એકતાની વાત કોઈએ નથી કરી.

વળી ફિર્કાપરસ્તીના ખાત્માના ઉમંગમાં સર્વ ફિર્કામાં એકતા કરી દેવાના જોશમાં પોતાની કિતાબમાં પ્રો. તાહિર સાહબ કહે છે કે, "એવો ઈદારો હોવો જોઈએ જેમાં સર્વ ફિર્કા શીઆ, વહાબી, દેવબંદી વગેરેના તલબા સાથે હરીમળીને રહે, સાથે તા'લીમ મેળવે અને ઉસ્તાદો સર્વ ફિર્કાના ભેગા રહે અને કોઈ કોઈની રદ ન કરે....વગેરે." *(ફિર્કા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ?)*

**શું કુર્આન હદીષની રૂએ આવી એકતા સહીહ છે ? શું આ સુન્નિયતના ખાત્માની વાત નથી ?!** તમો જાતે જ ફેંસલો કરો, શું દિમાગી સંતુલનવાળો આવી તરંગી વાત કરી શકે છે ?

★ આ વાત પર ઈસ્લામના પ્રારંભથી આજ સુધી ઉમ્મતના ઉલમાનો ઈજમાઅ રહ્યો છે કે સ્ત્રીનું દિયત (ખૂનના બદલે માલ) પુરૂષ કરતાં અડધુ હોય છે. પણ તાહિર સાહબ કહે છે કે પુરૂષના બરાબર સ્ત્રીનું દિયત થશે. આ પણ ઉમ્મતના ઈજમાઅથી બગાવત છે. અને અહલે સુન્નતના સર્વ ઉલમાનો ફેંસલો છે કે ઈજમાઅની વિરુદ્ધ જનાર ગુમરાહ છે.

★ હનફી મઝહબમાં "ગાઈબાના નમાઝે જનાઝા" જાઈઝ નથી, જ્યારે પોતાને જબરદસ્ત ! હનફી કહેવા છતાં તેમને ત્યાં એને જાઈઝ દર્શાવ્યું છે. *(મિન્હાજુલ કુર્આન મંથલી, ઓગસ્ટ–૨૦૦૦)*

★ દાઢી એક મુઠ્ઠીથી કમ કરાવનાર હનફી મઝહબમાં ફાસિકે મોઅલિન છે. જ્યારે કે મૌલાના મૌદૂદીના પથ પર ચાલીને જનાબ હનફી કાદરી તાહિર સાહબ તથા તેમના અનુયાયીઓ સુન્નતે તાહિરી પ્રમાણે એકાદ બેડકા દોઢ બેડકા જેટલી દાઢી ધરાવે છે અને તેને જાઈઝ ઠરાવે છે !

★ ઈમામ જલાલુદ્દીન સિયૂતીની કિતાબ "શરહુસ્સુદૂર"માં છે કે શીઆ સાથે બેસનારને મરતી વેળા કલમો નસીબ નથી થતો. કારણ કે આખા જગતના "શીઆ" ત્રણેવ ખલીફા (અબૂબક્ર, ઉમર, ઉષ્માન)ને હક્ક મારનાર, ખયાનત કરનાર અને મઆઝલ્લાહ ! ઈસ્લામના બદ્તરીન દુશ્મન તથા એમના વિરુદ્ધ કુર્આનમાં આયતો ઉતરી છે એવું બધું શું શું ભલુબુરું કહે છે. **ઈરાનના શીઆ પેશવા ખોમૈનીના પણ એ જ કુફ્રી અકીદા હતા.** જેમ કે પોતાની કિતાબ "કશ્ફુલ અસ્રાર"માં એનું પ્રદર્શન ખોમૈનીએ કર્યું છે. અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ને કુર્આન વિરુદ્ધ વર્તનાર કહ્યા, અન્ય સહાબાની પણ તૌહીનો લખી છે તથા ધૃણાસ્પદ આક્ષેપો કર્યા છે. *(જુઓ : પેજ : ૧૧૯, ૧૨૦, બહવાલા : ઈસ્લામ ઔર ખોમૈની મઝહબ)* તો બતાવો કયો અહલે સુન્નતનો દાવેદાર સુન્નીઓનો વલી કે મુજદ્દિદ એની આવી પ્રશંસા કરી શકે સિવાય કે પ્રો. તાહિર ! જેમ કે :–

ખોમૈની ગુજરી જતાં પાકિસ્તાનમાં શીઆઓએ શ્રદ્ધાંજલીનો પ્રોગ્રામ રાખ્યો હતો ત્યાં જઈને પ્રો. તાહિરે કહ્યું હતું કે, "ખોમૈનીનું જીવન અલીના જેમ હતું અને મરવું હુસૈનની જેમ હતું ! ગભરાવ નહીં! પાકિસ્તાનનું દરેકે દરેક બાળક ખોમૈની થશે." (મઆઝલ્લાહ !) તો શું ખરેખર ખોમૈનીનું

જીવન પ્રો. તાહિરની દૃષ્ટિએ હઝરત અલી كرم الله وجهه الكريم ની જેમ હતું ?! અને મૌત હઝરત હુસૈન رضی اللہ عنہ ની શહાદત જેમ ઈમાન પર હતું ?! "શીઆ" ફિર્કો તેના કુફ્રી અકીદાઓના કારણે ઈસ્લામથી ખારિજ થયેલ છે પછી પ્રો. તાહિરને ખોમૈનીથી આટલી મહોબ્બત શાથી ? આ કેવા કહેવાતા શૈખુલ ઈસ્લામ તથા મુજદ્દિદ છે કે કુફ્રી અકીદાવાળા બદ્‌મઝહબની લાગણીમાં ઝુરી રહ્યા છે ?! હે લોકો ! તમારામાં ઈમાની ગૈરત હોય તો સમજી લો કે ચોતરફની ઢોલકી વગાડતા આ પ્રો. તાહિરના અકીદાનું કોઈ જ બંધારણ નથી ! ફક્ત જડબે જોર ધરાવનાર આ પ્રોફેસરના અસંખ્ય રૂપો છે જે એમનાં બયાનો લખાણોથી પુરવાર થાય છે, જેથી એમની પાછળ દોડી ગુમરાહ થઈ તમારી આખેરત ન બગાડો !

★ વહાબી, શીઆ વગેરે બદ્‌અકીદા પાછળ નમાઝ અહલે સુન્નતમાં ક્યાંય જાઈઝ નથી. શરૂથી આજ સુધી કોઈ સુન્ની આલિમે બુઝુર્ગે જાઈઝ નથી કહ્યું, જ્યારે પ્રો. તાહિર સાહબ જાઈઝ જ નથી સમજતા બલ્કે પઢે પણ છે. જેમ કે દેવબંદી મોલ્વી પ્રો. ઈદરીસ પાછળ તથા ઈરાનમાં શીઆ પાછળ પઢી.

★ અહલે સુન્નતમાં તથા ઈસ્લામી શરીઅતમાં વહાબી દેવબંદી વગેરે ગુસ્તાખે નબી ફિર્કાવાળા સાથે સલામ કલામ સુદ્ધાં હરામ છે, જ્યારે પ્રખર દેવબંદી અકીદાવાળા મોલ્વી પ્રો. સાહબના મહેમાન તો બને જ છે, પણ તેમની પાસે પ્રો. સાહેબ આમ જલસામાં દુઆ પણ કરાવે છે ! (જેમ કે દેવબંદી મોલ્વી તારીક્ જમીલ !) (Youtube) તો શું પ્રો. સાહેબ એમને મુસલમાન સમજીને દુઆ કરાવે છે ?! જો ગુસ્તાખે નબી સમજે છે તો પછી કોઈ વલી તથા મુજદ્દિદ ગુસ્તાખે નબી પાસે દુઆ કરાવશે ?!

★ વળી કોઈ અલ્લાહનો સાચો વલી તથા મુજદ્દિદ બેપર્દા ગૈર મેહરમ સ્ત્રીઓને સામે બેસાડતો કે મુલાકાત કરતો નથી. જ્યારે આ ૧૫મી સદીના અલ્ટ્રા મોડર્ન ! કહેવાતા "વલી" તથા "મુજદ્દિદ" તથા "શૈખુલ ઈસ્લામ" છૂટ્ટાવાળોવાળી, ફેશનેબલ ચુસ્ત કપડાંવાળી, મોડેલ જેમ સજીને આવેલી લેડી પત્રકારોને આમને સામને બેસાડીને તેના સૌંદર્યનાં દર્શન કરતાં કરતાં ઈન્ટરવ્યું આપતા Youtube પર જોવા મળે છે ! તથા ઠેરઠેર નામેહરમ બેપર્દા સ્ત્રીઓ વચ્ચે ઘેરાયેલા જોવા મળે છે ! વળી પ્રો. તાહિરનો બર્થ ડે ઈસાઈઓ જેમ કેક કાપીને તાળીઓ પાડીને પછી મ્યૂઝિક સાથો સોંગ ગાઈને તેમના ચેલાઓ મનાવતા જોવા મળે છે ! આ કેવું ઈસ્લામનું મોર્ડનાઈઝેશન થઈ રહ્યું છે ?! જ્યારે કે **આ સર્વ કામો શરીઅતમાં હરામ છે** એ સામાન્ય વાત છે, એ કોઈ તેહકીક્ કરવાનો મસ્અલો નથી. તો પછી આવાં હરામ કામો કરનાર તથા કરવાની છૂટ આપનારને વલી, મુજદ્દિદ કે શૈખુલ ઈસ્લામ કહેવું એ કેટલે અંશે યોગ્ય છે ?! શું ઈસ્લામનો આ કાનૂન પણ હવે બદલાઈ ગયો છે ?!

★ હુઝૂરે અકરમ ﷺ, સહાબાએ કિરામ તથા તાબઈને કિરામ તથા દીનના ઉલમા તથા અવલિયા رضوان الله تعالى عليهم أجمعين એ આજ સુધી કુફ્રી વાક્યોથી તથા શિર્ક અને કુફ્રથી અણગમો જ દર્શાવ્યો અને ઈસ્લામના કલ્મા "લાઈલાહ ઈલ્લલ્લાહ"ની બોલબાલા માટે પોતાનાં જાન, માલ, તન, મન, ધન, વતન, ઔલાદ સર્વ કુર્બાન કરી નાખ્યાં. એથી ઉલ્ટુ આ મોર્ડન બની બેઠેલા વલી, મુજદ્દિદ તથા શૈખુલ ઈસ્લામે તા. ૨૪–૯–૨૦૧૧ના રોજ લંડન–વેમ્બલી ખાતે "પીસ કોન્ફરન્સ" રચીને સર્વધર્મવાળાને ભેગા કરીને તેમની પાસે સ્વેચ્છાએ તેમના ભગવાનની પ્રાર્થનાઓ કરાવી તથા ઈસ્લામ વિરુદ્ધનાં કુફ્રી વાક્યો પોતે ઓફર કરીને બોલાવડાવ્યાં ! જ્યારે ઈસ્લામી કાનૂન છે કે કોઈને ગૈર ખુદાની પૂજા, ઈબાદત કે પ્રાર્થના કરવા તથા કુફ્રી વાણી બોલવા કહેવું કુફ્ર છે.

★ પ્રો. તાહિર સાહબ એક બયાનમાં જણાવે છે કે, "કોઈ મુસલમાન ગુસ્સાની હાલતમાં કુર્આન શરીફને ચુંથી નાખે અને ફાડીને ફેંકી દે તો ફિક્હના ઉલમા તેને કાફિર જણાવતા નથી." એટલે કે એવો

કલામુલ્લાહનો બેઅદબ પણ તેમની નજીક મુસલમાન જ રહેશે ! આ અકીદો પ્રો. તાહિર સાહબે બહાર પાડયો. જયારે એના જવાબમાં **હઝરત અલ્લામા મૌલાના ડો. સૈયદ આસિફ જલાલી (પાક.) સાહબે ફિક્હની કિતાબોના અનેક હવાલાથી દર્શાવ્યું કે એ રીતે કુર્આન પાક ફાડનાર શખ્સ એવો કાફિર છે કે જેના કુફ્રમાં કોઈ તાવીલની ગુંજાઈશ નથી.** તે એવો કાફિર છે જેમ કે બુતને સિજદો કરનાર છે. (Youtube) વિચારો ! **જે ઈસ્લામી કાનૂન વિરુદ્ધ એવો અકીદો બહાર પાડે કે કુર્આનને ગુસ્સામાં ફાડીને તોડીને ફેંકી દેનાર કાફિર નથી ! એ ઈસ્લામમાં નવો કાનૂન ઉપજાવનાર છે કે નહીં ?!** ઈસ્લામી માળખામાં ફેરફાર કરનાર છે કે નથી ?

★ પોતાના તર્જુમા કુર્આન ''ઈર્ફાનુલ કુર્આન''ની તારીફમાં પ્રો. તાહિર સાહબે ''અપને મુંહ મિયાં મીઠ્ઠુ'' બનીને એવી તારીફ કરી કે ''ઈર્ફાનુલ કુર્આન'' સિવાય ૫૦૦ વરસો સુધીના જેટલા તર્જુમા થયા સૌ ગલતીઓથી ભરેલા છે, ત્યાં સુધી કે તે ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ જેમને ૭૨ વાર જાગૃતાવસ્થામાં નબી ﷺના દીદાર થયા અને અસંખ્ય નવાઝિશો પામ્યા તેમની ''જલાલૈન શરીફ'' તફસીરે કુર્આન વિશે કહ્યું કે તેમાં ઘણી ગલતીઓ છે ! અને આ'લા હઝરત رحمۃ اللہ علیہના તર્જુમાએ કુર્આન ''કન્ઝુલ ઈમાન''ની તારીફમાં એકવાર પૂરી કિતાબ લખનાર આ દ્વિમુખી પ્રો. સાહબે હવે ટર્ન મારતાં તેને ખામીઓવાળો દર્શાવ્યો ! જાતે પોતે પોતાની પ્રશંસા કરવાનું તો કોઈ તેમનાથી જ શીખે ! (youtube)

★ જે રીતે મૌલાના મૌદૂદીએ કહ્યું કે, ''જૂના ઈસ્લામી મુફક્કિરો તથા મોહક્કિકોનો સરમાયો હવે કામ નથી આપી શક્તો.'' એ જ માર્ગે પ્રો. તાહિર ચાલી રહ્યા છે અને કુર્આનના આગલા તર્જુમા તથા તફસીરોને હવે કામના ગણતા નથી અને તેમાં તેમને ભૂલો જણાવા લાગી છે !'' *(જુઓ youtube)*

★ યહૂદી તથા ઈસાઈઓને પ્રો. સાહબના કહેવાતા મિન્હાજુલ કુર્આનની મસ્જિદોમાં તેમના ધર્મ પ્રમાણે ઈબાદતની (પૂજાની) હમેશાં માટે છૂટ આપી ! આવું એલાન કોઈ વલી તથા મુજદ્દિદ કે શૈખુલ ઈસ્લામે આજ સુધીમાં કર્યું હતું ? નહીં ! હરગિઝ નહીં !

★ અમેરિકા, યૂરોપ, ફ્રાંસને ખુશ કરવા તથા કૌમી એકતા દર્શાવવા ઈસાઈઓ સાથે ક્રિસમસ મનાવવું, કેક કાપવી તથા તેમનાં કુફ્રી બયાનો વિના વાંધાએ સાંભળવાં પછી તાળીઓ પાડવી, પડાવવી, તેમજ મંદિરોમાં જઈને નમાઝો પઢવાનું પ્રદર્શન કરી એકતા જાહેર કરવી, એવું ક્યાં કુર્આન હદીષમાં આવ્યું છે ?! જે કામો તાહિર સાહબ કરી રહ્યા છે. (youtube)

★ યહૂદી ઈસાઈને બિલીવર્સ (ઈમાનવાળા) ગણવા, કાફિર ન ગણવા, આવું તો યહૂદી એજન્ટ જ કહી શકે છે ! એવું કયા મુજદ્દિદ, શૈખુલ ઈસ્લામે કે વલીએ કહ્યું ?! જે તાહિર સાહબ કહી રહ્યા છે ! વગેરે અસંખ્ય વાતો અહલે સુન્નતના અત્યાર સુધીના ઉલમાના બંધારણ તથા માળખા વિરુદ્ધ તથા હનફી ઈમામો વિરુદ્ધ અસંખ્ય ખયાલો તેમના જાહેર થઈ રહ્યા છે જેથી ઈસ્લામ તથા હનફિયતના માળખામાં તોડફોડ થતી જોવા મળે છે. એટલા માટે સુન્ની અવામને અમારી વિનંતિ છે કે તેમનો આંધળો ફેવર કરવાથી દૂર રહે, ખુદાના ખૌફથી ડરે અને કુર્આન હદીષ મુજબ સત્યનો સ્વીકાર કરી રાહે રાસ્ત પર રહે અને આ ગુમરાહીના પ્રવાહમાં ન તણાઈ જાય. અંતમાં નીચેના લખાણમાં પ્રો. તાહિર સાહબ જે યહૂદી તથા ઈસાઈને ઈમાનવાળાઓમાં ગણે છે અને તેઓ કાફિરોમાંથી નથી એવું જે દર્શાવે છે તેની રદમાં વિગતવાર સમજૂતી દર્શાવતો ફત્વો વાંચી લેશો અને તેમની અસલિયતને સમજી ગુમરાહીથી બચશો.

## ✪ યહૂદી ઈસાઈ સંબંધે પ્રો. તાહિરની માન્યતાનો કુર્આનથી ટકરાવ ! ✪

શું ફર્માવે છે દીનના ઉલમા એ વ્યક્તિ (પ્રો. તાહિરુલ કાદરી)ના બારામાં જે કહે છે કે, "આખા જગતમાં જ્યારે વહેંચણી કરવામાં આવે છે તો બિલીવર્સ અને નોનબિલીવર્સ (ઈમાનવાળા અને બિન ઈમાનવાળા)ની વહેંચણી થાય છે. યહૂદી અકીદાના માનવાવાળા લોકો અને મસીહી (ઈસાઈ) બિરાદરી તથા મુસલમાન, આ ત્રણેવ મઝહબોવાળા બિલીવર્સમાં (ઈમાનવાળાઓ)માં ગણાય છે. એઓ કાફિરોમાં ગણાતા નથી." શું આવું કહેનારના શબ્દો કુફ્રી છે કે નથી ?

**જવાબ** : મહબૂબે કરીમ ﷺના આગમન પછી હક્ક તથા સત્ય કેવળ અને કેવળ આપનો લાવેલો દીન તથા મઝહબ છે અને અન્ય સામાન્ય લોકો તો દૂર રહ્યા, પણ ખૂદ અંબિયા علیہم السلام પણ આપ ﷺના દીનનું અનુસરણ તથા આપના આજ્ઞાપાલનના પાબંદ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : (મૂળ ફત્વામાં અરબીમાં આયતો છે, અહીં તર્જુમો જ આપ્યો છે)

"જ્યારે હું તમને કિતાબ તથા હિકમત અતા કરું પછી તમારી પાસે મારો રસૂલ તશરીફ લાવે જે તમારી નબુવ્વત તથા કિતાબનું સમર્થન કરનાર છે તો તમે જરૂર જરૂર તેમની સાથે ઈમાન લાવશો અને તેમની ઈમદાદ તથા મદદ કરશો." *(પારા : ૩, આલે ઈમરાન, આયત : ૮૧)*

મહબૂબે કરીમ ﷺનો ઈર્શાદે ગિરામી છે : "જો મૂસા علیہ السلام જાહેરી હયાત મુબારકની સાથે મૌજૂદ હોત તો તેમણે મારા અનુસરણ (ઈત્તેબાઅ) સિવાય કોઈ ચારો ન હતો." *(અહમદ તથા દારમી)*

સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ તૌરાતનો એક નુસ્ખો (કોપી) લાવ્યા અને રસૂલે મોઅઝ્ઝમ ﷺની નજીક બેસીને તેની તિલાવત કરવા લાગ્યા તો રસૂલે કરીમ ﷺનો ચેહરો મુબારક ગુસ્સાથી લાલ થવા લાગ્યો. તો હઝરત સિદ્દીકે رضی اللہ عنہએ તેમને ફર્માવ્યું, "તમારા પર રડનારીઓ રડે ! જોતા નથી કે નબીપાક ﷺના ચેહરા મુબારક પર ગુસ્સો પ્રદર્શિત થયેલ છે ?!" જેવું કે હઝરત ઉમર رضی اللہ عنہએ સરવરે કૌનૈન ﷺના ચેહરાએ અન્વરની તરફ જોયું તો અર્ઝ કરી, "હું અલ્લાહના ગઝબ તથા તેના પ્યારા રસૂલના ગઝબ (ગુસ્સા)થી અલ્લાહની પનાહ માગુ છું ! અમે અલ્લાહ તઆલાના રબ હોવા પર રાજી છીએ, અને ઈસ્લામના સાથે તેના દીન હોવા પર, અને મુહમ્મદ કરીમ ﷺની સાથે તેમના નબી હોવા પર." એટલે કે ઈમાન તો દિલમાં જામેલુ છે, ઈસ્લામમાં તથા આપની નબુવ્વતમાં કોઈ શંકાકુશંકાના લીધે હું એને નથી પઢી રહ્યો."

તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તે પવિત્ર જાતની કસમ ! જેની કુદરતના કબ્જા હેઠળ મારી જાન છે જો મૂસા علیہ السلام તમારી સમક્ષ જાહેર થઈ જાય, પછી જો તમે તેમની ઈત્તેબાઅ (અનુસરણ) શરૂ કરી લો અને મને છોડી આપો તો તમે સીધા માર્ગથી ગુમરાહ થઈ જશો. **જો મૂસા જાહેરી હયાતની સાથે જીવંત હોત અને મારી નબુવ્વતનો જમાનો મેળવી લેત તો જરૂર જરૂર મારુ અનુસરણ કરતા."**

મુહમ્મદ કરીમ ﷺ આરામ ફર્માવી રહ્યા હતા. ફરિશ્તા હાજર થયા અને આપ علیہ الصلوٰۃ والسلامની શાને પાકમાં આપના રિસાલતના સ્થાનની પ્રશંસા વર્ણવતાં કહ્યું, "એમનું દૃષ્ટાંત એવું છે જેમ કે કોઈ માણસ મકાન બનાવે અને એમાં ખાવાના માટે દસ્તરખાન લગાડે અને બોલાવનારને મોકલે કે લોકોને મારા મકાનમાં મારા દસ્તરખાન પર બેસીને ખાણુ ખાવાની દા'વત આપો. જેણે દા'વત આપનારની દા'વત કબૂલ કરી અને મકાનમાં દાખલ થયો અને દસ્તરખાન પરથી ખાધુ, અને જેણે દા'વત કબૂલ ન કરી, ન મકાનમાં દાખલ થઈ શક્યો અને ન દસ્તરખાનથી ખાઈ શક્યો."

પછી એની તાબીર તથા ખુલાસો વર્ણવતાં ફરિશ્તાએ કહ્યું, "મકાન જન્નત છે, (દસ્તરખાન જન્નતની નેઅમતો છે જ્યારે મકાન માલિક અલ્લાહ તઆલા છે) અને દા'વત આપનાર મુહમ્મદ ﷺ છે, જેથી જેણે મુહમ્મદ કરીમ ﷺની ઈતાઅત (આજ્ઞાપાલન) કરી તો તેણે અલ્લાહ તઆલાની ઈતાઅત કરી, અને જેણે મુહમ્મદ ﷺની નાફર્માની કરી તેણે અલ્લાહ તઆલાની નાફર્માની કરી, અને મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ મુસલમાન તથા કાફિર અને આજ્ઞાંક્તિ તથા નાફર્માન લોકો દરમ્યાન ફરક કરનાર છે."

તેમજ **હઝરત ઈસા ઈબ્ને મરયમ** علیہ السلام નાઝિલ થશે, પરંતુ પોતાની કિતાબ તથા શરીઅતની લોકોને દા'વત નહીં આપે બલ્કે આપ ﷺની ઉમ્મતના આલિમ તથા ખલીફામાંથી એક ખલીફાના જેમ **પોતે પણ આ જ દીન પર હશે** અને **લોકોને પણ એ જ લાગુ પાડશે.** જેથી **સૈયદુલ અંબિયા** علیہ الصلوٰۃ والسلام**ના આગમન પછી મુસલમાન અને મો'મિન (ઈમાનવાળો) કેવળ અને કેવળ તે જ શખ્સ થઈ શકે છે જે આપની ગુલામીના વર્તુળમાં સામેલ હોય અને દીને ઈસ્લામ પર ચાલતો હોય.** કુર્આનમાં છે : "અલ્લાહ તઆલાની નજીક સ્વીકાર્ય દીન કેવળ અને કેવળ ઈસ્લામ જ છે." *(પારા : ૩, સૂરએ આલિ ઈમરાન, આયત : ૮૫)* જેથી જે શખ્સ ઈસ્લામથી હટીને કોઈ દીન અપનાવશે તો તેનાથી હરગિઝ હરગિઝ એ દીન ક઼બૂલ કરવામાં આવશે નહીં.

આ પરથી ધોળા દિવસની જેમ રોશન થઈ ગયું કે જ્યારે અલ્લાહની નજીક સ્વીકાર્ય (મક઼બૂલ) દીન કેવળ અને કેવળ ઈસ્લામ જ છે જેથી આપોઆપ અન્ય ધર્મો હવે કુફ્રવાળા ગિરોહમાં દાખલ થશે, નહીં તો યહૂદિયતને ઈસ્લામ તથા ઈસાઈયતને પણ ઈસ્લામ માનવાનું લાઝિમ થશે ! અને કોઈ મુસલમાન તો શું પણ કોઈપણ બુદ્ધિવાળો એને માનનાર નથી થઈ શકતો. જ્યારે કે ખૂદ કુર્આન શરીફે નબીએ કરીમ ﷺની ગુલામીના વર્તુળમાં દાખલ ન થનારને કાફિર ઠરાવી આપ્યો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**૧.** "અહલે કિતાબ (કિતાબીઓ)માંથી કુફ્રમાં પડનારા તથા મુશ્રિક એવું પસંદ નથી કરતા કે તમારા પર તમારા પરવરદિગાર તરફથી કોઈ ભલાઈ નાઝિલ થાય." *(પારા : ૧, સૂરએ બક઼રહ, આયત : ૧૦૫)*

**૨.** ઘણા બધા અહલે કિતાબ (યહૂદી તથા ઈસાઈ)ની દિલી આરઝૂ તથા લાગણી છે કે તમને ઈમાન લાવ્યા બાદ ફરી કાફિર બનાવી આપે અને ઈસ્લામથી ફેરવી કાઢે, એ હસદની રૂએ કે જે તેમના જીવો થકી ઉપસ્થિત થનાર છે તેમ છતાં કે તેમના પર હક્ક઼ ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ ચૂકેલ છે." *(પારા : ૧, સૂરએ બક઼રહ, આયત : ૧૦૯)*

પ્રથમ આયતે કરીમામાં પણ અહલે કિતાબ એટલે યહૂદી ઈસાઈને કાફિર ઠરાવવામાં આવ્યા અને બીજી આયતમાં પણ એમને કાફિર ઠરાવવામાં આવ્યા છે, કેમ કે અહલે કિતાબ યહૂદી તથા નસારાની ખ્વાહિશ એ જ હોઈ શકતી હતી કે મુસલમાન પણ યહૂદી બની જાય, ઈસાઈ બની જાય, જે શક્ય ન હતું. અને મુસલમાનને કાફિર બનાવવાની ખ્વાહિશને દિલી આરઝૂ તથા લાગણીથી તાબીર કરવામાં આવેલ છે.

**૩.** "હે અહલે કિતાબ ! અલ્લાહની આયતો સાથે તમે કુફ્ર શા માટે કરો છો ? અને સ્થિતિ એ છે કે તમે ઈલ્મ ધરાવો છો. હે અહલે કિતાબ ! તમે હક્ક઼ને બાતિલની સાથે ભેળસેળ શા માટે કરો છો ? જ્યારે કે તમે હક્ક઼ કયુ છે તેનું યક઼ીન ધરાવો છો !" *(પારા : ૩, સૂરએ આલિ ઈમરાન, આયત : ૭૦)*

**૪.** "હે મહબૂબ ! ફર્માવી દો ! હે અહલે કિતાબ ! તમે અલ્લાહ તઆલાની આયતો સાથે કુફ્ર શા માટે કરો છો જ્યારે કે અલ્લાહ તઆલા માહિતગાર છે એના પર જે કાંઈ તમે કરો છો. ફર્માવી દો ! હે

કિતાબીઓ ! તમે અલ્લાહ તઆલાના માર્ગ અને સીધા માર્ગથી શા માટે રોકો છો તેમને જેઓ ઈમાન લાવ્યા ! તમે અલ્લાહના માર્ગમાં ટેઢાપણુ અને વક્રતા પેદા કરવાના ફિરાકમાં છો જ્યારે કે તમે એના પર સાક્ષી તથા ગવાહ છો કે આ ટેઢાપણુ છે અને અલ્લાહ તઆલા તમારા અમલ તથા કિરદારથી ગાફેલ નથી.'' *(પારા : ૩, સૂરએ આલિ ઈમરાન, આયત : ૯૮)*

આ આયતોમાં પણ અહલે કિતાબ (યહૂદી, ઈસાઈ)ને કુફ્રમાં સપડાયેલા ઠરાવવામાં આવ્યા છે બલ્કે સીરાતે મુસ્તકીમ અને સીધા માર્ગેથી ગુમ કરનારા ઠરાવવામાં આવ્યા છે, અને એના સિવાય ઘણી બધી આયતો એમના કાફિર હોવા વિશે દલીલો પૂર્ણ પાડે છે. તો શું કોઈ બુદ્ધિશાળી કુફ્રને ઈસ્લામ કહી શકે છે ? (કુર્આન જેને કાફિર કહે તેને બિલીવર્સ એટલે ઈમાનવાળા કહી શકે છે ?!)

અલ્લાહ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે : ''અલ્બત્ત ! તેહકીક કે કુફ્ર કર્યુ એ લોકોએ જેમણે કહ્યું, બેશક ! અલ્લાહ જ મસીહ ઈબ્ને મરયમ છે, (જેથી) અલ્બત્ત ! કુફ્ર કર્યુ એ લોકોએ જેમણે કહ્યું કે ત્રણ (ખુદાઓ : અલ્લાહ, મરયમ તથા ઈસા)માંથી ત્રીજો છે.'' *(પારા : ૬, સૂરએ માઈદા, આયત : ૭૨)*

બીજે ઠેકાણે રબ ફર્માવે છે : ''યહૂદીઓએ દાવો કરી નાખ્યો કે ઉઝૈર (علیہ السلام) અલ્લાહના પુત્ર છે.'' *(પારા : ૧૦, સૂરએ તૌબા, આયત : ૩૦)*

જેથી સામાન્યતઃ **યહૂદી તથા ઈસાઈનું હુઝૂર ﷺના નબુવ્વતના એલાન બાદ ઈસ્લામી વર્તુળમાં દાખલ ન થવું પણ કુફ્ર છે** અને એ વધારાની બુરાઈ છે કે અલ્લાહ તઆલાની ઔલાદ તથા પત્નીઓ સાબિત કરી ! અને જેવી રીતે મુશ્રિકોએ ફરિશ્તાઓને અલ્લાહ તઆલાની પુત્રીઓ ઠરાવ્યા તે જ રીતે તેમણે પણ અલ્લાહ તઆલાના માટે પુત્રો સાબિત કરી આપ્યા જેથી એમને મુશ્રિકો તથા બુતપરસ્તોના ભાઈ માનવા જોઈએ કે મુસલમાનોના ભાઈ ?! કેમ કે મુસલમાનોનું તો ''અલ્લાહ બેનિયાઝ છે, ન તેની કોઈ ઔલાદ છે ન તે કોઈનામાંથી જન્મ્યો.'' પર સંપૂર્ણ ઈમાન છે !

કુર્આને મજીદે તો યહૂદી તથા ઈસાઈને મુશ્રિકોના ગૃપમાં ગણ્યા, જેમ કે રબનો ઈર્શાદ છે :–

**૧.** યહૂદીઓએ કહ્યું, ઉઝૈર (علیہ السلام) અલ્લાહના પુત્ર છે અને નસ્રાનીઓએ કહ્યું કે મસીહ (ઈસા علیہ السلام) અલ્લાહના પુત્ર છે. આ તેમનાં જીભનાં ગપ્પાં છે. તેઓ આ કથનોના કારણે પોતાની અગાઉના કાફિરોથી મળતાપણુ અપનાવનારા છે (જેમણે ફરિશ્તાઓને અલ્લાહની પુત્રીઓ કહ્યા) અલ્લાહ તેમને તબાહ કરે અને નેસ્તોનાબૂદ ફર્માવે, તેઓ ક્યાં ભટકતા ફરે છે ?! *(પારા : ૧૦, સૂરએ તૌબા, આયત : ૩૦)*

**૨.** ''તેમણે પોતાના પાદરીઓ જોગીઓને અલ્લાહ તઆલા સિવાય પોતાના રબ બનાવી લીધા અને ઈસા ઈબ્ને મરયમને પણ. અને તેમને નથી હુકમ આપવામાં આવ્યો પણ એક અલ્લાહની પરસ્તિશનો. નથી મઅબૂદ બરહક્ક પણ તે જ. અલ્લાહ તઆલા પાક છે એનાથી જે એ લોકો તેની સાથે શરીક ઠરાવે છે.'' *(પારા : ૧૦, સૂરએ તૌબા, આયત : ૩૦)*

**આ લખાણથી સ્પષ્ટ થઈ ગયું કે તે લોકો (યહૂદી તથા ઈસાઈ) હઝરત ઉઝૈર علیہ السلامને અલ્લાહના પુત્ર માનવાથી તથા હઝરત ઈસા علیہ السلامને અલ્લાહનો પુત્ર માનવાથી તથા પોતાના આલિમો તથા પાદરીઓને અલ્લાહ તઆલા સિવાય રબ માનવાના કારણે મુશ્રિકોથી કેવળ મળતાપણાવાળા જ નહીં બલ્કે ખૂદ તેમના વર્તુળમાં દાખલ થઈ ચૂક્યા હતા.** તો એમના હક્કમાં ''ઈમાનવાળા'' હોવાનો શબ્દ બોલવો અને તેમને મુસલમાનોના ભાઈ ઠરાવવા એ **આ કુર્આની આયતોનો ખુલ્લો તથા ઉઘાડો વિરોધ છે.** અલ્લાહ તઆલા ફર્માવે છે : ''હઝરત ઈબ્રાહીમ علیہ السلام ન યહૂદી હતા

અને ન તો ઈસાઈ હતા, પરંતુ હક્ક઼ પર જામેલા મુસલમાન હતા અને મુશ્રિકોમાંથી ન હતા.'' *(પારા : ૩, સૂરએ આલિ ઈમરાન, આયત : ૬૭)* જો યહૂદિયત તથા નસ્રાનિયત (ઈસાઈયત) અને ઈસ્લામ એક ચીજ હોત તો ઈબ્રાહીમ عليه السلام થી યહૂદિયત તથા ઈસાઈયતની નફી (નકાર) ઈસ્લામનો નકાર (ઈન્કાર) બની જાત કે જે સરાસર વિરોધાભાસી છે.

એ જ પ્રમાણે મુસ્લિમ હોવાની સાબિતી યહૂદિયત તથા ઈસાઈયતની સાબિતી બની જાત અને આ બાજુ એનો નકાર પણ સ્પષ્ટપણે કરી આપવામાં આવેલ છે જેથી એ પણ વિરોધાભાસી તથા ટકરાવવાળુ બની જશે ! જ્યારે **કુર્આન શરીફ ટકરાવ તથા વિરોધાભાસથી પાક છે.** તેમજ એ પણ ફર્માવવું કે ઈબ્રાહીમ عليه السلام મુશ્રિકોમાંથી ન હતા, યહૂદી તથા ઈસાઈ પર સ્પષ્ટ વાંધો છે કે મુશ્રિકોમાંથી છે, અને અલ્લાહ તઆલા શરીકથી પાક તથા પવિત્ર છે. જેથી **જ્યારે કુર્આન મજીદે તેમને મુશ્રિકોના ગિરોહમાં દાખલ કર્યા તો કયો મુસલમાન બલ્કે કયો બુદ્ધિવાન માણસ હશે તે જે તેમને ઈમાનવાળાઓના ગિરોહમાં દાખલ કરશે ?!**

અહલે કિતાબ યહૂદી તથા ઈસાઈને દોસ્ત બનાવવો હરામ તથા મના છે. રબ તઆલા ફર્માવે છે : ''હે ઈમાનવાળાઓ ! યહૂદી તથા ઈસાઈને દોસ્ત ન બનાવો ! એમનામાંથી અમુક અમુકના દોસ્ત છે. અને જે શખ્સ તમારામાંથી એમને દોસ્ત બનાવશે તો તે પણ તેમનામાંથી થશે એટલે યહૂદી કે ઈસાઈ થશે. બેશક ! અલ્લાહ તઆલા જાલિમ કૌમને સીધો માર્ગ નથી દેખાડતો, ન નિયત મંઝિલ સુધી પહોંચાડે છે.'' *(પારા : ૫, સૂરએ માઈદા, આયત : ૫૧)*

જ્યારે કુર્આનની રૂએ યહૂદી તથા ઈસાઈને દોસ્ત બનાવવા હરામ તથા મના છે અને એમાં જાતે પોતે યહૂદી તથા નસારા બનવા જેમ છે તો એમને ભાઈ બનાવવાનો હુકમ પણ યક઼ીનન ! એ જ થશે. કયો બુદ્ધિવાન માણસ હશે જે કહેશે કે ભાઈ બનાવવા તો જાઈઝ છે પણ દોસ્ત બનાવવા જાઈઝ નથી ! શું ઈસ્લામી બિરાદરીમાંથી નીકળીને યહૂદી તથા ઈસાઈ બિરાદરીમાં દાખલ થવું માન્ય છે ?

સારાંશ કે યહૂદી તથા નસારાને બિનશર્તી રીતે અને ખાસ કરીને ઉઝૈર (عليه السلام) ખુદાના પુત્ર તથા ઈસા (عليه السلام)ને ખુદાના પુત્ર અને પાદરીઓ તથા જોગીઓને ખુદા માનવાવાળાઓને ભાઈ માનવા કુર્આન મજીદ તથા રસૂલેપાક عليه السلامની હદીષોની સરાસર વિરુદ્ધ છે અને કુર્આની આયતોના ઈન્કાર સમાન છે અને **એવા અક઼ીદા ધરાવનારો ઈસ્લામના વર્તુળથી ખારિજ (બહાર) છે તેને તૌબા, તજદીદે ઈમાન તથા ઈસ્લામ, તજદીદે નિકાહ (તૌબા કરવું કલ્મો પઢવું નિકાહ દોહરાવવું) લાઝિમ તથા જરૂરી છે.** નહીં તો તેની સાથે સંબંધ કટ કરવું લાઝિમ તથા જરૂરી છે. **જ્યારે ખૂદ તેમણે (પ્રો તાહિર સાહબે) જ ક઼બૂલ કર્યું કે હઝરત ઈસા عليه السلامની નબુવ્વતને નકારનારો કાફિર છે, તો પછી નબીઓના નબી હુઝૂર عليه الصلوٰة والسلامની નબુવ્વતના મુન્કિરના (ન માનનારાના)) કાફિર હોવામાં ખચકાટ શાથી ? અને તેને (ઈમાનવાળા) ભાઈ બનાવવાનું તથા સમજવાનું કઈ રીતે જાઈઝ થશે ?!**

**લખનાર** : (મુફ્તી) અબુલ હસનાત મુહમ્મદ અશરફ સિયાલવી ગુફિરલહૂ–સરગોધા (પાક.) *(પ્રકાશક : બાબે ઈસ્લામ, ગોજરા, લાહોર, પાકિસ્તાન)*

હે પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! તમારા સમક્ષ કુર્આન હદીષની રૂએ સર્વ વાતો રજૂ કરી દેવામાં આવી, જો ખરેખર તમો કુર્આન હદીષ પર ઈમાન ધરાવો છો તો હક્ક઼નો સ્વીકાર કરી ગુમરાહીથી બચશો. તૌફીક઼ તો ફક્ત અલ્લાહ જ આપનાર છે.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

وَقَالَتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ اٰمِنُوْا بِالَّذِيْٓ اُنْزِلَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَجْهَ النَّهَارِ وَاكْفُرُوْٓا اٰخِرَهٗ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٧٢﴾ وَلَا تُؤْمِنُوْٓا اِلَّا لِمَنْ تَبِعَ دِيْنَكُمْ ۗ قُلْ اِنَّ الْهُدٰى هُدَى اللّٰهِ ۙ اَنْ يُّؤْتٰٓى اَحَدٌ مِّثْلَ مَآ اُوْتِيْتُمْ اَوْ يُحَآجُّوْكُمْ عِنْدَ رَبِّكُمْ ۗ قُلْ اِنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ ۚ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ۗ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿٧٣﴾

### ત.....ર્જુ.....મો.....

કહ્યું એક ગિરોહે[૭૮] અહલે કિતાબને કે ઈમાન લઈ આવો એ (કિતાબ) પર જે ઉતારવામાં આવી ઈમાનવાળાઓ પર સવારના સમયે, અને ઈન્કાર કરી આપો તેનો સૂર્યાસ્ત વખતે, કદાચ (આ રીતે) તેઓ (ઈસ્લામથી) ફરી થઈ જાય. (એકબીજાને તાકીદ કરે છે)[૭૯] કે ન માનો કોઈની વાત એ લોકો સિવાય જેઓ પયરવી કરે છે તમારા દીનની. ફર્માવો ! હિદાયત તો તે જ છે જે અલ્લાહની હિદાયત હોય (અને એ પણ ન માનવું કે) આપવામાં આવી શકે છે કોઈને જેમ કે તમને આપવામાં આવ્યું, અથવા કોઈ હુજ્જત આપો કે ફઝલ (તથા કરમ) તો અલ્લાહના જ હાથમાં છે, આપે છે જેને ચાહે છે[૮૦] અને અલ્લાહ તઆલા વિશાળતાવાળો સર્વ કાંઈ જાણનાર છે, ખાસ કરી લે છે પોતાની રહમતની સાથે જેને ચાહે છે અને અલ્લાહ તઆલા મહાન ફઝ્લવાળો છે.

### તફસીર.........

૭૮. દલીલોના ક્ષેત્રમાં હાર ખાધા પછી યહૂદીઓના ધાર્મિક વડાઓએ લોકોને દીને હક્કથી ફેરવવા માટે એક ગહરી સાઝિશ (ષડયંત્ર) થકી કામ લેવું ચાહ્યું. તેમણે વિચાર્યું કે અન્ય કોઈ તદબીર સફળ નથી થતી તો હવે એવું કરીએ કે આપણા ખાસ ચેલાઓને મુસલમાનો પાસે મોકલીએ, તેઓ ત્યાં જઈને પોતાના મુસલમાન હોવાનું એલાન કરી આપે, અમુક સમય પસાર થયા બાદ તેઓ મુર્તદ થઈ (ઈસ્લામથી ફરી) જાય અને તેની ખૂબ ચર્ચા કરે કે ઈસ્લામ સ્વીકાર્યા બાદ અમને ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામને નજીકથી જોવાનો મોકો મળ્યો છે અને એમના એવા અયબો તથા ખામીઓ અમારા પર જાહેર થઈ કે અમે એ ધર્મને ત્યજી દેવા મજબૂર થઈ ગયા જેને અમે થોડાક અરસા પહેલાં ઉત્સાહભેર ઘણી મહોબ્બતથી કબૂલ કર્યો હતો. એની અસર એ પડશે કે જે લોકો આજે ધડાધડ ઈસ્લામમાં દાખલ થઈ રહ્યા છે તેઓ ખચકાટ અનુભવશે અને તેઓ એકવાર ફરી એવું વિચારવા માંડશે કે જે દીનને એના માનવાવાળા એક પછી એક છોડી રહ્યા છે તે સાચો દીન નથી ! યહૂદીઓનું આ ષડયંત્ર ઘણુ જ ખતરનાક હતું, માનસિક રીતે એનુ ઘણુ બુરુ પરિણામ નીકળત. પરંતુ દાના વ બીના ખુદાએ તેમના આ ધોકાને અગાઉથી જ જાહેર કરીને મુસલમાનોને સાવધાન કરી આપ્યા, અને આ રીતે યહૂદીઓની આ ગહરી ચાલ નિષ્ફળ થઈને રહી ગઈ.

૭૯. મુફસ્સિરીને કિરામે આ આયતને મુશ્કેલતરીન આયતમાં ગણી છે, અને એમાં જે

વિવિધ વાક્યો છે એના આપસમાં સંબંધ પર ઘણી લાંબી ચર્ચા કરી છે. પરંતુ ખુદા રહમ ફર્માવે ઈમામ અબૂ અબ્દુલ્લાહ કુર્તબી પર જેમણે આ આયતને તદ્દન આસાન કરી આપી છે. ફર્માવે છે : આ આયતમાં قل ان الهدى هدى الله નું વાક્ય વાંધાસૂચક છે અને અન્ય સર્વ વાકયોનો સંબંધ لا تومنوا થી છે. આ સ્થિતિમાં એનો ભાવાર્થ આ મુજબ થશે :–

المعنى ولا تؤمنوا الا لمن تبع دينكم ولا تؤمنوا ان يوتى احد مثل ما او تيتم ولا تصد قوا ان يحاجوكم

યહૂદી રઈસો પોતાના તે ચેલાઓને જેઓને તેમણે આ સાઝિશના માટે તૈયાર કર્યા હતા તેમને આ ત્રણ વાતો ઘણી જ મહારત સાથે દિમાગમાં બેસાડતા હતા, પ્રથમ વાત : તો એ હતી કે પોતાના દીનના માનવાવાળાઓના વિના કોઈની વાત ન માનશો. બીજુ એ યકીન કરવું કે જે ખુદાવંદી ઈનામો વડે તમને સરફરાઝ કરવામાં (નવાઝવામાં) આવ્યાં છે તે અન્ય કોઈ કૌમને આપવામાં નથી આવ્યાં. ત્રીજુ એ કે તદ્દન સંતુષ્ઠ રહો કે કયામતના દિવસે પણ તમારા પર કોઈ દલીલ રચીને તમને શર્મિંદા નહીં કરી શકે. આ વાતો એમના દિમાગમાં બેસાડયા બાદ તેમને આ ખતરનાક સાઝિશને પરિપૂર્ણ કરવાનો મહત્વનો ફરીઝો સોંપવામાં આવતો. માનસ શાસ્ત્રના (સાઈકોલોજી)ના નિષ્ણાતોની ઈલ્મી વિશાળતાને દાદ આપ્યા વિના નથી રહી શકતા, યહૂદીઓને એ અંદેશો હતો, અને એ નિરર્થક ન હતો કે ક્યાંક એવું ન બને કે એઓ પણ તેમની પાસે જઈને તેમના થઈને રહી જાય ! જેવો કે એમને ઘણી વેળાનો એવો અનુભવ હતો. અને અન્યોને ઈસ્લામથી ફેરવવા જવામાં ક્યાંક આપણા જ માણસોથી હાથ ન ધોવા પડે ! આ અંદેશાને લક્ષમાં લેતાં તેમણે ઘણી સુઝબુઝથી કામ લીધું અને તેમના દિલો દિમાગને એવા સમારવાની કોશિશ કરી કે જેના પછી આ પ્રકારના ખતરાઓની શક્યતાનો અવકાશ જ ખત્મ થઈ જાય છે. પ્રથમ તેમના મઝહબી પૂર્વગ્રહને જાગૃત કર્યો અને તેમને આ ન માનો માનોનો સબક ખૂબ રટાવ્યો, ત્યારબાદ જાતિભેદ તથા વંશિક ઉચ્ચતાના એહસાસને ઉત્તેજીત કરવામાં આવ્યો કે ખુદાની સર્વ મખ્લૂકમાં તમો જ તેના લાડલા તથા પ્યારા છો, જે ઈનામો તમને અર્પણ કરવામાં આવ્યાં તે કોઈ અન્ય કૌમને મયસ્સર નથી થયાં. એટલા માટે જયારે તમે તમામ વિશ્વની કૌમોથી અફઝલ તથા ઉચ્ચ છો તો તમે શા માટે કોઈ અન્ય કૌમની દા'વત સ્વીકારો ?! કે જે તમારાથી ઉતરતી કક્ષાની છે. હજી પણ એક પાસુ બાકી હતું જેના તરફથી તેમની હઠધર્મી તથા પૂર્વગ્રહમાં ભંગાણ થઈ શકતુ હતું, અને તે કયામતના દિવસની પૂછતાછનો ડર. તેને એવું કહીને મેહફૂઝ કરી આપ્યું કે યકીન જાણો ! કયામતના દિવસે પણ તમો જ ખુશી મજામાં હશો અને કોઈ એવી વાત નથી જેના કારણે તમારે કયામતના દિવસે શર્મિંદા થવું પડે. આ રીતે એમને દિમાગી તથા રૂહાની તૌર પર પણ ઈસ્લામની વિરુદ્ધ આ ધૃણાસ્પદ જુર્મમાં પડવા માટે ઉત્તેજીત કરી આપ્યા. અલ્લામા કુર્તબીની આ તફસીર બાદ આયતનો ભાવાર્થ એટલો સ્પષ્ટ છે કે એના પર અધિક તાવીલોની જરૂરત જ મેહસૂસ નથી થતી.

૮૦. નબુવ્વત કોઈની અંગત જાગીર નથી બલ્કે એ અલ્લાહ તઆલાનો ફઝલ છે. તે હકીમ તથા અલીમ (હિકમતવાળો તથા ઈલ્મવાળો) જેને આ અમાનતના બોજને ઉઠાવવાના પાત્ર જુએ છે તેને એના વડે નવાઝે છે. એનાથી યહૂદીઓના એ દાવાને રદિયો મળે છે કે નબુવ્વત એ ઈસ્હાક علیہ السلام ની ઔલાદનો વારસો છે, બની ઈસ્માઈલમાંથી કોઈ નબી નથી થઈ શકતું.


**★ પેટ્રન ગ્રાહક થયા ! ★**

**જનાબ અસ્ગરઅલી આઈ. કાદરી (કિલ્લાપારડી)** રૂા. ૧૮૦૦/– ભરી પેટ્રન ગ્રાહક થયા છે. (જઝાકલ્લાહ !)

તમો પણ **રૂા. ૧૮૦૦/– ભરી પેટ્રન** તથા **રૂા. ૪૦૦૦/– ભરી આજીવન** 'બરકાતે ખ્વાજા' (માસિક)ના સભ્યો બનો અને આ દીની કામમાં સહકાર કરો. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ :** હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે નબી ﷺ એ ફર્માવ્યું, તે આલિમે દીન ઘણો જ સારો છે કે જે તેની જરૂરત પડે તો લાભ પહોંચાડે અને તેનાથી બેપરવાહી હોય તો પોતાને બેપરવા રાખે[1]. (રઝીન) હઝરત અકરમા رضی اللہ عنہ થી[2] રિવાયત છે કે હઝરત અકરમાથી[3] હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે, લોકોને અઠવાડિયામાં એકવાર વઅઝ સંભળાવો, જો ન માનો તો બે વાર, અને જો બહુ કરો તો ત્રણવાર. આ કુર્આનથી લોકોને ઉકતાવી ન દો[4]. (અકળામણ ન લાવી દો) હું તમને એવા હરગિઝ ન જોઉં કે તમે કોઈ કૌમ પર પહોંચો જે પોતાની કોઈ વાતમાં મશગૂલ હોય અને વઅઝ શરૂ કરી દઈને તેમની વાત કાપી નાખો, કેમ કે તમે તેમને અકળાવી દેશો. બલ્કે ખામોશ રહો, જ્યારે તેઓ પોતે અર્ઝ કરે તો તેમને હદીષ સંભળાવો કે તેઓ શોખ ધરાવતા હોય[5]. અને ખયાલ રાખશો કે દુઆમાં કાફિયાદાર ઈબારત (વાક્યો)થી બચજો. મેં રસૂલુલ્લાહ ﷺ તથા સહાબાએ કિરામને એવું કરતા નથી જોયા[6].


### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** ન ઘમંડી બને અને મોહતાજ લોકોની જરૂરત પર દિલો જાનથી હાજર થઈ જાય. અને જ્યારે લોકો એને ન ઈચ્છે તેમના પર ન પડે, અમીર ગરીબના દરવાજા પર બેહતર પણ ગરીબ અમીરના દરવાજા પર બુરો. મિર્કાતમાં છે કે, **આલિમે બાઅમલનો ચર્ચો ફરિશ્તાઓમાં થાય છે**, ફરિશ્તા તેને "અઝીમ" કહે છે એટલે મહાન માનવ. યાદ રાખશો કે જે આલિમમાં ત્રણ વાતો ભેગી થાય તે જમાનાનો સરદાર થશે : કામિલ ઈલ્મે દીન, કનાઅત (થોડામાં રાજી), ઈસ્તિગફાર તથા નેક અમલો.

**૨.** આપનું નામ ઈકરમા, કુન્નિયત : અબૂ અબ્દુલ્લાહ, બરબરના રહેવાસી છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના આઝાદ કરેલા ગુલામ છે. મક્કા મુકર્રમાના શ્રેષ્ઠ ફકીહ તાબઈ છે. ૮૦ વરસની વયે આપનો વિસાલ હિ.સ. ૧૦૭માં થયો. નોંધ : ઈકરમા ઈબ્ને અબૂ જહલ અલગ છે. જ્યાં અમસ્તુ ઈકરમા આવે છે ત્યાં આપ જ મુરાદ હોય છે.

**૩.** એટલે કે દરરોજ વઅઝ ન સંભળાવો, અઠવાડિયામાં એકવાર કે બે વાર સંભળાવો. તેમજ એટલીવાર વઅઝ ન કહો કે લોકો આંચી જાય, બલ્કે તેમનો શોખ તથા ઉત્સાહ બાકી રહે તે પહેલાં સમાપ્ત કરી દો. સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા ટ્રેનિંગ છે ! એ હઝરાતની મજલિસો જાણે સામાન્ય સ્કૂલ પણ હતી જેમાં શીખવાનું શીખવાડવાનું સર્વ બતાવવામાં આવતુ હતુ. આના પરથી વિના જરૂરત "ચાર ચાર કલાક !" વઅઝ કરનારાઓ બોધ ગ્રહણ કરે. યાદ રાખશો કે આ આદેશ ત્યાંના માટે છે જ્યાં લોકો આંચી જતા હોય, પરંતુ જો શોખ ધરાવનારા છે તો ન રોજ વઅઝ કરવી બુરી છે ન મોડે સુધી વાંધો છે. મદ્રસાઓમાં તા'લીમે કુર્આનના દર્સ દરરોજ થાય છે. હુઝૂર ﷺ એ એકવાર ફજરથી મગરિબ સુધી વઅઝ કર્યો. આલિમે જોઈએ કે લોકોના શોખનો અંદાઝો લગાડે.

**૪.** આ બીજી નસીહત છે જેના પર વાઈઝે અમલ કરતા રહેવું જોઈએ કે જ્યાં વાતચીત કે કાર્યમાં મશગૂલ હોય તો તેમની વાતચીત તથા કામને બંધ ન કરી દો, વઅઝ શરૂ ન કરી દો, કેમ કે એ સંજોગોમાં ભલે તેઓ કાંઈ ન કહે પણ દિલમાં તકલીફ અનુભવશે, તેમજ એમાં વધુ પેજ નં. ૨૫....પર



# શિફા શરીફ

મૂળ લેખક : ફક઼ીહ ક઼ાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ
ગુજરાતી અનુવાદક : મર્હૂમ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨

## પ્રકરણ : ૪

આ પ્રકરણમાં સરવરે કોનો મકાં ﷺના તે મો'જિઝાનું બયાન થશે જે આપના મુબારક હાથથી પ્રગટ થયા હતા. અને તેની મહાન વિશિષ્ટતાઓ અને મહાન નિશાનીઓનું બયાન કરવામાં આવશે જેના સાથે અલ્લાહ ﷻએ આપને ખાસ કરીને નવાજ્યા છે.

ક઼ાઝી અબુલ ફઝલ અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે વાંચકે એ વાત નજર સમક્ષ રાખવી જોઈએ કે અમે આ કિતાબ તે શખ્સ માટે એકઠી કરી નથી કે જે સરવરે આલમ ﷺની નબુવ્વતનો ઈન્કાર કરનાર છે અથવા આપના મો'જિઝા પર આલોચના કરતો હોય, જેથી અમારે કોઈ જરૂરિયાત નથી કે (અમે આ રજૂ કરેલા મો'જિઝાઓ) પર દલીલ ક઼ાયમ કરીને મુન્કિરોના વાંધાઓ હટાવવાની કોશિશ કરીએ. એ જ પ્રમાણે મો'જિઝાઓ અને પડકારોની શરતો બયાન કરવાની જરૂરત પણ નથી. અને ન અમારે શરીઅતના મન્સૂખ કરેલાને બાતિલ બતાવનારના ગલત ખયાલો પ્રતિ ધ્યાન કરવાની જરૂરત. આ કિતાબ અમે કેવળ તે લોકો માટે લખી છે જે દિલો જાનથી મુહમ્મદ રસૂલ ﷺના દીન પર છે. આપની મિલ્લત (અહલે સુન્નત વ જમાઅતના સમૂહ)માં છે, આપની પયરવી કરે છે અને આપની નબુવ્વતનો પૂરી રીતે સ્વીકાર કરે છે. (વહાબીઓની જેમ નહીં કે આ બાજુ નબુવ્વત અને રિસાલતનો ઈકરાર અને બીજી તરફ તૌહીન અને અપમાન પર કટિબદ્ધ) જેથી આ કિતાબ દ્વારા તે હઝરતોની મહોબ્બત (કેમ કે નબીની મહોબ્બત જ તો જિંદગીની મૂડી અને ઈમાનની જાન છે)માં વધારો થાય, ભરપૂર તૌફીક઼ નસીબ થાય અને ઈમાન અને આમાલમાં વધુ અને વધુ નિરંતર વૃદ્ધિ થવા લાગે.

"અને અમારી નિય્યત એ છે કે આ પ્રકરણમાં આપના મહાન મો'જિઝાઓ અને મશહૂર નિશાનીઓ બયાન કરી છે જેથી અમે દલીલોના સાથે એ જોઈ શકીએ કે બારગાહે ખુદાવંદીમાં આપની કયા દરજ્જે ઈજ્જત છે અને અમે તે જ વસ્તુઓ રજૂ કરી છે જે સંશોધન સાથે સહીહ સનદોવાળી છે. તેમાંથી મોટાભાગની ક઼તઈ અથવા એની નિકટ છે તેમજ એ પણ જે ઈમામોની પ્રખ્યાત કિતાબોમાં વર્ણન થયેલ છે." *(પેજ : ૩૦૬)*

અને જ્યારે એક ન્યાયપ્રિય વ્યક્તિ તે કૃત્યોમાં ચિંતન મનન કરશે, જેનું અમે પહેલાં ઝિક્ર કરી આવ્યા છીએ, એટલે આપના આસારે જમીલા (ખૂબસૂરત અવશેષો) સીરતે હમીદા (ઉત્તમ ગુણો) ઈલ્મી કૈફિય્યત (ઈલ્મમાં શ્રેષ્ઠતા) તેજસ્વી બુદ્ધિ, સહનશીલતા, કમાલાત (વિશિષ્ટતાઓ)ના સમૂહ, જમીઅ ખસાઈલ (સમસ્ત ખૂબીઓ), અહેવાલોની સાક્ષી અને વાર્તાલાપની પ્રમાણિક્તાને જોશે તો તેને આપની નબુવ્વતની દુરુસ્તી અને દા'વતની સચ્ચાઈમાં કોઈ પ્રકારની શંકાકુશંકા રહેશે નહીં અને આ વાત કેટલાય લોકોના ઈસ્લામ અને ઈમાનનો સબબ બની.

ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમે ઈમામ તિર્મિઝી અને ઈબ્ને કાનેઅ વગેરે رحمۃ اللہ علیہما થી તેમની સનદોના સાથે રિવાયત કરી છે કે અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ ફર્માવે છે, જ્યારે રસૂલુલ્લાહ ﷺએ મદીના મુનવ્વરાને પોતાના ક઼દમોની બરકતની જરૂરિયાતથી નવાઝ્યા તો હું પણ આપને જોવાના માટે બારગાહે રિસાલતમાં હાજર થયો. જ્યારે મેં જમાલે જહાંઆરાને જોયો તો યક઼ીન થઈ ગયું કે આ

જૂઠા આદમીનું મોં નથી ! (સુબ્હાનલ્લાહ !)

કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમારાથી કાઝી શહીદ અબૂ અલી رحمۃ اللہ علیہએ પોતાની સનદના સાથે હઝરત અલી રમષા તમીમી رحمۃ اللہ علیہથી રિવાયત કરી છે કે હું બારગાહે રિસાલતમાં હાજર થયો અને મારો ભત્રીજો મારી સાથે હતો, જેથી તેને પણ દેખાડું. જ્યારે હું દૌલતે દીદારે મુસ્તફા ﷺથી માલામાલ થઈ ગયો તો વગર વિચાર્યે તરત જ જબાન પર આ આવ્યું કે આ તો અલ્લાહ તઆલાના નબી છે. (સુબ્હાનલ્લાહ !)

ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ રિવાયત કરી છે કે જ્યારે દિમાદ પ્રતિનિધિ મંડળને લઈને બારગાહે રિસાલતમાં હાજર થયા તો ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું :–

"તમામ તારીફ અલ્લાહના માટે અમે તેની હમ્દ બયાન કરીએ છીએ, તેનાથી મદદ માગીએ છીએ. જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ ગુમરાહ કરવાવાળો નથી. જેને તે ગુમરાહ રાખે, તેને હિદાયત આપવાવાળો કોઈ નથી. હું સાક્ષી આપું છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે. તેનો કોઈ ભાગીદાર નથી, બેશક ! મુહમ્મદ તેના બંદા અને રસૂલ છે." *(પેજ : ૨૦૭, ૨૦૮)*

આ સાંભળીને દિમાદ કહેવા લાગ્યા કે આપ તે શબ્દોને વારંવાર દોહરાવતા રહો. કેમ કે આ તો દિલની ઊંડાઈમાં સમાઈ જાય છે. અને અરજ કરી કે પોતાનો મુબારક હાથ આગળ વધારો કે હું બયઅત કરી લઉં. (એટલે આપના હાથે વેચાઈ જાઉં !)

જામેઅ બિન શદાદે કહ્યું કે અમારામાં તારિક઼ નામનો એક શખ્સ હતો. તેણે બતાવ્યું છે કે મદીના મુનવ્વરામાં રસૂલ ﷺને જોયા (આપ અમારા પાસે પધાર્યા)ને ફર્માવ્યું, શું તમારા પાસે વેચવાવાળી કોઈ ચીજ છે ? અમે જવાબ આપ્યો, હા ! આ ઊંટ વેચવાનું છે. પૂછપરછ કરી કે શું કિંમત માગો છો ? અમે જવાબ આપ્યો કે આટલી વસક઼ ખજૂરો. આપે ઊંટ લઈ લીધું અને મદીના મુનવ્વરા તરફ ચાલવા લાગ્યા. (આપના ગયા પછી અમે અંદરો અંદર કહેવા લાગ્યા કે) આપણે એવા આદમીના હાથ ઉપર ઊંટ વેચી દીધું, જેને આપણે જાણતા જ નથી ! (તેઓ કહે છે કે) એક સ્ત્રી અમારા સાથે પ્રવાસ કરી રહી હતી. તે ઊંટની અંબાડી પરથી બોલી તમારાં ઊંટની કિંમત અપાવવાની જામનગીરી હું આપું છું ! મેં તો ઊંટ ખરીદનારના ખૂબસૂરત ચેહરાને જોયો છે, તેમનો ચેહરો ચૌદહવીં રાતના ચાંદના જેમ ચમકતો છે, તે તમારા સાથે દગો કરશે નહીં. બીજા દિવસે એક શખ્સ વહેલી સવારે ખજૂરો લઈને અમારા પાસે આવ્યો અને કહેવા લાગ્યો, મને રસૂલુલ્લાહ ﷺએ મોકલ્યો છે. આપે ફર્માવ્યું કે આ ખજૂરો ખાઈને જુઓ અને જેટલો તમારો હક્ક઼ છે તે વજન કરી લઈ લો ! પછી અમે ખજૂરો તોલી લીધી.

અમ્માનના બાદશાહ જલન્દીના વિશે ખબર છે કે જ્યારે તેને જાણવા મળ્યું કે રસૂલ ﷺ તેને ઈસ્લામની દા'વત આપી રહ્યા છે. ત્યારે તેણે કહ્યું કે, ખુદાની ક઼સમ ! મને આ ઉમ્મી નબી ﷺની સચ્ચાઈ બાબતે એ વાતે માર્ગદર્શન આપ્યું કે જ્યારે તેઓ કોઈને ભલાઈનો હુકમ આપે છે તો સૌથી પ્રથમ તેઓ જાતે તે કામ કરે છે. અને જ્યારે કોઈ ચીજથી રોકે છે તો સૌ પ્રથમ આપ તેને છોડી દે છે. જ્યારે વિજયી થાય છે તો ઘમંડ કરતા નથી અને હારી જાય છે તો ગભરાતા નથી. વચન પાલન કરે છે અને વાયદો નિભાવે છે, જેથી હું સાક્ષી આપું છું કે તેઓ સાચા નબી છે. નફતૂયહે આયતે કરીમા يَكَادُ زَيْتُهَا يُضِيءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ *(સૂરએ નૂર, આયત : ૩૫)*ના હેઠળ ફર્માવ્યું છે કે આ એક દષ્ટાંત છે જે અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺના વિશે બયાન ફર્માવ્યું છે. તેઓ ફર્માવે છે કે જમાલે મુસ્તફા ખૂદ આપના સાચા નબી હોવા પર દલીલ કરે છે. ભલે કુર્આન કરીમ ન પણ બતાવે. જેથી ઈબ્ને રવાહાએ ફર્માવ્યું છે : હવે સમય આવી ગયો છે કે આપણે ફખ્રે દો આલમ ﷺની નબુવ્વત, વહી અને રિસાલતનો ઝિક્ર કરીએ, અને તેના પછી કુર્આનના મો'જિઝાઓની વાત કરીએ અને તેની દલીલો કરીએ.

# હદાઈકે બખ્શિશ

અઝ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા

મૌલાના સાદિક સાબરી દહેગામી

**અય શાફએ ઉમમ શહે ઝી જાહ લે ખબર**
**લિલ્લાહ લે ખબર મેરી લિલ્લાહ લે ખબર**

*(શાફએ ઉમમ = ઉમ્મતોની શફાઅત કરનાર, શહે ઝી જાહ = ઊંચા મર્તબાવાળા બાદશાહ, લિલ્લાહ = અલ્લાહના વાસ્તે)*

**અર્થ :** હે ઉમ્મતીઓની શફાઅત ફર્માવનાર ઊંચી શાનવાળા આકા ﷺ ! મારી ખબર લો ! ખુદાના વાસ્તે મારી ખબર લો !

**દરયા કા જોશ નાવ ન બેળા ન નાખુદા**
**મૈં ડૂબા, તૂ કહાં હૈ મેરે શાહ લે ખબર**

*(નાવ = હોડી, બેળા = હોડીઓની લાઈન, નાખુદા = હોડી હાંકનાર)*

**અર્થ :** દરિયો જોશ પર છે તેને પાર કરવા માટે ન હોડી છે, ન બેડો છે, ન હોડી ચલાવનાર, હું ડૂબી રહ્યો છું આપ ક્યાં છો ?! મારા મદીનાવાળા શહનશાહ મારી ખબર લો !

**મંઝિલ કળી હૈ રાત અંધેરી મૈં ના બલદ**
**અય ખિઝર લે ખબર મેરી અય માહ લે ખબર**

*(મંઝિલ = સફર, કળી = મુશ્કિલ, નાબલદ = અજાણ, ખિઝર = રહબર, માહ = ચાંદ)*

**અર્થ :** મારો સફર ઘણો ખતરનાક છે, રાત અંધારી છે અને હું રસ્તાથી અજાણ છું. હે ભટકેલાઓને રાહ દેખાડનાર ! મારી ખબર લો ! હે અરબના ચાંદ ! આપ મારી ખબર લો ! જેથી અંધારુ દૂર થઈ જાય અને મને મારી મંઝિલ મળી જાય.

**પહોંચે પહોંચનેવાલે તો મંઝિલ મગર શહા**
**ઉનકી જો થક કે બૈઠે સરે રાહ ખબર લે**

*(શહા = બાદશાહ, સરે રાહ = રસ્તાની વચ્ચે)*

**અર્થ :** હે મારા આકા ! علیہ الصلوۃ والسلام અલ્લાહના નેક બંદા તો પોતાની મંઝિલ પર પહોંચી ગયા, પરંતુ જે ગુનહગારો થાકીને રસ્તા પર બેસી ગયા છે, જેમને મંઝિલ મળવી મુશ્કેલ છે, તેવા ગુલામોની શાહે મદીના ખબર લો !

**જંગલ દરિન્દોં કા હૈ મૈં બેયાર શબ કરીબ**
**ઘૈરે હૈં સિમ્ત સે બદ ખ્વાહ લે ખબર**

*(દરિન્દોં = ફાડી ખાનાર જાનવરો, બેયાર = વગર સાથીનો, શબ કરીબ = રાત નિકટ, ચાર સિમ્ત = ચારેવ બાજુ, બદ્ખ્વાહ = બુરુ ઈચ્છનાર, દુશ્મન)*

**અર્થ :** હે મારા સરકાર ! علیہ الصلوۃ والسلام જે રસ્તે હું જઈ રહ્યો છું તેમાં જંગલ ખતરનાક જાનવરોથી ભરેલું છે અને રાત આવવાની તૈયારી છે, ચારેવ બાજુથી દુશ્મનોએ ઘેરી લીધો છે, કોઈ મારો યાર મદદગાર નથી, આપ મારી ખબર લો !

**મંઝિલ નઈ અઝીઝ જુદા લોગ ના શનાસ**
**ટૂટા હૈ કોહે ગમ મૈં પરે કાહ લે ખબર**

*(મંઝિલ નઈ = રસ્તો નવો છે, અઝીઝ જુદા = સગાઓ જુદા થઈ ગયા, લોગ નાશનાસ = લોકો અજાણ છે, કોહે ગમ = દુ:ખનો પહાડ, પરેકાહ = મામૂલી)*

**અર્થ :** મૌતની ઘડીની હાલત દર્શાવતાં આ'લા હઝરત رضی اللہ عنہ હુઝૂર ﷺની બારગાહમાં ફરિયાદ કરે છે, આકા ! દુનિયા છૂટી અને નવી દુનિયામાં જઈ રહ્યો છું. સગા સંબંધીઓ જુદા થઈ ગયા અને અજાણ ફરિશ્તાઓ જોવા મળે છે, મારી ઉપર ગમનું પહાડ તૂટયું છે અને હું એક કમજોર માણસ છું, આપ મારી ખબર લો !

**વો સખ્તિયાં સુવાલ કી વો સૂરતેં મુહીબ**
**અય ગમઝદોં કે હાલ સે આગાહ લે ખબર**

*(સખ્તિયાં = મુશ્કિલો, સુવાલ = કબ્રસ્તાનવાલો, સૂરતેં = શક્લો, મુહીબ = ભયાનક, ગમઝદોં = દુઃખીઓ, આગાહ =ખબર રાખનાર)*

**અર્થ** : કબ્રની હાલત બયાન કરતાં આ'લા હઝરત رضی اللہ عنہ અર્ઝ કરે છે કે સવાલોની મુશ્કેલીઓ, મુન્કર નકીરની ડરાવની સૂરતો, કબ્રમાં હું ગભરાઈ રહ્યો છું, દુઃખીઓની હાલતથી વાકેફ મારા આકા ! મારી ખબર લો !

**મુજરિમ કો બારગાહે અદાલતમેં લાએ હૈં**
**તક્તા હૈ બેકસી મેં તેરી રાહ લે ખબર**

*(મુજરિમ = ગુનહગાર, બારગાહે અદાલત =ઈન્સાફની જગ્યા, તક્તા હૈ = જુએ છે, બેકસી= પરેશાની, રાહ= રસ્તો)*

**અર્થ** : હે મારા આકા ! علیہ الصلوٰۃ والسلام ફરિશ્તાઓ મને અદાલતમાં લઈ આવ્યા છે, હું પરેશાનીની ઘડીએ આપનો રસ્તો જોઈ રહ્યો છું, આપ જલ્દીથી આવી મારી ખબર લો !

**એહલે અમલ કો ઉનકે અમલ કામ આએંગે**
**મેરા હૈ કૌન તેરે સિવા આહ ! લે ખબર**

*(એહલે અમલ = અમલાવાળા, આહ = દુઃખ વખતે નીકળતું સ્વર)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم નેક લોકોને તો તેમની નેકીઓ કામ લાગશે, મારી પાસે આપના સહારા સિવાય કશું જ નથી. આપ જલ્દીથી મારી ખબર લો ! હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે, ''મારી શફાઅત મારી ઉમ્મતના મોટા ગુનેહગારો માટે છે.'' *(અલ્ હદીષ)*

**પુરખાર રાહ બરહના પા તિશ્ના આબ દૂર**
**મૌલા પળી હૈ આફતે જાનિકાહ લે ખબર**

*(પુરખાર રાહ = કાંટાથી ભરેલ રસ્તો, બરહના પા = ખુલ્લા પગ, આફતે જાનિકાહ = જીવલેણ આફત, તિશ્ના = પ્યાસો, આબ = પાણી)*

**અર્થ** : હે મારા મૌલા ! કાંટેદાર રસ્તા પર ખુલ્લા પગે ચાલી રહ્યો છું, પ્યાસો છું અને પાણી ઘણુ દૂર છે, મારી ઉપર જીવલેણ મુસીબત પડી છે, આમ મારી ખબર લો !

**બાહર ઝબાનેં પ્યાસ સે હૈં આફતાબ ગરમ**
**કૌષર કે શાહ કષ્ષરહુલ્લાહ લે ખબર**

*(આફતાબ = સૂર્ય, શાહ = બાદશાહ, કષ્ષરહુલ્લાહ = દુઆ છે, અલ્લાહ તેને વધારે કરે, કૌષર = જન્નતની એક નહેર)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હશ્રનો દિવસ છે, સૂરજ સવા નેઝા પર છે, તેની ગરમી ખૂબ સખત છે, પ્યાસથી જીભો બહાર આવી ગઈ છે. હે કૌષરના માલિક ! صلی اللہ علیہ وسلم મારી ખબર લો ! અલ્લાહ આપને વધુ ફઝીલત તથા ઈન્આમ અતા ફર્માવે.

**માના કે સખ્ત મુજરિમો નાકારા હૈ ''રઝા''**
**તેરા હી તો હૈ બંદએ દરગાહ લે ખબર**

*(માના કે = માન્યું કે, સખ્ત = ખૂબ, નાકારા = બેકાર, રઝા = ઈમામ અહમદ રઝા, બંદએ દરગાહ = દરબારનો ગુલામ)*

**અર્થ** : માન્યું કે અહમદ રઝા ગુનહગાર છે, પરંતુ હુઝૂર علیہ الصلوٰۃ والسلام આપની બારગાહનો ગુલામ છે, આપ મારી ખબર લો.

આ નઅતમાં હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહ ઈસ્તેગાષા ફરિયાદ કરી છે અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં ઈસ્તેગાષા (મદદ માટે યાચના) કરવું સહાબાથી સાબિત છે. જેનું વર્ણન હવાલા સાથે પાછલી નઅતોમાં બયાન થઈ ગયું.

દરેક શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં કમાલે આજીઝી અને નમ્રતા દર્શાવી છે, જે બુઝુર્ગોનો તરીકો છે. દુનિયા જાણે છે કે આ આ'લા હઝરત મહાન શખ્સિયત છે પરંતુ પોતે ખૂદને ઈન્કેસારી અને આજઝી રૂપે મુજરિમ, ગુનેહગાર, નાકારા જેવા શબ્દોથી સંબંધિત કરે છે જે તેમની મહાનતાની દલીલ છે.

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ અબૂ અલી રાઝીની કરામત ★

અબૂ અલી રાઝીથી રિવાયત છે કે તે ફર્માવે છે કે એક દિવસ હું ફુરાત નદી પાસે થઈને પસાર થયો અને મારા દિલમાં તાજી માછલી ખાવાની ઈચ્છા થઈ તો તુરત જ પાણીએ એક માછલી મારા તરફ ફેંકી આપી. પછી એક શખ્સ દોડતો દોડતો આવ્યો અને કહેવા લાગ્યો કે હું શેકી દઉં છું ! મેં કહ્યું, સારું ! તેણે શેકી અને મેં બેસીને તેને ખાધી.

### ★ ઈબ્રાહીમ બિન અહદમની કરામત ★

કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ પોતાના સાથીઓની સાથે જઈ રહ્યા હતા એવામાં તેમને સિંહ મળ્યો. સાથીઓએ કહ્યું કે હે અબૂ ઈસ્હાક ! આ સિંહે અમારો માર્ગ રોકી લીધો છે ! ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ આવીને તેને કહ્યું, હે સિંહ ! જો તને અમારા વિશે કોઈ હુકમ આપવામાં આવ્યો છે તો તે પ્રમાણે કર, નહીં પાછો ચાલ્યો જા ! આ સાંભળીને સિંહ પાછો જતો રહ્યો અને તે લોકો પણ આગળ ચાલી નીકળ્યા.

### ★ ઈબ્રાહીમ ખવાસ અને સિંહ ★

હામિદ અસ્વદ કહે છે કે જંગલમાં ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہની સાથે હતો. અમે રાત એક મિત્રને ત્યાં પસાર કરી. અચાનક એક સિંહ આવી ગયો જેથી હું ઝાડ પર ચઢી ગયો અને સવાર સુધી ત્યાં રહ્યો. પૂરી રાત મને ઊંઘ ન આવી. પણ ઈબ્રાહીમ ખવાસ ઊંઘી ગયા અને સિંહ પગથી લઈને માથા સુધી તેમને સુંઘતો રહ્યો અને પછી ચાલ્યો ગયો. બીજી રાત્રી અમે વસ્તીમાં જઈને એક મસ્જિદમાં પસાર કરી. ત્યાં એક મચ્છર એમના ચહેરા પર બેઠો અને તેણે કરડી ખાધુ તો આપે રડવાનુ શરૂ કર્યું. મેં કહ્યું, વિચિત્ર વાત છે કે કાલે તો સિંહથી પણ ગભરાતા ન હતા અને આજે તમે એક મચ્છરથી રડવાનુ શરૂ કરી આપ્યું ! ફર્માવ્યું, કાલે એવી હાલતમાં હતો જેમાં અલ્લાહની સાથે હોઉં છું, પણ અત્યારે જે હાલત હતી એમાં હું મારા નફ્સની સાથે હતો.

### ★ અતા અરઝક઼ની કરામત ★

અતા અરઝક़ رحمۃ اللہ علیہ વર્ણવે છે કે તેમનાં પત્નીએ તેમને બે દિરહમ આપ્યા જે એમણે સૂતર વેચીને હાંસલ કર્યા હતા અને અતાને કહ્યું કે એનાથી લોટ ખરીદી લાવો. જ્યારે ઘરેથી નીકળ્યા તો એક છોકરીને રડતી જોયી. તેમણે એને રડવાનુ કારણ પૂછયું તો તેણીએ જણાવ્યું કે મારા માલિકે મને બે દિરહમ કાંઈક ખરીદવા માટે આપ્યા હતા અને મારાથી તે પડી ગયા. હવે હું ડરું છું કે મને મારશે. અતાએ બે દિરહમ તેણીને આપી દીધા અને ચાલ્યા ગયા. અને પોતાના દોસ્તની દુકાને બેસી રહ્યા. જે સાગવાનનાં લાકડાં ચીરી રહ્યો હતો. તેમણે તેને સર્વ હાલત કહી સંભળાવી અને એવું પણ બતાવ્યું કે તેમને પોતાની પત્નીના વઢવાની બીક છે ! દોસ્તે કહ્યું, આ થેલીમાં લાકડાનું વેરણ ભરી લો કે કદાચ તમને ભઠ્ઠી ગરમ કરવામાં એનાથી ફાયદો થાય, કેમ કે અત્યારે હું અન્ય કાંઈ મદદ નથી કરી શક્તો. એ લાકડાનું વેરણ ઉઠાવી લાવ્યા અને ઘરનો દરવાજો ખોલીને થેલો ઘરમાં ફેંકી આપ્યો અને પોતે દરવાજો બંધ કરીને મસ્જિદમાં ચાલ્યા ગયા અને ત્યાં ઈશાના બાદ સુધી રોકાઈ રહ્યા જેથી સૌ ઘરવાળાં સૂઈ જાય અને તેમની પત્ની તેમની સાથે બોલાચાલી ન કરે. તેમણે જ્યારે દરવાજો ખોલ્યો તો જોયું કે તેણી રોટીઓ પકાવી રહી છે. તેમણે પૂછયું કે આ રોટી ક્યાંથી આવી છે ? તેણીએ જવાબ આપ્યો કે થેલીવાળા આટામાંથી ! કોઈ બીજો આટો ન ખરીદશો ! (એટલે કે આ આટો ખૂબ જ ઉમદા છે, આવો જ આટો લાવ્યા કરો !) તેમણે કહ્યું, ઈન્શાઅલ્લાહુ તઆલા ! આવું જ કરીશ.



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : *હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ*)

### ★ નમાઝનું મહત્વ અને ગરીબ નવાઝ ★

એ જ મોક઼ા પર ફર્માવ્યું કે નમાઝ એક અમાનત છે જે અલ્લાહ તઆલાએ બંદાઓને સુપ્રત કરી છે. જેથી બંદાઓ પર વાજિબ છે કે અમાનતમાં કોઈ પ્રકારની ખયાનત ન કરે.

પછી ફર્માવ્યું કે માણસ નમાઝ અદા કરે તો રુકૂઅ તથા સજદાઓને જેવા કે તેનો હક્ક઼ છે તે પ્રમાણે અદા કરે અને નમાઝના અરકાનોની સારી રીતે કાળજી રાખે.

પછી ફર્માવ્યું કે મેં સલાતે મસ્ઊદીમાં લખાવી આપ્યું છે કે જ્યારે લોકો નમાઝ સારી રીતે અદા કરે છે અને તેના સર્વ હક્કો પૂર્ણપણે પાળે છે અને રુકૂઅ તથા સજદા તથા કિ઼રાઅત તથા તસ્બીહની કાળજી રાખે છે તો ફરિશ્તા તે નમાઝને આસ્માનો પર લઈ જાય છે. પછી એ નમાઝથી નૂર જાહેર થાય છે અને આસ્માનના દરવાજા ખુલી જાય છે. જ્યારે એ નમાઝને અર્શની નીચે લાવવામાં આવે છે તો હુકમ થાય છે કે સજદો કર અને નમાઝ અદા કરનારા માટે બખ્શિશ માગ ! કેમ કે તે તારા હક્કો સારી રીતે અદા કરે છે. પછી ખ્વાજા સાહબ રડયા અને ફર્માવ્યું કે આ તો સારી રીતે નમાઝ અદા કરનારાઓ માટે છે, પરંતુ જેઓ નમાઝના અરકાનો ખૂબીપૂર્વક અદા કરવાની કાળજી નથી લેતા તેમની નમાઝને જ્યારે ફરિશ્તા આસ્માન પર લઈ જાય છે તો આસ્માનના દરવાજા નથી ખુલતા, અને હુકમ થાય છે કે આ નમાઝને લઈ જઈને એ જ નમાઝીના મોઢા પર મારી દો ! પછી નમાઝ ઝબાને હાલથી કહે છે, જે રીતે તેં મને બર્બાદ કરી છે એ રીતે ખુદા તને બર્બાદ કરે !

પછી એ મોક઼ા પર ફર્માવ્યું કે એકવાર હું બુખારામાં દસ્તારબંદોની વચ્ચે બેઠો હતો તો એમનાથી આ હિકાયત સાંભળી કે એકવાર પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم એ એક શખ્સને નમાઝ અદા કરતાં જોયો જે રુકૂઅ તથા સજદામાં નમાઝનો હક્ક઼ સારી રીતે અદા કરતો ન હતો. જ્યારે તે નમાઝથી ફ઼ારિગ થયો તો પૂછયું કે કેટલા અરસાથી આ રીતે નમાઝ અદા કરે છે ? અર્ઝ કરી, યા રસુલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આટલાં વરસથી આ જ રીતે નમાઝ અદા કરું છું ! ફર્માવ્યું, આ સર્વ વર્ષોમાં તેં કોઈ નમાઝ અદા નથી કરી ! જો તું મરી જઈશ તો મારી સુન્નત પર મરીશ નહીં !

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે ક઼યામતના દિવસે સૌ પ્રથમ નમાઝનો હિસાબ અંબિયા, અવલિયા તથા દરેક મુસલમાનને પૂછવામાં આવશે, જે આ હિસાબ બરાબર આપી નહીં શકે તે અઝાબ તથા દોઝખમાં પડશે.

પછી ફર્માવ્યું કે એકવારનું વર્ણન છે કે હું શામ (સીરિયા)ની નજીક એક શહેરમાં હતો જેનું નામ મારી યાદથી નીકળી ગયું છે, તેની બહાર એક ગુફ઼ા હતી જેમાં એક શયખ અવહદ મુહમ્મદ અલ્વાહિદ ગઝનવી રહેતા હતા અને જેમના શરીર મુબારક પર ચામડી જ ચામડી હતી, સજ્જાદ પર બેઠેલા હતા અને બે સિંહો તેમની પાસે ઉભેલા હતા. હું સિંહોની બીકના કારણે તેમની પાસે જઈ શકતો ન હતો. જ્યારે એમની નજર મારા પર પડી તો ફર્માવ્યું, આવી જાવ ! ડરો નહીં ! જ્યારે

હું નજીક પહોંચી ગયો તો આદાબ બજાવીને બેસી ગયો.

પ્રથમ વાત જે બુઝુર્ગે મને કરી તે એ છે કે જો તું કોઈનો ઈરાદો કરીશ નહીં તો તે પણ તારો ઈરાદો કરશે નહીં. એટલે કે સિંહોની શું હેસિયત છે કે તું તેનાથી ડરે છે ? પછી ફર્માવ્યું કે જ્યારે તારા દિલમાં ખુદાનો ખૌફ હશે તો સર્વ તારાથી ડરશે, તો સિંહની શું હક઼ીક઼ત છે ?! તે લોકોથી પણ ડરશે નહીં. આ પ્રકારની ઘણી વાતો વર્ણવી પછી પૂછયું, ક્યાંથી આવવાનું થયું ? અર્ઝ કરી, બગદાદથી. ફર્માવ્યું, આવવાનું મુબારક થાય ! પરંતું જરૂરી છે કે તું દરવેશોની ખિદમત કરે જેથી બુઝુર્ગ બની જાય. પરંતું સાંભળો ! મને આ ગુફામાં રહેતાં કેટલાંયે વરસો વહી ગયાં અને સર્વ મખ્લૂક઼થી ગોશાનશીની અને એકાંત અપનાવ્યું છે છતાં ત્રીસ વરસથી એક ચીજના સબબે રડી રહ્યો છું, એ ડરથી દિવસ રાત રડું છું. મેં પૂછયું, તે શું છે ? ફર્માવ્યું, જ્યારે હું નમાઝ અદા કરું છું તો પોતે પોતાને જોઈને રડુ છું કે જો રજમાત્ર પણ નમાઝની શર્ત અદા ન થઈ તો સર્વ કાંઈ બર્બાદ થઈ જશે ! એ જ વખતે આ ઈબાદત મારા મોઢા પર મારી દેવામાં આવશે. તો હે દરવેશ ! જો તું નમાઝના હક઼ અદા કરવામાં સફળ થઈ જાય તો ખરેખર તેં મહાન કામ કર્યું છે, નહીં તો તું તારી ઉંમર વેડફી કાઢીશ. પછી આ હદીષ વર્ણવી કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે **અલ્લાહ તઆલાની નજીક કોઈ ગુનોહ દુનિયામાં અને કોઈ દુશ્મન ક઼યામતમાં એનાથી વધીને નથી કે નમાઝને શર્તો સાથે અદા કરવામાં ન આવે.**

પછી ફર્માવ્યું કે મારા શરીર પર જે હાડકાં તથા ચામડી દેખાય છે એ એના કારણે છે. મને ખબર નથી કે મારાથી નમાઝનો હક઼ અદા થયો પણ છે કે નહીં ?! આ વાત કહેતાં એક સફરજન ઉઠાવ્યું જે એમની પાસે જ હતું. તેમની સર્વ ચર્ચાનો સાર એ હતો કે નમાઝની જિમ્મેદારી ઘણી મહાન જિમ્મેદારી છે, જો સલામતીની સાથે તેની જિમ્મેદારી પૂર્ણ થઈ શકે તો નજાત મળી જાય છે, નહીં તો શર્મિંદો રહે છે અને આ ચહેરો કોઈને નથી દેખાડી શકતા.

પછી ખ્વાજા સાહબે અશ્રુમય ચહેરે ફર્માવ્યું કે હે દરવેશ ! નમાઝ દીનનો રુકન છે અને રુકન સ્તંભ હોય છે. જેથી જો સ્તંભ ક઼ાયમ હશે તો ઘર પણ સલામત રહેશે અને જ્યારે સ્તંભ નીકળી જશે તો છત તુરત જ પડી જશે. ઈસ્લામ અને દીનના માટે નમાઝ સ્તંભના સ્થાને છે, જ્યારે નમાઝની અંદર ફર્ઝ, સુન્નત, રુકૂઅ તથા સજદામાં ખલેલ આવશે તો ઈસ્લામ તથા દીનની હક઼ીક઼ત વગેરે ખરાબ થઈ જશે.

ત્યારબાદ ફર્માવ્યું કે સલાતે મસ્ઊદીની શરહમાં ઈમામ ઝાહિદ رحمة الله عليه લખે છે કે અલ્લાહ તઆલાએ કોઈ ઈબાદતમાં આવી તાક઼ીદ તથા સખ્તી નથી ફર્માવી જેવી નમાઝના બારામાં ફર્માવી છે.

પછી એ જ મોક઼ા પર ફર્માવ્યું કે ઈમામ જઅફર સાદિક઼ رحمة الله عليه ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ ક઼ુર્આન મજીદમાં ઠેકઠેકાણે નસીહત કરી છે. એમાં અમુકમાં જાહેરી શબ્દમાં સંબોધન છે અને અમુકમાં લાલચ આપતા (આકર્ષતા) શબ્દોમાં, અમુકમાં તરહીબ (ડર અપાવવા)ના રૂપે છે. સાતસો સ્થળોએ આવી નસીહતો કરી છે. નમાઝ ક઼ાયમ કરો કેમ કે આ દીનનો સ્તંભ છે. તફસીરમાં લખ્યું છે કે ક઼યામતના દિવસે પચાસ વિવિધ સ્થાનોએ વિવિધ સવાલો દરેક માણસને પૂછવામાં આવશે. **પ્રથમ સ્થળે** જો **ઈમાન** અને તેની શરતો તથા ખૂબીઓ તથા ઓળખ, ખુદા તઆલાને વાળ બરાબર પણ વર્ણન નહીં કરી શકે તો **ત્યાંથી સીધો જહન્નમમાં** મોકલી દેવામાં આવશે. ત્યારબાદ **બીજા સ્થળે નમાઝ અને ફર્ઝો**ની બાબતે સવાલ થશે, જો સહીહ ઉતરશે તો બેહતર, નહીં તો ત્યાંથી જ દોઝખમાં ધકેલી દેવામાં આવશે. પછી **ત્રીજા સ્થળે સુન્નતે નબવી** બાબતે સવાલ થશે, જો તેમાં પાસ થશે તો મુક્ત કરવામાં આવશે, નહીં તો મોઅક્કિલોના હાથે પયગંબરે ખુદા ﷺની ખિદમતમાં મોકલવામાં આવશે કે આ શખ્સ આપની ઉમ્મતમાંથી છે જેણે સુન્નતને અદા કરવામાં ઉણપ વર્તી છે. જ્યારે ફવાઈદને ખત્મ કરી ચૂક્યા તો ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા અને આ શબ્દો ઝબાન મુબારકથી ફર્માવ્યા કે **અફસોસ છે એ શખ્સ પર ! જે ક઼યામતા દિવસે પયગંબરે ખુદા ﷺ સમક્ષ શર્મિંદા થશે તો કોની પાસે જશે ?!** જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો દરેક શખ્સ પોતાના ઠેકાણે પરત થયો. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

(ચાલુ)

મુનાફિકત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

## દેવબંદી પેશવા થાન્વી સાહબની ગયબદાની

કિતાબ અશ્રફુસ્સવાનેહના લેખકે એક વિચિત્ર કિસ્સો કિતાબ મઝકૂરમાં લખ્યો છે તેને વાંચી લો :–

*"એક મશ્હૂર ફાઝિલે મક્કમતાપૂર્વક પોતાની આ માન્યતા (અકીદો કે થાન્વી સાહબ ગયબદાન હતા) લખીને મોકલી તો હઝરતેવાલા (થાન્વી)એ તેના વિચારનો ઈન્કાર કર્યો, જ્યારે તેમ છતાં પણ તેણે ન માન્યું અને તે બાબતને (થાન્વીના ઈન્કારને તેમની) વિવેકપૂર્ણ નમ્રતા જાહેર કરી તો હઝરતેવાલા (થાન્વી)એ લખ્યું કે, એ વેપારી ખૂબ જ ખુશકિસ્મત છે, જે પોતાનો સોદો નુકસાનકારક હોવાનું પોતે જાહેર કરી રહ્યો છે પરંતુ ખરીદનાર તેમ છતાં આમ કહી રહ્યો છે." (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૩, પેજ : ૫૯)*

ઉપરોક્ત જવાબમાં પોતાની ગયબદાનીનો એ'તેકાદ રાખવાવાળાને માટે મૌન સાંત્વનની જે ભાવના જોવામાં આવી છે તે એટલી હદે જાહેર છે કે, તેના પર પડદો નાખી શકાય તેમ નથી. **થાન્વી સાહબને સંબંધે ગયબદાનીનો અકીદો જો શિર્ક હતો તો અહીં ફત્વાની ભાષાનો ઉપયોગ શા માટે કરવામાં નથી આવ્યો ?** અને સૌથી સંગીન આરોપ તો એ છે કે, થાન્વી સાહબના ઈન્કારને વિવેકપૂર્ણ નમ્રતા બતાવવામાં આવી છે અને તેમણે ખામોશ ભાષામાં તેને સમર્થન આપી દીધું છે ! પરંતુ આ કેવો અંધેર છે કે, અમુક વસ્તુઓના ઈલ્મ અને ખબર સંબંધે અલ્લાહના રસૂલના ઈન્કારને હજાર વિનંતિઓ છતાં વિવેકપૂર્ણ નમ્રતા (તવાઝોએ) માનવામાં આવી નથી ! બલ્કે અડધી સદીથી અહીં કહેવામાં આવે છે કે, મઆઝલ્લાહ ! હકીકતમાં અલ્લાહના મહાન, શ્રેષ્ઠ અને આખરી નબી (ﷺ) ગયબના ઈલ્મથી બિલકુલ વંચિત હતા. બલ્કે ખૂદ મૌલાના થાનવી લખે છે :–

*હનફી ઈમામો તેમની ફિકહની કિતાબોમાં એવા માણસને "કાફિર" લખે છે જેનો અકીદો એવો હોય કે નબી ગયબ જાણતા હતા." (કિતાબ : તોહફાએ લાષાની, પેજ : ૩૮, બહવાલા : ઝલઝલા)*

થાન્વીનો આ ફત્વો ખરેખર સાચો જ છે તો પોતાના મુરીદને કેમ ન સંભળાવ્યો ?! તેને શા માટે પંપાળ્યો ?!

## એક બીજી ઈમાનતોડ દાસ્તાન !

કિતાબ અશ્રફુસ્સવાનેહના લેખકે મૌલ્વી સાહબના જન્મ પૂર્વેની એક ભવિષ્યવાણી નકલ કરી છે, તેના વર્ણનનો આ ટુકડો વાંચવા જેવો છે :–

*"નામ નામી અશરફ અલી છે, આ નામ હઝરત હાફિઝ ગુલામ મુર્તઝા સાહબ પાનીપતી رحمۃ اللہ علیہ એ જેઓ એ સમયના લોકપ્રિય અને મશ્હૂર મજઝૂબ (વલી) હતા,* ***હઝરતેવાલા (થાન્વી)ના જન્મ પહેલાં જ નહીં, બલ્કે હમલમાં રહેતા (ગર્ભ) પહેલાં તેમણે તેમના (જન્મની) ભવિષ્યવાણી કરી દીધી હતી."*** *(અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૧, પેજ : ૭)*

થાન્વી સાહબે મુકૃદસમાં હુસ્સામે ઈબ્રત નામથી પોતાનું એક મીલાદનામુ લખ્યું છે, જેમાં તેમણે પોતાના જન્મ પૂર્વેની તપસીલી વિગતો લખી છે, પોતાની નાની સાહેબા સંબંધે તેમણે એક ખૂબ જ દિલચસ્પ રિવાયત બયાન કરી છે, જે વાંચવા લાયક છે લખે છે કે :–

*"(થાન્વી સાહબના નાની સાહેબાએ) હઝરત હાફિઝ ગુલામ મુર્તઝા મજઝૂબ (અલી) પાનીપતી પાસે શિકાયત કરી કે, હઝરત ! આ મારી પુત્રી (થાન્વીજીની માતા)ના પુત્ર જીવતા રહેતા નથી ! તે સાંભળીને હાફિઝ સાહબે પોતાની રીતે ફર્માવ્યું કે ઉમર અને અલીની ખેંચતાણમાં મરી જાય છે, હવે યાર અલીને સુપરદ કરી દેજો, તે જીવતો રહેશે. પછી, **તેણીને બે પુત્રો થશે અને બંને જીવતા રહેશે, એકનું નામ અશ્રફઅલીખાન રાખવું અને બીજાનું અકબરઅલીખાન.** નામ લેતા સમયે "ખાન" (શબ્દ) પોતાના તરફથી જોશમાં આવીને વધારી દીધો હતો. કોઈએ પૂછયું કે, હઝરત શું તેઓ પઠાણ હશે ? તો ફર્માવ્યું કે નહીં, અશ્રફઅલી અને અકબરઅલી રાખજો.*

*એ પણ ફર્માવ્યું કે, **એક મારો હશે તે મૌલ્વી અને હાફિઝ થશે, બીજો દુન્યાદાર થશે.** આ ભવિષ્યવાણી અક્ષરસઃ સાચી સાબિત થઈ, (ત્યાર પછી કિતાબના લેખક લખે છે કે) હઝરતેવાલા (થાન્વી) ફર્માવતા હતા કે, **આજે હું ક્યારેક ક્યારેક ઉખડી ઉખડી વાતો કરવા લાગું છું એ એ જ મજઝૂબ (વલી)ના રૂહાની ધ્યાનની અસર છે,** જેની દુઆથી હું પેદા થયો છું. (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૧, પેજ : ૭)*

**માના પેટમાં શું છે ?** આ એ **ગયબી ઈલ્મ છે** જેને **દેવબંદી શ્રીમાનો** ખુદા સિવાય **કોઈના માટે માનવાનો સદંતર ઈન્કાર કરે છે** અને **તેને શિર્ક બતાવે છે !** પરંતુ ગઝબ તો જુઓ કે પોતાના સંબંધે માત્ર ગર્ભમાં જ નહીં પરંતુ હમલ (ગર્ભ)થી પણ પહેલાંનો ઈલ્મ સ્વીકારવામાં આવ્યો ! અને એ માત્ર પોતાના માટે જ નહીં, પરંતુ પોતાના ભાઈના માટે પણ અને તે પણ એટલી હદે સ્પષ્ટ કે, નામ સુદ્ધાં નક્કી કરી દેવામાં આવ્યાં, એટલું જ નહીં ! આવનારાઓના ગુણો પણ બતાવી દેવામાં આવ્યા !

**દેવબંદી ધર્મમાં આ શક્તિનું નામ ખુદાઈ અખ્તેયાર છે !** પરંતુ **પોતાની મહાનતાની જાહેરાતને માટે એ ખુદાઈ શક્તિ પણ** ગયરે ખુદાને માટે **લેશમાત્ર વિરોધ વિના સ્વીકારી લેવામાં આવી છતાં** તેમની તૌહીદના અકીદા પર આંચ સરખી પણ આવી નહીં !

પેજ નં. **૨૩** નું ચાલુ...

**મસ્અલો** : બીમાર જો ઊભા થઈને ફર્ઝ નમાઝ પઢશે તો ક઼િરાઅત બિલ્કુલ કરી શકે તેમ નથી તો તેણે બેસીને પઢવી. પરંતુ જો ઊભો થઈને કાંઈક પણ પઢી શકે તો ફર્ઝ છે કે જેટલીવાર ઊભા રહીને પઢાય એટલીવાર ઊભા ઊભા પઢે, બાકી બેસીને. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : બીમારની નીચે નાપાક પાથરણું પાથરેલું છે અને હાલત એવી કે બદલવામાં પણ આવે તો ફરી પાછુ પઢતાં પઢતાં નાપાક થઈ જશે, તો એના પર જ નમાઝ પઢે, એવી જ રીતે જો બદલવામાં આવે અને એટલું જલ્દી નાપાક પણ થાય એમ નથી, પરંતુ બદલવામાં બીમારને સખત તકલીફ થશે તો એવા નાપાકમાં જ પઢી લે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : પાણીમાં ડૂબી રહ્યો છે અને એવા સમયે પણ અમલે કસીર સિવાય ઈશારાથી નમાઝ પઢી શકે છે. દા.ત. તરવૈયો છે અથવા લાકડી વગેરેનો ટેકો મળી જાય તો પઢવું ફર્ઝ છે, નહીં તો તે લાચારમાં ગણાશે. જો બચી જાય તો કઝા પઢવી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)* "અમલે કષીર" એટલે નમાઝના કોઈ એક જ રૂકનમાં ત્રણથી વધુ વખત એવું કામ કરવું જે નમાઝની બહારનું હોય.

હરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## બીમારની નમાઝ

જે માણસ બીમારીના કારણે ઊભો થઈ નમાઝ ન પઢી શક્તો હોય તે બેસીને નમાઝ પઢે, બેસીને રુકૂઅ કરે, એટલે કે આગળ તરફ સારી રીતે ઝુકીને "સુબ્હાન રબ્બિયલ અઝીમ" કહે. પછી સીધો થઈ જાય અને જે રીતે સિજદો કરવાનો આવે છે તે રીતે સિજદો કરે. અને જો બેસીને પણ નમાઝ નથી પઢી શક્તો તો ચટ્ટો સૂઈને પઢે, એવી રીતે સૂએ કે પગ કિબ્લાની તરફ હોય અને ગુથણો ઊંચા રહે, અને માથાની નીચે તકીયો કે કંઈક મૂકી લે જેથી માથુ ઊંચુ થાય અને મોં કિબ્લા સામું રહે. રુકૂઅ તેમજ સજદા ઈશારાથી કરે એટલે કે માથાને જેટલુ ઝુકાવી શકે છે એટલુ સજદા માટે ઝુકાવે અને એનાથી ઓછું રુકૂઅ માટે. એવી રીતે ડાબા કે જમણા પડખે સૂઈને કિબ્લા તરફ મોં કરીને પણ પઢી શકે છે.

**મસ્અલો** : બીમાર જો માથાથી પણ ઈશારો ન કરી શકે તો તેવા સંજોગોમાં તેને માટે નમાઝ માફ છે, આંખ કે ભ્રવાં કે દિલના ઈશારાથી પઢવી જરૂરી નથી, પછી જો છ ટાઈમની નમાઝ એકી સાથે એ હાલતમાં પસાર થઈ જાય તો તે નમાઝોની કઝા પણ તેને માટે માફ છે, નમાઝનો ફિદિયો આપવાની જરૂરત નથી. એવી હાલતમાં છ વખતથી ઓછી નમાઝો પસાર થઈ હોય તો બીમારીથી સાજા થયા પછી તેની કઝા પણ જરૂરી છે (ફર્ઝ છે). પછી ભલે એટલી જ તંદુરસ્તી મળી કે માથાના ઈશારાથી જ પઢી શકે છે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત વગેરે)*

**મસ્અલો** : જે બીમારની એવી હાલત થઈ ગઈ કે રકાતો તેમજ સિજદાઓની ગણત્રી યાદ રાખી શક્તો નથી તો તેના માટે નમાઝ પઢવી જરૂરી નથી. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : નમાઝોના ફર્ઝ, વિત્ર અને બંને ઈદની નમાઝોમાં તેમજ ફજરની સુન્નતોમાં કયામ (ઊભા થઈ નમાઝ પઢવી) ફર્ઝ છે, જો ખરેખર કોઈ મજબૂરીના કારણ વિના આ નમાઝો બેસીને પઢયા તો અદા થશે નહીં. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : નમાઝમાં કયામ ફર્ઝ છે એટલે કે ખાસ મજબૂરીના શરીઅતે બતાવેલા કારણ વિના એને છોડવામાં ન આવે, નહીં તો નમાઝ થશે નહીં, ત્યાં સુધી કે જો લાકડીના ટેકે કે કોઈ સેવકના સહારે કે દિવાલના ટેકે ઊભા થઈ શક્તા હોય તો એવી રીતે ઊભા થઈ પઢવું ફર્ઝ છે. **જો થોડીકવાર માટે પણ ઊભા થઈ શક્તા હોય કે "અલ્લાહુ અકબર" કહી શકે, તો તેણે ઊભા થઈ "અલ્લાહુ અકબર" કહી નિય્યત બાંધી પછી બેસી જઈને નમાઝ પૂરી કરવી ફર્ઝ છે, નહીં તો નમાઝ થશે નહીં.** થોડોક તાવ કે માથાના દુ:ખાવા કે સળેખમ અથવા એવી કોઈ સાધારણ તકલીફોમાં જે લોકો હરી ફરી શકે છે, એ મજબૂરીના કારણોમાં કદી ગણાશે નહીં. એવી સાધારણ તકલીફોમાં નમાઝો બેસીને પઢી તો તે અદા ન થઈ. તેને ફરીથી કઝા પઢવી જરૂરી છે. *(ગુનિયા, બહારે શરીઅત)*

**મસ્અલો** : જે માણસને ઊભા થવાથી પેશાબના ટીપાં પડે છે અથવા ઘામાંથી લોહી કે પરૂ નીકળે છે અને બેસવાથી તેમ નથી થતું તો એના માટે ફર્ઝ છે કે બેસીને પઢે, પરંતુ એ ત્યારે જ કે બીજા કોઈ રીતે તેને રોકી ન શક્તો હોય.

**મસ્અલો** : એટલો અશક્ત કે મસ્જિદમાં જમાઅતથી નમાઝ પઢવા ચાલીને જવા પછી ઊભો થઈને ત્યાં નમાઝ પઢી શકે નહીં પરંતુ જો ઘરમાં પઢે તો તે ઊભો થઈને પઢી શકે છે, તો તે ઘરમાં જ પઢે, જો જમાઅત ઘરમાં કરી શક્તો હોય તો જમાઅતથી, નહીં તો એકલો. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

વધુ પેજ નં. ૨૨....પર

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

**★ રૂમાલ વગરનો પાયજામો અને જાંગીયો પહેરીને નમાઝ પઢવાથી નમાઝમાં કમી આવે છે ? ★**

આપણા ઘણા લોકો એવું માને છે કે જેની સત્ય હોવાની કોઈ હકીકત નથી. પાયજામો અથવા જાંગીયામાં રૂમાલનું હોવું નમાઝના સહીહ હોવા માટે બિલ્કુલ જરૂરી નથી. રૂમાલ વગરના પાયજામા અને જાંગીયાથી નમાઝ કરાહત વગર જાઈઝ છે. હા ! જે પહેરવેશ અને કપડાં બિન મુસ્લિમો માટે ખાસ છે તેને પહેરવું ગુનોહ છે અને તેમાં નમાઝ મકરૂહ છે. અંગ્રેજી પેન્ટ અને શર્ટમાં પણ આ જમાનાના ઉલમાએ કિરામએ નમાઝનું મકરૂહે તન્ઝીહી હોવાનો ફત્વો આપેલ છે. *(ફતાવા મર્કઝી દારુલ ઈફતા, પેજ : ૨૦૭)*

આ એટલા માટે નથી કે પેન્ટમાં રૂમાલ હોતો નથી પરંતુ એટલા માટે છે કે (પેન્ટ, શર્ટ) અંગ્રેજોનો ખાસ જાતિ-પહેરવેશ રહી ચૂકેલ છે અને હજુ સુધી પણ દીનદાર લોકોમાં તેને પહેરવામાં એબ સમજવામાં આવે છે, જેથી હજુ પણ અંગ્રેજી પેન્ટ અને શર્ટમાં નમાઝ ન પઢવું જ મુનાસિબ અને બેહતર છે અને આ પહેરવેશથી બચવું ઉચિત છે.

**★ નમાઝમાં લંગોટ બાંધવાનો મસ્અલો ★**

કેટલાક લોકો સમજે છે કે પાયજામો અથવા લુંગીની અંદર લંગોટ બાંધીને નમાઝ પઢવાથી નમાઝ થતી નથી. જો કે આ તેમની ગલતફહમી (ખોટી માન્યતા) છે. લંગોટ બાંધીને નમાઝ પઢવાથી નમાઝમાં કોઈ કમી આવતી નથી. જો કે એટલું જરૂર ધ્યાન રાખવું જોઈએ કે લંગોટ એટલી બધી ટાઈટ અને કસાયેલી ન હોવી જોઈએ કે જેથી નમાઝમાં રૂકૂઅ અને સજદામાં અને બેસવામાં મુશ્કેલી પડે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૨૫૨, ઈર્ફાને શરીઅત, પેજ : ૪)*

**★ પેન્ટ અને પાયજામાની મોરી ચઢાવીને નમાઝ પઢવી ★**

કેટલાક લોકો ઘૂંટીની નીચે લટકતો પાયજામો અને પેન્ટ પહેરે છે, જો તેઓએ તેની આદત બનાવી લીધી છે અને તકબ્બુર અને ઘમંડના લીધે તેઓ આવું કરે છે તો નાજાઈઝ અને ગુનોહ છે અને આ પ્રમાણે નમાઝ પણ મકરૂહ થાય છે. પરંતુ જો સંજોગોવશાત આવું થાય અથવા બેધ્યાનથી કે લાપરવાઈથી થયું હોય તો વાંધો નથી, અને **જે લોકો** આનાથી બચવા માટે અને **ઘૂંટી ખોલવા માટે મોરીના પાયચા ચઢાવે છે તેઓ ગુનાહને ઘટાડતા નથી પરંતુ વધારે છે, અને નમાઝમાં ખરાબીને ઘટાડતા નથી પરંતુ ખરાબી વધારે છે.** આ પ્રમાણે પેન્ટ અને પાયજામાની મોરીના પાયચાને વાળીને ચઢાવવું નમાઝમાં **મકરૂહે તહરીમી** છે.

હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મને હુકમ આપવામાં આવ્યો કે હું સાત હાડકાં ઉપર સજદો કરું, પેશાની, બંને હાથ, બંને ઘૂંટણ અને બંને પંજા, અને આ હુકમ આપવામાં આવ્યો કે હું નમાઝમાં કપડા અને વાળને ન (ખેંચું) ચઢાવું." *(બુખારી શરીફ અને મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ, પેજ : ૮૩)*

આ હદીષના આધારે નમાઝમાં કપડાને ખેંચવું અને ચઢાવવું મના છે. આથી પેન્ટ અને પાયજામાની

પેજ નં. ૧૩ નું ચાલુ...

મોરી ભેગી કરવાવાળાઓએ અને ચઢાવવાવાળાઓએ આ હદીષથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ.

પરંતુ ભૂલો બતાવવાવાળાથી પણ વિનંતિ છે કે નમાઝમાં આ પ્રમાણેની ભૂલો કરવાવાળાઓને શાંતિથી અને પ્યાર, મહબ્બતથી સમજાવે, સમજી જાય તો ઠીક, નહીંતર તેમને તેમના હાલ ઉપર છોડી દેવામાં આવે. અને વ્યવહારુ (વાજબી) પદ્ધતિથી ભૂલ સુધારણા કરે. તેમને ધમકાવવું, ઝટકી નાખવું અને તેઓ સાથે લડાઈ ઝઘડા કરવા ઘણુ જ ખરાબ છે. જેનું પરિણામ એ પણ આવી શકે કે તે લોકો મસ્જિદમાં આવવાનું અને નમાઝ પઢવાનું છોડી દે જેનો ગુનોહ તે ધમકાવવાવાળાઓ ઉપર છે. કારણ કે તેમાં પણ કોઈ શંકા નથી કે કેટલીક આ પ્રકારની ભૂલોની સાથે નમાઝ પઢનારાઓ, બેનમાઝીઓ કરતાં હજારગણા સારા છે. અને નમાઝમાં ભૂલો કરનારાઓએ પણ સમજવું જોઈએ કે કોઈ તેમની (ભૂલ) સુધારણા કરે તો ખરાબ લગાડવાને બદલે તેની વાત ઉપર અમલ કરવો જોઈએ, તેના ઉપર ગુસ્સો કરવો જોઈએ નહીં, કેમ કે તે જે કંઈ બતાવી રહ્યો છે તે તમારી ભલાઈ માટે બતાવી રહ્યો છે અને જો કડવાશ અને કડકાઈથી પણ કહી રહ્યો છે તો તેનું કાર્ય છે, તમારું કાર્ય તો હક્ક઼ (સત્ય)ને સાંભળીને અમલ કરવાનું છે, ઝઘડો કરવાનો નથી.

### ★ કુર્આન પઢવામાં ફક્ત હોઠ ફફડાવવા અને અવાજ ન કાઢવું કેવું ?! ★

કેટલાક લોકો કુર્આનની તિલાવત અથવા નમાઝ અને નમાઝની બહાર કંઈક પઢે છે ત્યારે **ફક્ત હોઠ હલાવે છે અને અવાજ બિલ્કુલ નથી કાઢતા. તેઓનું આ પ્રમાણે પઢવું, પઢવું નથી અને આ પ્રમાણે પઢવાની નમાઝ નહીં થાય અને આ પ્રમાણે કુર્આનની તિલાવત કરવાથી તિલાવતનો સવાબ નહીં મળે.**

ધીમેથી પઢવાનો મતલબ એ થાય છે કે **કમસેકમ એટલો અવાજ તો જરૂર નીકળવો જોઈએ કે કોઈ રૂકાવટ ન હોય તો પોતે ખૂદ સાંભળી શકે.** ફક્ત હોઠો હલાવવા અને અવાજથી જરા પણ ન પઢવું એ પઢવું નથી. આથી આ મસ્અલાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. *(ફતાવાએ આલમગીરી મિસ્રી, ભાગ : ૧, પેજ : ૬૫ અને બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૬૯)*

ઈલ્મ તથા આલિમનું અવમાન પણ છે. એના પરથી તે વાઈઝો સબક શીખે જેઓ તેજ લાઉડ સ્પીકરો પર અડધી અડધી રાત સુધી તક઼રીરો કરીને મજૂરો, બીમારોને પરેશાન કરે છે, આખી વસ્તીને જગાડે છે. જોવામાં આવ્યું છે કે પછી પબ્લિક ગવર્નમેન્ટને ફરિયાદ આપે છે જેના પર ૧૪૪મી ક઼લમ લાગુ પાડવામાં આવે છે. આ કેટલી મહાન બેઈજ્જતી તથા ઈલ્મની તૌહીન છે ! જો એવા વાઈઝો આ ફર્માન પર અમલ કરતા તો એ સંજોગો ઉપસ્થિત થતા કે હાકિમો તથા અફસરો ખૂદ એમની પાસેથી ઈલ્મ શીખતા, તેમની સેવામાં હાજર થતા.

**૫.** એટલે કે દુઆઓમાં વિના ખચકાટે કાફિયાવાળાં (પ્રાસવાળાં) વાક઼યો ન વાપરે કેમ કે એનાથી દુઆમાં ખુશૂઅ તથા ખુઝૂઅ નહીં રહે અને ધ્યાન સારાં વાક઼યો દર્શાવવા પર રહેશે. બારગાહે આલીમાં આજીજી તથા નિયાઝમંદી જોવામાં આવે છે ન કે જીભનું સાહિત્યિકપણુ ! યાદ રાખશો કે હુઝૂર ﷺની મોટા ભાગની દુઆઓ કાફિયાવાળી છે પણ તકલ્લુફથી (પ્રયત્ન કરીને) નથી બનાવવામાં આવી બલ્કે અસ્ફહુલ ફુસહાની જીભ મુબારકથી બેતકલ્લુફ (આપોઆપ) અને બનાવટ વિના અદા થઈ છે, જેથી આ હદીષ એના વિરુદ્ધ નથી. અહીં તકલ્લુફની મનાઈ છે.

**ઉસ્કી પ્યારી ફસાહતપે બેહદ દુરૂદ**
**ઉસ્કી દિલકશ બલાગતપે લાખોં સલામ**

**બેબનાવટ અદા પર હઝારોં દુરૂદ**
**બેતકલ્લુફ મલાહતપે લાખોં સલામ**

**મીઠી મીઠી ઈબારતપે સીરીં દુરૂદ**
**અચ્છી અચ્છી ઈશારતપે લાખોં સલામ**

# સારી વાતનો હુકમ આપવો અને બુરી વાતથી રોકવું

રજૂકર્તા : **મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી** *(હાલ : સેન્ટ્રલ મસ્જિદ, લેસ્ટર, યુ.કે.)*

પ્યારા વાંચકો ! આજે આપણે સારી વાતના હુકમ આપવા તથા બુરી વાતથી રોકવા વિશે કાંઈક જાણવાની કોશિશ કરીશું.

**અમ્ર બિલ મઅરુફ** એટલે **સારી વાતનો હુકમ આપવો** અને **નહી અનિલ મુન્કર** એટલે **બુરી વાતોથી રોકવું** ઉપરોક્ત બંને વસ્તુ રબ તઆલાએ પોતાના મો'મિન બંદાઓ માટે જરૂરી દેર્શાવેલ છે. પોતાની મુકદ્દસ કિતાબમાં ઈર્શાદ ફર્માવે છે : "તમે ખૂબ સારા છો તે બધી જ ઉમ્મતોથી જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી રોકો છો તથા અલ્લાહ પર ઈમાન રાખો છો." *(પારા : ૪, રુકૂઅ : ૩)*

બીજા ઠેકાણે આ રીતે ઈર્શાદ ફર્માવે છે : "તમારામાં એક એવું ગઠબંધન હોવું જોઈએ જે લોકોને ભલાઈ તરફ લાવે, સારી વાતોનો હુકમ આપે તથા બુરી વાતોથી રોકે અને આ લોકો કામયાબી મેળવનાર છે." *(પારા : ૨૧, રુકૂઅ : ૧૧)*

હઝરત લુકમાન હકીમે પોતાના પુત્રને નસીહતો કરી જેમાંની એકનું વર્ણન કુર્આને પાકમાં આ પ્રમાણે છે : "હે મારા પુત્ર ! નમાઝ પાબંદી સાથે અદા કર, લોકોને સારી વાતોનો હુકમ આપ અને બુરી વાતોથી રોક તથા મુસીબતના સમયે સંયમ રાખ." *(પારા : ૨૧, રુકૂઅ : ૧૧)*

ઉપરોક્ત બધી જ આયતો મુસલમાનને એ વાત માટે પ્રોત્સાહિત કરી રહી છે કે આપણુ આ દુનિયામાં આવવાનું કારણ તથા મકસદ એ જ છે કે લોકોને સારી વાતોનો હુકમ આપીએ અને બુરી વાતોથી રોકીએ તથા પોતે પણ તેના પર અમલ કરીએ કે જે આપણા પર વાજિબ તથા જરૂરી છે.

ઘણીયે હદીષોમાં પણ વિવિધ રીતે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તિર્મિઝી શરીફની હદીષે પાક છે, પ્યારા નબી ﷺ ઈર્શાદ ફર્માવે છે, **"સારી વાતોનો હુકમ આપો અને બુરી વાતોથી રોકો, નહીં તો અલ્લાહનો અઝાબ આવશે પછી તમે દુઆ કરશો તો દુઆ પણ કબૂલ નહીં થાય."**

અબૂ દાઊદ શરીફની હદીષમાં છે, **"જે કૌમમાં ગુનાહ થઈ રહ્યા છે અને લોકોમાં તેને બદલવા (રોકવા)ની ક્ષમતા હોવા છતાં ન બદલે તો ટૂંકમાં જ અલ્લાહ તઆલાનો અઝાબ તેઓ પર ઉતરશે."**

ટૂંકમાં એ કે કુર્આન તથા હદીષમાં અસંખ્ય પ્રસંગોએ ઉપરોક્ત હુકમ આપણને આપવામાં આવ્યો છે. ઈસ્લામ ધર્મનો પાયાનો મુદ્દો તથા તેના ફેલાવાનું અસલ કારણ પણ આ જ છે આપણા પ્યારા નબી علیہ الصلوٰۃ والسلام એટલા માટે જ દુનિયામાં તશરીફ લાવ્યા કે લોકોને સારા માર્ગે ચલાવે તથા બુરા રસ્તાથી દૂર રાખે. આપણા પ્યારા નબી ﷺએ પોતાની આખી મુબારક જિંદગી આ જ કામમાં પસાર કરી. લોકોએ ઘણી જ તકલીફો આપી, હિજરત પણ કરવી પડી છતાં આપણા નબી ﷺએ આ કામ છોડયું નહીં અને પોતાની ઉમ્મતને દર્સ આપ્યો કે તમે પણ આ કામ પોતાના પર લાઝિમ સમજી અદા કરતા રહેશો. અને હદીષે પાકમાં તેના ત્રણ દરજા નક્કી કરવામાં આવેલ છે. પ્યારા નબી علیہ الصلوٰۃ والسلام ઈર્શાદ ફર્માવે છે, "તમારામાંથી જે કુકર્મો જુએ તો તેને બળપૂર્વક પોતાના હાથોથી રોકે, એની તાકાત ન હોય તો જબાનથી રોકે અને એની પણ તાકાત ન હોય તો કમસે કમ દિલમાં તેને બુરો જાણે. અને આ ઈમાનનો સૌથી કમજોર દરજો છે." તો જે માણસમાં જેટલી શક્તિ હોય તે પ્રમાણે આ કામ કરતો રહે.

વળી આ વાજિબ અદા ન કરનાર વિશે ઘણી સખત વઈદો (ચેતવણીઓ) હદીષે પાકમાં આવેલી છે.

આપણા નબી ﷺ ઈર્શાદ ફર્માવે છે : ''કયામતના દિવસે એક માણસ પોતાના પડોશી વિરુદ્ધ અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં દાવો કરશે કે હે પરવરદિગાર ! આ મારો પડોશી હતો પણ એણે મારી સાથે ખયાનત કરી. તો તે (પડોશી) અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરશે, હે મૌલા ! તારા જલાલ તથા ઈજ્જતની કસમ ! ન તો મેં તેના માલમાં ખયાનત કરી છે અન ન તો તેના ખાનદાનમાં. તો તે (દાવો કરનાર) કહેશે કે એ તો ઠીક કે તેણે મારા માલ તથા ખાનદાનમાં ખયાનત નથી કરી પણ ગુનાહો તથા કુકર્મોમાં મને સપડાયેલો જોવા છતાં મને બચાવવાની કોશિશ ન કરી! તો અલ્લાહ તબારક વ તઆલા તેને (પડોશીને) આ કામની સજામાં જહન્નમમાં નાખવાનો હુકમ કરશે.'' *(રિસાલતુસ્સલાત)*

પ્યારા વાંચકો ! ઉપરોક્ત હદીષની રોશનીમાં આપણે પોતાની જાતને જોઈએ ! આજના માહોલમાં પાસ પડોશને ગુનાહો તથા બુરાઈઓથી વંચિત રાખવાની વાત તો ઘણી જ દૂર રહી, પણ આપણે પોતાની ઔલાદને જ બુરાં કાર્યોનો હુકમ આપીએ છીએ ! ખુલેઆમ શરીઅતના હુકમોની ધજ્જીઓ ઉડાડવાની છૂટ આપીએ છીએ, વળી તેની પ્રશંસા પણ કરીએ છીએ ! તો શું આપણે અલ્લાહ તબારક વ તઆલાની બારગાહ સમક્ષ હિસાબ નથી આપવાનો ?! ખરેખર બધાને જ હિસાબ આપવાનો રહ્યો, તો પછી આપણે તેના માટે શું તૈયારી કરી છે ? અને જે માણસ ઉપરોક્ત કામ કરી પોતાની જિમ્મેદારી તથા ફર્ઝ અદા કરે છે કુર્આન તથા હદીષમાં તેની ઘણી જ ફઝીલતો છે.

એકવાર હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મુશ્રિકો સાથે લડવા સિવાય પણ કોઈ જંગ છે ? હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, હા ! હે અબૂબક્ર ! અલ્લાહની ધરતી પર એવા મુજાહિદો પણ રહે છે જે શહીદોથી પણ અફઝલ છે, ધરતી પર હરેફરે છે, રોજી મેળવે છે વળી ફરિશ્તાઓ તેમના પર ફખ્ર કરે છે અને જન્નત તેમના માટે શણગારવામાં આવે છે....... તો સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ અર્ઝ કરી, હુઝૂર ! તે કોણ લોકો છે ? તો ઈર્શાદ ફર્માવ્યો કે તે સારી વાતોનો હુકમ આપનાર, બુરી વાતોથી રોકનાર અને અલ્લાહ ખાતર દુશ્મની તથા અલ્લાહ ખાતર દોસ્તી કરવાવાળા લોકો છે જેમનો આ મર્તબો છે.

એકવાર હઝરત મૂસા علیہ السلام એ અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી, હે પરવરદિગાર ! તે માણસ માટે શું બદલો છે જે પોતાના ભાઈને બોલાવી સારા કામ (નેકી)ની દા'વત આપે અને બુરાઈથી રોકે તો રબ તઆલાએ ફર્માવ્યું કે તેના દરેક શબ્દના બદલે એક વરસની ઈબાદત લખી દેવામાં આવે છે અને મારી રહમતને તેને જહન્નમમાં સળગાવતાં શરમ આવે છે. *(મુકાશિફતુલ કુલૂબ)*

પ્યારા વાંચકો ! આજે મુસલમાનો કરોડોની સંખ્યામાં છે છતાં માત્ર ભારત કે એશિયામાં જ નહીં પણ આખા વિશ્વસના વિવિધ મુસીબતો સામે જઝૂમી રહ્યા છે, ઠેરઠેર મુસીબતો અને તકલીફોમાં સપડાયેલા છેઘ ખુલ્લેઆમ કતલ કરવામાં આવી રહ્યા છે, સુકૂન તથા ચૈન ઘણો જ દૂર થઈ ગયો છે, તેનું કારણ શું છે ? જ્યારે કે ભૂતકાળમાં પણ મુસલમાનો હતા અને ગણત્રીના જ હોવા છતાં આખા જગત પર પોતાનો રુઆબ તથા હુકૂમતના છાંયડા છોડી ગયા, આખા વિશ્વને ઈસ્લામી સલ્તનતમાં બદલી નાખ્યું હતું. તેનું કારણ શું ? તો કારણ ખૂબ જ સ્પષ્ટ છે કે તેઓએ સંપૂર્ણપણે પોતાના દુનિયામાં આવવાના મકસદ તથા કારણને પૂર્ણ કર્યું અને રસૂલ ﷺ ની પ્યારી જિંદગીને પોતાના માટે આયડિયલ બનાવી. જ્યારે કે આપણે દુનિયામાં આપણો આવવાનો મકસદ ભૂલી ગયા, મોજ મસ્તી અને એશ પરસ્તીમાં પડી ગયા, પ્યારા નબી علیہ الصلوٰۃ والسلام ની પ્યારી જિંદગીના બદલે ફિલ્મી હસ્તીઓને પોતાનો આયડિયલ બનાવી તથા પોતાની ઔલાદને પણ આ જ તા'લીમ આપી, જેના કારણે આવા ખરાબ દિવસો જોવા પડયા.

હજુ પણ ઘણો સમય છે, જો આપણે કુર્આન તથા હદીષ અને બુઝુર્ગોની જિંદગી પર અમલ કરી જે કારણ તથા મકસદ હેઠળ આપણને આ દુનિયામાં મોકલવામાં આવ્યા છે તેના પર અમલ કરી લઈએ તો ફરી એકવાર ભૂતકાળનો ઈતિહાસ દોહરાવી શકાય. (ઈન્શાઅલ્લાહ !)

મૌલા તઆલા ﷻ પોતાના હબીબ ﷺ ના સદકામાં આપણને સૌને નેક કામ કરવાની તથા લોકોને ભલાઈ તરફ બોલાવવાની અને બુરાં કામોથી દૂર રહી ઘર, પરિવાર તથા માહોલને બુરાઈથી પાક કરવાની નેક તૌફીક આપે. (આમીન)

# હઝરત સૈયદા નફીસા رضی اللہ عنہا

## બહેનો માટે એક આઈડિયલ જિંદગી

રજૂકર્તા : **આલિમા રૂબીના મૌલાના ગુલામયાસીન-ટંકારીઆ**

ઈસ્લામી ઈતિહાસમાં અસંખ્ય હસ્તીઓ એવી જોવા મળે છે કે જેમણે પોતાની પરહેઝગારી, ઈબાદત, રિયાઝત તેમજ મખ્લૂકે ખુદાની સેવા દ્વારા અલ્લાહ તબારક વ તઆલાની નિકટતા પ્રાપ્ત કરી. આજે સદીઓ ગુજરી ગઈ છતાં પણ ઈતિહાસ તે પવિત્ર હસ્તીઓ પ્રત્યે ગર્વ અનુભવે છે જેમનું જીવન ચરિત્ર લોકો માટે દીવાદાંડી સમાન છે. ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવે તો વિલાયત તથા બુઝુર્ગીના દરજ્જાઓથી સન્માનિત થયેલ હસ્તીઓમાં પુરૂષોની સંખ્યા અધિક છે, પરંતુ ઈતિહાસમાં કેટલાયે નામો એવી પવિત્ર નારીઓનાં પણ છે જેમણે પોતાના જીવનના ફરાઈઝ અદા કરવાની સાથે સાથે તસવ્વુફ અને વિલાયતના માર્ગોમાં એવાં કારનામાં અંજામ આપ્યાં છે કે જે પોતે જ પોતાનું દૃષ્ટાંત છે. અને જેવી રીતે અઝવાજે મુતહ્હરાત, અહલે બૈતે અત્હારની મહાન મર્તબાની શહઝાદીઓ જલ્વા અફરોઝ છે તેવી જ રીતે એક એવી બુલંદ મર્તબા હસ્તી પણ હતી જે વિલાયતના આકાશમાં ચમકે છે જેનાથી હમેશાં ઈલ્મો અને વિદ્યા કલાઓના ફૈઝ જારી રહ્યા અને ઈસ્લામી ઈતિહાસમાં કેટલાય સૂફીઓ અને અઈમ્માએ કિરામે પોતાના દામનને તેમના ફૈઝથી ખૂશ્બુદાર કર્યા, તે હસ્તીને ઈસ્લામી ઈતિહાસ "નફીસતુલ ઉલૂમ વલ મઆરિફ" رضی اللہ عنہا ના ખિતાબથી યાદ કરે છે. આ લેખનો હેતુ તેમના ઉલ્લેખથી પોતાના દિલો અને દિમાગને રોશન કરવાનો છે.

### ★ નામ અને વંશવેલો ★

આપનું નામ સૈયદા નફીસા رضی اللہ عنہا બિન્તે હસન અન્વર رضی اللہ عنہ છે. સૈયદ હસન અન્વર, સૈયદ ઝૈયદ અલીજના સાહબઝાદા અને ઈમામ હસન બિન અલીના પૌત્ર છે. આ રીતે **સૈયદા નફીસા ઈમામ હસનનાં પરપૌત્રી** છે.

### ★ આપની વિલાદત ★

હઝરત સૈયદના નફીસા رضی اللہ عنہا મક્કા મુકર્રમા ૧૧ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૫ના બુધવારના રોજ હઝરત હસન અન્વર અને હઝરત ઉમ્મે સલ્મા ઝયનબ رضی اللہ عنہا ના ઘરે જન્મ્યા. આપની ઉમ્ર મુબારક પાંચ વર્ષની હતી ત્યારે આપના વાલિદને મદીના મુનવ્વરાના અમીર બનાવવામાં આવ્યા અને આપના ખાનદાને મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા તરફ હિજરત કરી. આપે **છ વર્ષની વયે કુર્આન હિફ્ઝ** કરવાનું શરૂ કર્યું અને તેની સાથે સાથે ઈમામ દારુલ હિજરત, **ઈમામ માલિક પાસે હદીષ તથા ફિક્હનો ઈલ્મ** પ્રાપ્ત કરતાં રહ્યાં. મસ્જિદે નબવીમાં થતી ઈલ્મી અને ફિક્હી મજલિસમાં પણ હાજરી આપતાં અને ઈલ્મમાં નિપૂર્ણતા પ્રાપ્ત કરી. આપના વાલિદ હઝરત હસન અન્વરનો નિયમ હતો કે મસ્જિદે નબવીમાં નમાઝ અદા કર્યા પછી **પોતાની નાની વયની સાહબઝાદી સૈયદ નફીસાને રોઝએ રસૂલ ﷺની હાજરી આપવા લઈ જતા** અને ત્યાં તાજદારે કાઈનાતની બારગાહમાં અર્ઝ કરતા, "યા રસૂલલ્લાહ ! ﷺ હું મારી પુત્રી નફીસાથી રાજી છું." આટલુ કહી આપ પરત આવતા. એક દિવસ તાજદારે કાઈનાત ﷺએ હઝરત હસન અન્વરને સ્વપ્નમાં ઝિયારત કરાવી અને ફર્માવ્યું, **"હે હસન ! હું પણ તારી પુત્રી નફીસાથી રાજી છું અને**

**મારો ખુદા પણ તેનાથી રાજી છે."** (સુબ્હાનલ્લાહ!)

### ★ સૈયદા નફીસાની શાદી અને અવલાદ મુબારક ★

સૈયદા નફીસાનો નિકાહ તાજદારે કાઈનાત ﷺએ પોતે નક્કી કર્યો. ઈમામ જાફર સાદિક઼ના સાહબઝાદા હઝરત ઈસ્હાક઼ મોઅતમીનએ હઝરત હસન અન્વરથી સૈયદા નફીસા સાથે નિકાહ કરવાની ઈચ્છા વ્યક્ત કરી પણ તેમણે કોઈ જવાબ ન આપ્યો. હઝરત ઈસ્હાક઼ મોઅતમીનએ તાજદારે કાઈનાત ﷺની બારગાહમાં અર્ઝ કરી, **યા રસૂલલ્લાહ ! મેં તેણીથી નિકાહ કરવાની તમન્ના કેવળ એટલા માટે જ કરી કે સૈયદા નફીસા તક઼્વા, હયા, ખિદમતે ખલ્ક઼ અને ઈબાદત અને રિયાઝતમાં પોતાનું દષ્ટાંત પોતે જ છે અને કલામે ઈલાહીની હાફેઝા અને મુફસ્સિરા પણ છે.** આટલું અર્ઝ કરી આપ પરત ગયા. આગલી રાત્રે જ સરકારે મુસ્તફા ﷺએ હઝરત હસન અન્વર رضی اللہ عنہને સ્વપ્નમાં દીદાર કરાવ્યો અને ફર્માવ્યું, "હે હસન! નફીસાનો નિકાહ ઈસ્હાક઼ મોઅતમીનની સાથે કરાવી આપો." અને આપના નિકાહ જુમ્આના દિવસે પાંચમી રજબ હિ.સ. ૧૬૧માં થયા. હઝરત ઈસ્હાક઼ મોઅતમીન **પોતાના સમયના સૌથી મહાન મુહદ્દિષ** હતા. અને કેટલાક ઈમામોએ તેમનાથી રિવાયતો નક઼લ કરી છે. આપની ઝિયારત કરવાવાળાઓનું કહેવું છે કે આપ હુઝૂર ﷺથી મુશાબહત (મળતાપણુ) ધરાવે છે. અલ્લાહ તબારક વ તઆલાએ આપને એક સાહબઝાદા સૈયદ ક઼ાસિમ અને એક સાહબઝાદી સૈયદા ઉમ્મે કુલ્ષૂમ અતા કરી.

### ★ ઈબાદત અને રિયાઝત ★

સૈયદા નફીસાનું દિલ ઈબાદતના શોખ, અલ્લાહથી મહોબ્બત, ઈમાનનું નૂર, સત્યતા અને યક઼ીનથી ભરપૂર હતું. **ઈલ્મ** અને **અમલ, અલ્લાહની પહેચાન, અલ્લાહની રઝામંદી** અને **રસૂલુલ્લાહ ﷺની ઈતાઅત** (આજ્ઞાપાલન) જે **આપની જિંદગીનો લિબાસ** હતો. આપની ભત્રીજી સૈયદા ઝયનબ બિન્તે યહયા ફર્માવે છે, **મારાં ફોઈ ખૂબ જ પરહેઝગાર અને મુત્તક઼ી ખાતૂન હતાં. હું ચાલીસ વરસ સુધી આપની ખિદમતમાં રહી છું અને આ લાંબા સમયમાં મેં ક્યારેય તેમને સૂતાં નથી જોયાં. આપ ત્રણ દિવસમાં ફક્ત એક વખત જમતાં હતાં.**

ઈમામ શરફુદ્દીન બુસૈરીએ સૈયદા નફીસાની શાનમાં કહ્યું છે :–

*અર્શ કે હક઼ાઈક઼ સે ગીરતે હૈં જો અસ્રાર*
*ક઼બ્રે નફીસા પર જો હૈ બિન્તે ઝી અન્વાર*
*હસન બિન સૈયદ બિન હસન હૈ બેટે ઈમામ અલી કે*
*વો હૈં બેટે મુસ્તફા મુખ્તાર કે ચચા કે*

હઝરત સૈયદ નફીસાએ જિંદગીમાં ત્રણ વખત હજ્જે બૈતુલ્લાહ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું, અને મોટા ભાગે હજ્જ પગપાળા અદા કરી. જ્યારે આપને પૂછવામાં આવ્યું કે કમજોર હાલતમાં પાછી આવી તકલીફ શા માટે ઉઠાવો છો ? તો આપે ફર્માવ્યું, **ઈમામ હુસૈન ફર્માવ્યા કરતા** હતા કે **મને શરમ આવે છે જો હું મારા રબની બારગાહમાં હાજરી આપવા માટે પગપાળા પણ ન જઈ શકું. બસ! હું તેમની સુન્નત પર ક઼ાઈમ રહેવા કોશિશ કરું છું.**

હઝરત સૈયદા નફીસાનાં ભત્રીજી સૈયદા ઝયનબ رضی اللہ عنہا ફર્માવે છે કે સૈયદા નફીસા رضی اللہ عنہاએ **પોતાની ક઼બ્ર પોતે જ તૈયાર કરી અને તેમાં છ હજાર વખત કુર્આન શરીફ ખત્મ કર્યા.** આપ કુર્આનની તિલાવત ખૂબ જ કરતાં અને મૃત્યુના સમય સુધી કરતાં રહ્યાં, **આપે ઘણી નમાઝો પોતાની ક઼બ્રમાં અદા કરી અને આપે આખી જિંદગી રોઝાની હાલતમાં પસાર કરી.** (ઈદ અને તશરીક એટલે ૯, ૧૦, ૧૧, ૧૨ ઝિલ હજ્જના દિવસો સિવાય)

### ★ સૈયદના ઈબ્રાહીમ علیہ السلامના દીદાર જાગૃતાવસ્થામાં !★

સૈયદા નફીસા رضی اللہ عنہا વિશે સૈયદા ઝયનબ

رضی اللہ عنہا ફર્માવતાં હતાં કે સૈયદા નફીસા કુર્આન મજીદનાં હાફિઝા, મુફસ્સિરા અને એક મહાન શાએરા હતાં, તિલાવતના સમયે હમેશાં આપની આંખોથી આંસૂ વહેતાં હતાં, અને આપ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં અર્ઝ કરતાં, "હે મારા રબ ! મારા માલિક ! મારા માટે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ઝિયારતને આસાન ફર્માવી દે. એટલા માટે કે તું જાણે છે કે તેઓ અબુલ અંબિયા (નબીઓના પિતા) છે અને મારા જદ્દે અમજદ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمના જદ્દ (દાદા) પણ છે.

સૈયદા નફીસા رضی اللہ عنہا જયારે મિસર તરફ સફરમાં રવાના થયાં તો રસ્તામાં હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامની મઝારે અકદસ ફિલિસ્તીનમાં હાજરી આપી. ત્યાં ઘણીવાર સુધી સૂરએ ઈબ્રાહીમની તિલાવત કર્યા બાદ હઝરત ઈબ્રાહીમની બારગાહમાં અર્ઝ કરી, હે મારા જદ્દે આ'લા ! હું આપની બારગાહમાં આજે શરીર અને રૂહ સાથે હાજર થઈ છું. જયારે કે આથી પહેલાં કેવળ મારી રૂહ આપની બારગાહમાં હાજર થતી હતી. આજે મને આપ પોતાનો દીદારની જાગૃતાવસ્થામાં કરાવો. આટલું જ કહેવાની વાર હતી કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام તશરીફ લાવ્યા. અને ફર્માવ્યું, હે મારી પુત્રી ! હે નફીસા ! તને બશારત (ખુશખબરી) આપુ છું કે બેશક ! તું નેક અને અલ્લાહની બારગાહમાં મોઅદબ હસ્તીઓમાંથી છે. હું તને વસિયત કરું છું કે સૂરએ મુઝમ્મિલ વધુ પ્રમાણમાં પઢયા કર. પછી સૈયદ નફીસાએ કહ્યું, હે મારા જદ્દે અકબર ! મારી તમન્ના છે કે **મને અલ્લાહની નિકટતા પ્રાપ્ત થાય અને અલ્લાહ મારાથી રાજી થઈ જાય.** આના પછી મારી કોઈ તમન્ના નથી. તેના પર સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું, હે મારી બેટી ! તને મુબારકબાદી પાઠવું છું કે બેશક ! અલ્લાહ તબારક વ તઆલાએ તારી દુઆ કબૂલ કરી અને તારાથી રાજી છે. હું તને આલમે અરવાહ (રૂહોની દુનિયા)માં અને અલ્લાહની સમક્ષ કયામતના દિવસે ભૂલીશ નહીં.

## ★ મિસરની તરફ હિજરત ★

જયારે અબ્બાસ ખલીફા મન્સૂરના ખિલાફતનો યુગ આવ્યો તો તેણે વિના કારણે હઝરત સૈયદા નફીસાના વાલિદને કેદ કર્યા અને આપના ખાનદાનને જુલ્મ અને અત્યાચારનું નિશાન બનાવ્યું. આપના વાલિદના વિસાલ પછી આપે પોતાના પતિ હઝરત ઈસ્હાક મોઅતીમન અને બાળકો સૈયદ કાસિમ અને સૈયદા ઉમ્મે કુલ્સૂમની સાથે આકા صلی اللہ علیہ وسلمની બારગાહમાં પરવાનગી લઈ મિસર તરફ હિજરત કરી. સિરિયાના શહેરોથી પસાર થઈ શનિવારના રોજ ૨૬ રમઝાનુલ મુબારક હિ.સ. ૧૯૩માં મિસર પહોંચ્યાં. તે સમયે આપની વય ૪૮ વર્ષની હતી. આપના આગમન પહેલાં જ મિસરમાં આપની મહાનતા અને વિલાયત, ઈલ્મ અને મઅરેફતની ચર્ચા થઈ ચૂકી હતી. એટલા માટે મિસરવાળાઓએ આપનું ભાવભીનુ સ્વાગત કર્યું જે મિસરવાળાઓનો અહલે બૈતથી અતિશય મહોબ્બતનુ દષ્ટાંત હતું.

## ★ કરામત જોઈને યહૂદીઓ મુસલમાન ! ★

હઝરત સૈયદા નફીસા બાકરામત વલિય્યહ્ કામિલા હતાં. હિજાઝ અને મિસરવાળા આપની કરામતો પર હમેશાં સાક્ષી રહ્યા. આપના થકી ઘણી કરામતો એવી જાહેર થઈ છે જેની ચર્ચા કેવળ મુસલમાનોમાં જ નહીં પરંતુ ગૈર મુસ્લિમોમાં પણ થવા લાગી. એક જમાઅત પોતાની જરૂરતો લઈને આપની ચોખટ પર હાજર રહેતી, એક વખત એક યહૂદી સ્ત્રી પોતાના પગેથી અપંગ પુત્રીને આપની ખિદમતમાં છોડી પોતાના કામથી ચાલી ગઈ. તે સમયે સૈયદા નફીસા વૂઝુ કરી રહ્યાં હતાં. જયારે વુઝૂના પાણીના અમુક ટીપાં તે છોકરીના અપંગ પગો પર પડયાં તો તેમાં એક અજીબ સ્થિતિ છવાઈ ગઈ અને થોડી જ ક્ષણોમાં તેને અનુભવ થવા લાગ્યો કે તેના પગોમાં ફરીથી જિંદગી આવી ગઈ અને તે સાજી થઈ ગઈ. જયારે તેની માતાએ આ દશ્ય જોયું તો તેણીએ તરત જ આપના હાથ પર ઈસ્લામ સ્વીકારી લીધો

અને આ બનાવથી તે યહૂદી સ્ત્રીનું આખુ કુટુંબ ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયું. જેવી રીતે સૈયદા નફીસાના જિસ્મે અત્હરથી (શરીર મુબારકથી) સ્પર્શેલ પાણીનાં ટીપાંથી મુર્દા પગોમાં જાન આવી ગઈ, તેવી જ રીતે આ બનાવની ખ્યાતિથી હજારો દિલોને ઈમાનની રોશનીથી રોશન કર્યા.

આપના વસીલાથી સિત્તેર યહૂદી ખાનદાન ઈસ્લામના વર્તુળમાં દાખલ થયાં. ઈતિહાસકારોએ આપની ૧૫૦ સ્પષ્ટ કરામતોનો ઉલ્લેખ કર્યો છે જેનું શારહે બુખારી હાફેઝ ઈબ્ને હજર અસ્કલાનીએ સંપાદન કર્યું છે.

### ★ ઈલ્મી મક઼ામ ★

આપથી સદ્વ્યવહાર અને તસવ્વુફ, ઈલ્મો અને વિદ્યાઓનો ફૈઝ હમેશાં જારી હતો એ જ કારણ છે કે ઈમામ મુહમ્મદ બિન ઈદ્રીસ શાફઈ અને ઝુન્નૂન મિસ્રી જેવી બુલંદ મર્તબા હસ્તી આપથી ફૈઝયાબ થતી હતી, ઈમામ શાફઈ આપથી ઈલ્મે હદીષ અને ફિક઼્હ હાંસલ કરતા રહ્યા. ઈમામ શાફઈની આદત હતી કે જ્યારે આપ બીમાર થતા તો સૈયદા નફીસાની ખિદમતમાં દુઆની દરખાસ્ત મોકલતા. સંદેશો લાવનાર પરત આવે તે પહેલાં અલ્લાહ તબારક વ તઆલા આપને શિફાયાબ ફર્માવી દેતો. જ્યારે ઈમામ શાફઈ મરણ પથારીએ હતા તો આપે આદત પ્રમાણે એક શાગિર્દને દુઆ કરાવવા માટે સૈયદા નફીસા رضی اللہ عنہاની ખિદમતમાં મોકલ્યો. આપે તે શાગિર્દને આ પયગામ સાથે મોકલ્યો : "અલ્લાહની મુલાકાત શ્રેષ્ઠ છે અને તેની તરફ ધ્યાન કન્દ્રિત કરવું લાભદાયક છે." આ પયગામ સાંભળતાની સાથે હઝરત ઈમામ શાફઈ સમજી ગયા હવે તેમનો મૃત્યુનો સમય આવી ગયો છે. તો આપે પોતાના શાગિર્દોને વસિયત કરી કે હવે મારા મૃત્યુ પછી મારા જનાઝામાં સૈયદા નફીસા જરૂર હાજરી આપે. જ્યારે ઈમામ શાફઈનો વિસાલ થયો તો મિસરના અમીર ઈબ્ને હકીમે કહ્યું કે ઈમામ શાફઈના જનાઝાને સૈયદા નફીસાની બારગાહમાં લઈ જવામાં આવે એટલા માટે કે આપ વધુ ઈબાદત અને રોઝાના કારણે ખૂબ બીમાર થઈ ગયાં છે. આના પર ઈમામ શાફઈના જનાઝાને સૈયદા નફીસાના ઘરે લઈ જવામાં આવ્યો જ્યાં સૈયદા નફીસા رضی اللہ عنہاએ પોતાના ઓરડામાં પર્દાની સાથે ઈમામ શાફઈના જનાઝાની નમાઝ ઈમામ યાકૂબ બુયુતિની ઈક઼્તેદામાં અદા કરી. ઈમામ બુયુતિ હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہના અઝીઝ સાથીઓમાંથી હતા. જનાઝાની નમાઝ અદા કર્યા પછી જનાઝામાં આવેલા નેક લોકોમાંથી એક બુઝુર્ગે કહ્યું, "બેશક ! અલ્લાહ તઆલાએ ઈમામ શાફઈના સદક઼ામાં દરેક તે વ્યક્તિની મગફેરત ફર્માવી જેણે હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہની નમાઝે જનાઝા પઢી અને હઝરત સૈયદા નફીસા رضی اللہ عنہاની ઈમામ શાફઈની નમાઝે જનાઝા પઢવાના સદક઼ામાં તેમને મગફેરત ફર્માવી.

આ રીતે હઝરત ઝુન્નૂન મિસ્રીના પણ સૈયદા નફીસાથી સંબંધ સારા તથા ખૂબ જ મજબૂત હતા. અને આપનુ કથન હતું કે તે જમાનામાં હઝરત સૈયદા નફીસા رضی اللہ عنہاથી વધીને કોઈ મુસ્તજાબુદઅવત હસ્તી ન હતી.

આનાથી અંદાજો થાય છે કે હઝરત સૈયદા નફીસા એક સમયમાં આલિમા, ફાઝિલા, અને વલિય્યહ્ કામિલા હતાં અને બંને ક્ષેત્રનાં રાહીઓ આપની હિદાયત અને ફયઝ હાંસલ કરવા માટે આપની બારગાહમાં હાજરી આપતા હતા.

### ★ હઝરત સૈયદા નફીસાનો વિસાલ મુબારક ★

આપના વિસાલનો સમય જ્યારે નજીક આવ્યો તો આપ રોઝાથી હતાં. તબીબોએ આપને કહ્યું કે રોઝો ઈફતાર કરી લો ! તો હઝરત સૈયદાએ કહ્યું, આશ્ચર્ય છે મને ત્રીસ વર્ષ થઈ ગયાં મારા રબથી દુઆ કરતાં કે મને રોઝાની હાલતમાં મૌત આપજે અને તમે કહી રહ્યા છો કે વધુ પેજ નં. ૩૯....પર

# મુજાહિદે મિલ્લતના رحمۃ اللہ علیہ જીવનના ચમકતાં પાસાંઓની ઝલક !

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

વિશ્વના ગુલશનોમાં અસંખ્ય ફૂલો દરરોજ ખિલતાં મુરઝાતાં રહે છે પણ કેટલાંક ફૂલો એવાં ખીલી ઉઠે છે કે જેની ખૂશ્બુ દૂર સુધી દેર સુધી ફેલાતી રહે છે જેનાથી પુષ્કળ લોકો પોતાના દિલો દિમાગને તરોતાજગી બખ્શે છે. હુઝૂર મુજાહિદે મિલ્લત શાહ મુહમ્મદ હબીબુર્રહમાન عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُની જિંદગી પણ એવા જ ફૂલના દષ્ટાંતરૂપ છે કે જેમની મહેકતી જિંદગીએ અસંખ્ય રાહે રાસ્તના તલાશ કરનારાઓને પોતાની ઈમાની ઈર્ફાની ખૂશ્બુ વડે જન્નતની રાહ પર દોડતા કર્યા અને ગુમરાહીથી બચાવી ઈમાનની ચમક તથા તાજગીથી તેમનાં દિલોને જીવંત કરી આપ્યાં અને આજે પણ એમની જિંદગી હક્કના તાલિબ માટે દીવાદાંડી સમાન છે. ઓરિસ્સાના જિ. બાલેશ્વરના ધામનગરમાં હિ.સ. ૧૩૨૨, ૮ મુહર્રમ, ૨૨ માર્ચ ઈ.સ. ૧૯૦૪ શનિવારે આ ઈમામુત્તારિકીન, સૈયદુસ્સાલિકીન, સૂફીએ બાસફા, આલિમે બાઅમલ, તાજદારે સુન્નિયત, હુઝૂર મુજાહિદે મિલ્લત શાહ મુહમ્મદ હબીબુર્રહમાન رحمۃ اللہ علیہનો જન્મ એક જાગીરદાર પણ દીનદાર ઘરાનામાં થયો હતો.

### ★ મુજાહિદ હોવા વિશે આ'લા હઝરતની બશારત ! ★

તા'લીમ વગેરે મંઝિલો પસાર કર્યા બાદ આપને પીરે તરીકત હઝરત મૌલાના મુફતી અબ્દુલકાફી નક્શબંદી قدس سرہથી કાદરી, નક્શબંદી, મુજદ્દિદીથી બયઅતનો શરફ મયસ્સર થયો. ત્યાર બાદ ઘણા મહાન ઉલમા બુઝુર્ગોએ આપને ખિલાફત તથા ઈજાઝતથી નવાઝયા જેની યાદી લાંબી છે પણ બરેલીશરીફથી આપની નિસ્બતની દાસ્તાન આ પ્રમાણે છે :–

શાહઝાદાએ આ'લા હઝરત હુજ્જતુલ ઈસ્લામ મૌલાના શાહ મુહમ્મદ હામિદ રઝાખાં رحمۃ اللہ علیہએ સરકાર મુજાહિદે મિલ્લતના નાના ભાઈ હઝરત મૌલાના કારી મુહમ્મદ મુજીબુર્રહમાન رحمۃ اللہ علیہની શાદીમાં શિર્કતના પ્રસંગે ૧–ઝીલ હજ્જ હિ.સ. ૧૩૫૦માં સરકાર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہને સર્વ સિલસિલાઓની ઈજાઝત અતા ફર્માવી, સાથોસાથ કુર્આન હકીમ, સિહાહ તથા સુનન, અહાદીષ, અઝકાર તથા આમાલ તથા અવરાદની ઈજાઝતોથી પણ સરફરાઝ કર્યા. હઝરત હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہના સરકાર મુજાહિદે મિલ્લતની પ્રતિ લગાવનું કારણ ખૂદ હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہની ઝબાની એ હતું કે ૨૫ સફર હિ.સ. ૧૩૪૦ના રોજ સરકાર આ'લા હઝરત عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُના વિસાલ પછી ચોતરફ અંધકાર જ અંધકાર જણાતો હતો. સરકાર હુજ્જતુલ ઈસ્લામ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ દરેક સમયે અશ્રુમય રહેતા હતા કે હવે સુન્નતની રક્ષા કોણ કરશે ? બાતિલ કુવ્વતોની વિરુદ્ધ હક્કનો અવાજ આટલી સખ્તીપૂર્વક કોણ બુલંદ કરશે ? દેવબંદિયત, વહાબિયત તથા કાદયાનિયતના ઉમંડતા પુરની વિરુદ્ધ કોણ બંધ બાંધશે ? સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہના વિસાલના બરાબર ત્રીસ દિવસ પછી સરકાર હુજ્જતુલ ઈસ્લામે અશ્રુમય આંખો વડે દરબારે આ'લા હઝરતમાં અર્ઝ પેશ કરી. થોડીક વારમાં બેઠાં બેઠાં ઊંઘ છવાઈ ગઈ. સરકાર આ'લા

હઝરત તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે તમે આટલા પરેશાન શા માટે છો ? આ તરફ જુઓ ! એ શખ્સનું નામ હબીબુર્રહમાન છે, ઓરિસ્સાના ધામનગરમાં રહે છે. લાખોની જમીનદારી વસૂલ કરે છે પણ એ શાહીમાં પણ ફકીરીને પ્રિય ગણે છે. આ જ તે **મુજાહિદ છે** જે બાતિલની વિરુદ્ધ હક્કનો અવાજ બુલંદ કરવામાં સુસ્તી વર્તશે નહીં. જે કૌમ તથા મિલ્લતની રહનુમાઈમાં પોતાનું સર્વસ્વ કુર્બાન કરશે. હઝરત હુજ્જતુલ ઈસ્લામની સમક્ષ ૧૯ વરસના એક નવયુવાનનો ઢાંચો ઉભેલો હતો. લાંબો કુર્તો, ચેકસની લુંગી, માથા પર દુપલી ટોપી અને પાતળી કાળી દાઢી. સરકાર આ'લા હઝરત قدس سرہએ ફર્માવ્યું કે હવે તમને કોઈ પરેશાની ન રહેવી જોઈએ. હઝરત હુજ્જતુલ ઈસ્લામની આંખો ખુલી અને બેકરારી અધિક વધી ગઈ કે એ નવયુવાનથી મુલાકાતનો માર્ગ શો થશે ! આ'લા હઝરતના પ્રથમ ઉર્સના મૌકા પર હુઝૂર મુજાહિદે મિલ્લત બરેલી શરીફ તશરીફ લઈ ગયા. આ તેમની એ આસ્તાના પર પ્રથમ હાજરી હતી. આ'લા હઝરતની હયાતીમાં કદમબોસીની આરઝૂ પૂરી થઈ શકી ન હતી. હુઝૂર મુજાહિદે મિલ્લત એક ખૂણામાં કુર્આનપાકની તિલાવતમાં મશગૂલ હતા એવામાં હુજ્જતુલ ઈસ્લામ قدس سرہની નજર પડી, તો પૂછયું કે તમારું નામ હબીબુર્રહમાન છે ? તમે ઓરિસ્સાના રહેવાસી છો ? જમીનદાર છો ? સરકાર મુજાહિદે મિલ્લતે હા પાડી તો આપે ગળે લગાડી લીધા અને ખ્વાબવાળી વાત જણાવી. સરકાર મુજાહિદે મિલ્લત પણ અશ્રુમય થઈ ગયા."

આ રીતે આ'લા હઝરત رضی اللہ عنہએ હુઝૂર મુજાહિદે મિલ્લતને મુજાહિદ હોવાની સનદ પણ આપી અને હુઝૂર હુજ્જતુલ ઈસ્લામને સાંત્વન પણ આપ્યું.

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝા અને મુજાહિદે મિલ્લત ★

એકવાર ઈલાહાબાદમાં સરકાર મુજાહિદે મિલ્લતને ખબર મળી કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَيهِ الرَّحمَةُ وَ الرِّضوَانની તશરીફ આવરી અલ્હાજ રહમતુલ્લાહ સાહબ ઉર્ફે ઈદુમિયાંના મકાન પર થઈ છે તો આપ તુરત જ ત્યાં તશરીફ લઈ ગયા, દસ્તબોસી કરી અને પગોવાળી (દોઝાનૂં)ને બેસી ગયા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદને જેવું સરકાર મુજાહિદે મિલ્લતના પગોનુ તળિયુ નજરે ચઢયું તેવો જ આપે તળિયાનો પગની આંગળીઓ વડે સ્પર્શ કર્યો અને તેને આંખોથી લગાડી અને હોટો વડે ચૂમી લીધી અને ફર્માવ્યું, હઝરત ! કદી મને પણ તો કદમબોસીનો મોકો ઈનાયત કર્યા કરો ! સરકાર મુજાહિદે મિલ્લતની આંખો છલકાઈ ઉઠી અને હુઝૂર મુફતીએ આ'ઝમ પણ અશ્રુમય થઈ ગયા. સુબ્હાનલ્લાહ ! આ બુઝુર્ગોની આપસમાં અકીદત તથા મહોબ્બત હતી !

## ★ હજ્જના સમયે નજદીઓએ શો જુલ્મ કર્યો ? ★

આપે કેટલીયેવાર હજ્જ કરેલ છે. ઈ.સ. ૧૯૭૯માં છઠ્ઠીવાર હજ્જની અદાયગી માટે તશરીફ લઈ ગયા પણ આપના જીવનમાં કેટલીક સુન્નતોની અદાયગી બાકી હતી એટલા માટે એ સુન્નતોને એ રીતે પૂર્ણ કરવામાં આવી કે નજદી હુકૂમત થકી ગિરફતાર કરવામાં આવ્યા, તડકામાં ઉભા રાખવામાં આવ્યા, કોરડા પડયા, લોખંડની જંજીરોમાં જકડવામાં આવ્યા અને હજ્જ કર્યા વિના પાછા મોકલી દેવામાં આવ્યા. ઈ.સ. ૧૯૮૦માં ૧૫ સપ્ટેમ્બરમાં સરકાર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہની પવિત્ર બારગાહમાં હાજરી માટે રવાના થયા. કાદરી ખજાનાથી અતિશય સરફરાઝી પછી ૧૮ ઓકટોબર ૧૯૮૦ના રોજ હજ્જના માટે તશરીફ લઈ ગયા. જે જાલિમ તથા જાબિર નજદી હુકૂમતે એક વરસ પહેલાં જુલ્મો સિતમના પહાડ તોડીને હજ્જ અદા કરતા પહેલાં પાછા કાઢયા હતા એ જ જાલિમ હુકૂમતની આંખોમાં આંખો પરોવીને સરકાર મુજાહિદે મિલ્લતે વકારની સાથે હજ્જ કરી. બારગાહે નબુવ્વત صلی اللہ علیہ وسلمમાં એવી રીતે હાજર રહ્યા કે નજદી પહેરેદારોની સર્વ કડકાઈ તેની જગાએ રહી ગઈ. નજદી ઈમામોની

પાછળ નમાઝ પઢવાને બદલે પોતાની અલગ જમાઅતો કાયમ કરતા રહ્યા પણ આ સુન્નિયતના શેરને ટોકવાની હિંમત આ વખતે જાલિમોથી ન થઈ શકી. એવું લાગી રહ્યું હતું કે આકાએ દો જહાં ﷺએ સર્વ સુન્નતોની પરિપૂર્ણતા કરાવ્યા બાદ પોતાના ખાસ મહેમાન બનાવી રાખ્યા છે. નજદી હુકૂમતમાં મીલાદ શરીફની પાબંદીઓની પરવા કર્યા વિના લાઉડ સ્પીકર પર મીલાદ શરીફની મેહફિલ ગોઠવવામાં આવી, સલાતો સલામ પઢવામાં આવી.

### ★ જાગૃતાવસ્થામાં નબી ﷺના દીદાર ! ★

મૌલાના અબ્દુત્તવ્વાબ હબીબી પોતાની કિતાબ ''હમારે સરકાર મુજાહિદે મિલ્લત''માં લખે છે : ''મદીના તયબહ પહોંચ્યા બાદ શરૂમાં બેચાર દિવસ તો સરકાર મુજાહિદે મિલ્લત قدس سرہ મવાજહે શરીફમાં હાજર થઈને સલાતો સલામ અર્ઝ કરતા. પરંતુ ત્યાર પછી બે ત્રણ દિવસ સુધી મવાજહે શરીફ હાજર ન થયા બલ્કે રિયાઝુલ જન્નતમાંથી જ સલાતો સલામ અર્ઝ કરીને પાછા વળી જતા. ત્રીજા કે ચોથા દિવસે અમને લોકોને સંબોધીને ફર્માવવા લાગ્યા કે હું મવાજહે શરીફમાં એવું વિચારીને હાજર નથી થતો કે ક્યાંક મારો ચહેરો જોઈને મારા આકાને તકલીફ ન થાય !

લગભગ ચોથા દિવસે સરકાર મુજાહિદે મિલ્લત રિયાઝુલ જન્નતમાં નમાઝે ઈશરાક પઢીને સીધા મવાજેહ શરીફમાં તશરીફ લાવ્યા અને મવાજેહ અક્દસ સામે કિબ્લાની દીવારથી અડીને અદબની સાથે હાથ બાંધીને ઉભા થઈ ગયા.

એક તરફ હું બીજી તરફ હાજી ઈસ્માઈલ સાહબ બરકાતી હાથ બાંધીને ઉભા હતા. સરકાર મુજાહિદે મિલ્લત قدس سرہની આંખોએ આંસૂ વહેતાં હતાં. ચહેરા પાકની પાકીઝા કૈફિયત અને નિગાહોના અદબમય અંદાઝથી જાહેર થઈ રહ્યું હતું કે કોઈ ખાસ કરમનો ઈંતેઝાર છે.

સરકાર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہ આ પાકીઝા કૈફિયતની સાથે ઉભા થઈ ગયા. અદબ તથા તા'ઝીમમાં ડૂબેલો સલાતો સલામ અર્ઝ કરી રહ્યા હતા એવામાં શું જુએ છે કે અલ્લાહ તઆલાના નાઈબે આ'ઝમ સરકાર રહમતુલ્ લિલ્ આલમીન ﷺ જાતે પોતે જાગૃતાવસ્થામાં આપની સમક્ષ મૌજૂદ છે અને આપની નજીક થઈને આપના મુબારક ખભા પર પોતાનો હાથ મુબારક રાખ્યો અને ઈર્શાદ ફર્માવ્યો, ''હબીબુર્રહ્માન ! ગયા વરસે તમારા પર જે જુલ્મો સિતમ થયો અને હજ્જથી તમને રોકી દેવામાં આવ્યા હતા એનાથી તમે દુઃખી દિલે એવું ગુમાન કરી બેઠા કે હવે કદી મદીના પાકની હાજરી મને નસીબ નહીં થાય અને તમે ઉદાસ થઈને મદીના પાકથી રવાના થયા, તો એવું ગુમાન તમે શાથી કર્યું ? તમે નિરાશ કેમ થયા ? સાંભળો ! જેને હું બોલાવીશ તેને કોઈ તાકત કોઈ હુકૂમત રોકી નથી શકતી. જોઈ લો ! મેં તમને બોલાવ્યા તો કોઈ તમને રોકી શક્યું ?!''

સરકારે દો આલમ ﷺની આ ઝિયારત વખતે હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہએ જે કુર્તો પહેર્યો હતો તે આજે પણ હઝરત મૌલાના અબ્દુલ કુદૂસ કાશ્મીરીને ત્યાં તબર્રુકરૂપે મેહફૂઝ છે. *(પેજ : ૨૨૦, ૨૨૨)*

### ★ આપનો તક્વો ★

કુર્આને પાકમાં અલ્લાહ પાકનો ઈર્શાદ છે : اِنَّ اَکۡرَمَکُمۡ عِنۡدَ اللّٰہِ اَتۡقٰکُمۡ ''બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં અધિક ઈજ્જતવાળો તે છે જે તમારામાં અધિક પહેઝગાર છે.''

સરકાર મુજાહિદે મિલ્લતે તક્વાની અતિશય ઉચ્ચતાઓને સ્પર્શીને અલ્લાહના તરફથી તકરીમની ખાસ મંઝિલ પામી લીધી હતી. દરરોજની રોજનીશી હોય કે દુનિયવી મામલાઓ, ઈબાદત હોય કે આમ મશગૂલિયત, હરવુ ફરવું હોય કે વાતચીત, ઊંઘમાં હોય કે જાગૃતાવસ્થા સરકાર મુજાહિદે મિલ્લત એક એક વાતમાં તક્વાનો દામન મજબૂતીથી પકડેલા જોવા મળતા. તક્વાનો આલમ એ હતો કે ચાહે

વ્યસ્તતા હોય ચાહે ટ્રેનની મુસાફરીમાં હોય, મુનાઝારાનું મેદાન હોય, તબ્લીગે સીરત કોન્ફરન્સની વ્યસ્તતા હોય પણ એક સમયની નમાઝ કઝા ન થઈ શકી. ચાહે ગમે તેવી હંસીની વાત હોય અટ્ટહાસ્ય ન કરતા. ખાવા પીવામાં સાવધાની કે મકરૂહ ચીજો ન ખાવામાં આવે, કપડાંની પસંદગીમાં અમારત તથા ફઝીલતનું પ્રદર્શન ન થઈ જાય. ચાલવામાં નિગાહો હમેશાં નીચી જેથી ગૈર મેહરમો પર નજર ન પડી જાય. સ્ત્રીઓને મુરીદ કરતા તો પર્દાની બીજી બાજુ રાખીને અમામાનો છેડો આપ્યા કરતા અને એ રીતે મુરીદ કરતા. **આજે લોકો યુવાન વૃદ્ધ સૌ સ્ત્રીઓને તદ્દન બેપર્દા સામે બેસાડે છે ઉપરથી ભરેલુ વાસણ પોતાને કહેવડાવે છે ! તેવા લોકો એ વાતોથી તૌબા કરે કેમ કે શરીઅતમાં હરામ કામની કોઈને છૂટ નથી. સ્ત્રીઓ પણ તથા તેમના મર્દો પણ અલ્લાહે અક્કલ આપી છે તો સમજે અને બેપર્દા પીર બાપુઓ સામે ન જાય ન જવા દે.** મુજાહિદે મિલ્લતને ત્યાં કોઈ નામેહરમ સ્ત્રીને એ વાતની તદ્દન ઈજાઝત ન હતી કે તેણી કોઈ બહાને પણ સામે આવે, ત્યાં સુધી કે વૃદ્ધ સ્ત્રી તથા નાબાલિગ બાળકીઓને પણ સામે આવવાની છૂટ ન આપતા. ખૂશ્બુ લગાડવામાં સેન્ટનો ઉપયોગ તદ્દન ન કરતા. અસલ અત્તરો જેમાં ફૂલોથી નીચોવેલ ચીજો સિવાય કોઈ અન્ય ચીજની ભેળસેળની સંભાવના ન હોતી તેને જ વાપરતા.

સરકાર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہએ મૌલાના અબ્દુર્રબ મુરાદાબાદીને ત્યાં ગુસ્લ કરવા ચાહ્યું તો મૌલાનાના ફરઝંદે નળ ચલાવીને પાણી આપવા ચાહ્યું તો સરકાર મુજાહિદે મિલ્લતે મના કરી આપ્યું અને જ્યારે ખૂદ મૌલાના અબ્દુર્રબ સાહબે પોતાના પુત્રને એ કામ કરવાનો હુકમ આપ્યો તો પછી હઝરતે વાંધો ન લીધો. કેમ કે નાબાલિગ બાળકથી ખિદમત લેવી શરીઅત વિરુદ્ધ હતું, અને જ્યારે પિતા તરફથી ઈજાઝત આપવામાં આવી તો એ અમલ જાઈઝ થઈ ગયો અને પછી મુજાહિદે મિલ્લતે ખુશીથી એ ખિદમત સ્વીકારી.

### ★ સુન્નતોની પાબંદી ★

સુન્નતોની પાબંદી એ તકવાની પરિપૂર્ણતાનું બીજુ નામ છે આપની જિંદગી સુન્નતોની હરતી ફરતી તાબીર હતી. વુઝૂ સુન્નત, ગુસ્લ સુન્નત, ચાલવુ સુન્નત, બેસવું સુન્નત, ખાવુ સુન્નત, પીવુ સુન્નત, વાતચીત સુન્નત, ઉઠક બેઠક સુન્નત, મામલાઓ (વહેવાર) સુન્નત, કોઈ અમલ એવો ન જોવા મળ્યો જેને સુન્નતના પાલન વિહોણો હોય. જે સુન્નતોનો અમલ ક્યાં તો એના પર અમલ થયા બાદ લોકોને જાણ થતી અથવા ઈલ્મ હોય પણ તેના પ્રતિ ધ્યાન લોકોનું ન હોતું. જઝબો એવો હતો કે એવું ન બને કે સરકારે દો આલમ ﷺની કોઈ સુન્નત અદા કરવાથી રહી જાય અને જિંદગી વહી જાય. સઊદી અરબની નજદી હુકૂમતે જ્યારે હજ્જે અકબર વિના કેદી બનાવીને તકલીફો આપી પાછા મોકલ્યા તો તકલીફોની ચર્ચાઓ ન કરતા બલ્કે એ વાત પર ખુશી પ્રદર્શિત કરતા કે એક સુન્નત અદા થઈ ! અને જ્યારે બીજા વરસે વિજયી અંદાઝમાં હજ્જના ફરીઝાની અદાયગી કરી તો ખુશીઓનો પાર ન હતો, કે સુન્નત અહસન (અધિક સારા) દરજાએ અદા થઈ ગઈ.

### ★ હક્કગોઈ તથા બેબાકી ★

*આઈને જવાંમર્દા હક્કગોઈ વ બેબાકી*
*અલ્લાહ કે શેરોં કો આતી નહીં રૂબાઈ*

હક્ક પ્રદર્શિત કરવામાં મુજાહિદે મિલ્લતે કદી પાછી પાની કે મસ્લેહત નથી વાપરી. એ વાતની પરવા નથી કરી કે સામે કોણ છે ? કોને ખોટુ લાગશે ? અને કોણ જીવનો દુશ્મન થઈ જશે ? જેલની તકલીફો તથા મારપીટની પીડાઓને આપે કદી ધ્યાનમાં ન લીધી. **આજે તો અહલે સુન્નત વિરુદ્ધ અકીદા ઘડનાર કોઈક ઉઘાડા ગુમરાહ વિશે મૌખિક બોલવામાં કે તેના વિશે દસ્તાવેજી પુરાવા રજૂ કરીને લેખિત ફતવો માંગવામાં આવે છે તો શરીઅતનો હુકમ સંભળાવવામાં કહેવાતા**

**રહબરોને ખબર નહીં કયો ડર ગભરાવે છે ?! કેટલાય એવા જોયા જેમને તેના વિરુદ્ધ બે શબ્દો બોલવામાંય અકળામણ થાય છે ! કૌમ ગુમરાહી તરફ ભટકી જાય છે તો ભલે, પણ હક્ક્નો અવાજ બુલંદ કરવામાં જાણે તેઓને દુનિયાનો ડર લાગે છે !** સરકાર મુજાહિદે મિલ્લતે બાતિલનો વિરોધ સામી છાતીએ કર્યો અને હક્ક્નો અવાજ અંદાઝે મન્સૂરીમાં બુલંદ કર્યો. **ઉલમાએ હક્ક્**ની એ વિશિષ્ટતા રહી છે કે તેઓ **હજ્જની અદાયગીના મોક્ા પર નજ્દી ઈમામોની પાછળ નમાઝ પઢવાને બદલે પોતાની અલગ જમાઅતો ઉભી કરે છે.** સરકાર મુજાહિદે મિલ્લત પણ એવું જ કરતા હતા, પણ એમનો અંદાઝ એવો રહેતો કે જમાઅતના સમયે પીઠ પાછળ હાથ બાંધી ટહેલતા રહેતા જેથી લોકોને ખબર થઈ જાય કે તે નજ્દી ઈમામો પાછળ નમાઝ નથી પઢતા અને લોકો પૂછે તો તેમને નજ્દીઓની ખરાબીઓ દર્શાવી શકાય, તેમના બાતિલ અક્ીદાઓ વિશે સમજાવી શકાય. **આજે તો કેટલાક કહેવાતા પીરો, સૂફીઓ અને કહેવાતી મશહૂર હસ્તીઓ ઉઘાડા છોગે નજ્દી ઈમામો પાછળ નમાઝ પઢે છે** અને કૌમની ગુમરાહીનો સબબ બને છે અને પ્રશ્ન કરવામાં આવતાં કહે છે કે અમે તો દોહરાવી લઈએ છીએ ! કહી છટકી જાય છે, પણ તેમને જોઈને કૌમ ગુમરાહ થાય છે તેનું શું ?! શું એ હરામ કામ નથી ? અને હરામ કામ કરનાર ફાસિક્ નથી ?! અને ફાસિક્ પીર કે હસ્તી કહેવાશે ? એ તો મુજાહિદે મિલ્લત છે કે જેમણે નજ્દી ક્ાઝીયુલ કુઝાની સમક્ષ એવી બેબાકી સાથે હક્ક્નો ઈઝહાર કર્યો કે દુનિયા આજે પણ તેને યાદ કરતી રહે છે.

એક એવો પ્રસંગ છે કે ચાપદાની (હુગલી, પશ્ચિમ બંગાળ)માં અમુક જમાઅતે ઈસ્લામીના સભ્યો મુજાહિદે મિલ્લતને મળવા આવ્યા. મુજાહિદે મિલ્લતે સીધુ જ ફર્માવ્યું કે, તમે લોકો જમાઅતે ઈસ્લામી જેવી ગુમરાહ જમાઅતથી તમારો સંબંધ તોડી નાખો અને તૌબા કરીને સીધો માર્ગ અપનાવી લો જે રાહે હક્ક્ છે. તે બીચારા મુઝાઈ ગયા. એક જણે પૂછયું કે જમાઅતે ઈસ્લામીમાં શું ખરાબી છે ? તો આપે મૌદૂદી સાહબના ખયાલોને તેમની સમક્ષ રાખ્યા જે અહલે સુન્નતથી તદ્દન વિરુદ્ધ ગુમરાહીઓ પ્રતિ દોરે છે. તે લોકોએ ચુપચાપ મુજાહિદે મિલ્લતની વાતો સાંભળી લીધી. **આજકાલ તો કહેવાતા રહબરો સર્વ ફિર્ક્ાના તથા સર્વ ધર્મના લોકોની ભેળસેળવાળા પ્રોગ્રામોમાં જઈને સૌને સારુ લાગે એવું મીઠુ મીઠુ ગોળ ગોળ બોલી આવીને વાહ વાહ કમાય લે છે અને કૌમ એ સર્વને જાઈઝ સમજી ગુમરાહ થતી જાય છે.** ખરેખર આજે અમને મુજાહિદે મિલ્લત તથા અન્ય હક્ક્ગો બુઝુર્ગોની યાદ આવે છે કે યા અલ્લાહ ! એ સુન્નીઓના શેરો કયાં ગયા ?! એ હક્ક્નો ડંકો કશાય ખચકાટ વિના વગાડનારા ક્યાં ગયા ? અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત એમની ક્બ્રો પર તાક્યામત રહમતોની વર્ષા કરે અને તેમના સદક્ામાં તેમના જેવા મુજાહિદોને પેદા કરે કે જે અહલે સુન્નત પર આવતાં બદ્અક્ીદગીનાં તોફાનોથી કૌમને બચાવે. (આમીન) *–(મુજાહિદે મિલ્લત નંબરમાંથી સાભાર)*

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ★

એક મુસ્લિમભાઈ (દયાદરા) તરફથી બે માળના ૫૦ નંગ પલંગ તલબાને સૂવા માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**માં તથા ૫૦ નંગ બીજા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ**માં આપવામાં આવ્યા છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદક્ામાં એ નેકીને ક્બૂલ કરી સખીદાતાની બંને દુનિયાને આબાદ ફર્માવે તથા તેમની ઔલાદને નેક સાલેહ બનાવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બાળકોની કેળવણીમાં

# માનો કિરદાર

રજૂકર્તા : **મુહમ્મદ યૂનુસ-ટુંડજ**
*(તાલિબે ઈલ્મ : જામિઆ અશરફિયા મુબારકપુર-યુ.પી.)*

આ વાસ્તવિક્તા છે કે માની ગોદ બાળકો માટે સૌથી પ્રથમ વર્ગની પ્રતિષ્ઠા ધરાવે છે. બાળકો સૌથી પહેલાં જે કાંઈ શીખે છે તે મા થકી જ શીખે છે. તે સમયે બાળકોનું દિમાગ એટલું સાદુ હોય છે કે ''મા'' જે વાત શીખવી દે છે તે તેમના દિલો દિમાગમાં ઉતરી જાય છે. બાળકો તેને જિંદગીભર નથી ભૂલતાં. માત્ર એ જ નથી કે મા બાળકોને બેસાડીને કાંઈ શીખવાડે ત્યારે જ શીખે છે, બલ્કે બાળકો માના ચારિત્ર, આચરણ અને ભાવનાથી પણ ઘણુ શીખે છે. મા જેનાથી મહોબ્બત કરે છે બાળકો પણ તેનાથી મહોબ્બત કરે છે અને મા જેનાથી ધૃણા, નફરત કરે છે તેનાથી બાળકો પણ ધૃણા કરે છે. બાળકો બાળવયના કારણે સારું, ખરાબ અને ખરા ખોટાની સમજ નથી ધરાવતાં બલ્કે તેઓ પોતાના વડીલોને જેવુ કરતાં જુએ છે તેવું પોતે પણ કરે છે અને જેવું સાંભળે છે તેવું બોલે છે. સારાંશ કે માના ચરિત્ર અને વાતચીતમાં માનવતા, દયાભાવના અને સભ્યતા હશે તો જરૂર બાળકો સુધી પહોંચશે અને માને અપશબ્દો, ગાળો ભાંડતાં અને લડાઈ ઝઘડો કરતાં જોશે તો બાળકો પણ સમજશે કે આ જ સારું કામ છે ! અને આ જ કરવું જોઈએ, એટલા માટે કે આ તો મારી માની શૈલી (તરીકો) છે. માને જેવી રીતે મઝહબ (ધર્મ) પર અમલ કરતાં જોશે બાળકોનું ધાર્મિક વલણ એટલુ જ વધતુ જશે. મતલબ એ કે બાળકોની અનુભૂતિ, ભાવનાઓ અને ચરિત્રનું કેન્દ્ર સર્વ પ્રથમ મા હોય છે. જ્યારે આ વાત સ્પષ્ટ છે કે માની તા'લીમ અને કેળવણીની છાપ ઘણી સારી હોય છે તો બાળકોની કેળવણીના સંબંધે માની જવાબદારી ઘણી વધી જાય છે. જે સમાજને પોતાની નવી નસલ (પેઢી)ના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની ફિકર (ચિંતા) હોય તો તેના માટે ''મા''ના ચરિત્રનું મહત્વ સમજવું પડશે અને માઓએ પણ પોતાનો કિરદાર અને રોલ ભજવવો પડશે. હદીષ શરીફમાં ''મા''ને ઘણો મહાન દરજ્જો આપવામાં આવ્યો છે. અને ફર્માવ્યું છે કે ''જન્નત માના કદમ નીચે છે'' આ હદીષ શરીફે મુસ્લિમ બાળકો અને બાળકીઓ માટે માના વ્યક્તિત્વને એટલુ સર્વશ્રેષ્ઠ બનાવી દીધુ છે કે જેનું અનુમાન કરવું ઘણુ મુશ્કેલ છે.

નબી ﷺના જમાનામાં જ્યારે કે ચોતરફ મુજાહિદો ઈસ્લામની સરબલંદી માટે જેહાદનો ઝંડો બુલંદ કરેલા હતા અને વિરોધીઓ ઈસ્લામને ઝડપી ઉખાડી નાખવા માટે એડી ચોટીની તાકત લગાડી દેવાનો જઝબો દિલમાં રાખતા હતા. આ સ્થિતિમાં એક સહાબી જેમના મા બીમાર હતાં. નબીની બારગાહમાં આવ્યા અને દરખાસ્ત કરી કે મને પણ જેહાદમાં જવાની પરવાનગી આપો. તો આપ ﷺએ ફર્માવ્યું કે પોતાની માની સેવા કરીને જેહાદનો સવાબ પ્રાપ્ત કરો.

હઝરત ઉવૈસ કરની અલ્લાહના રસૂલ ﷺના જમાનામાં યમનમાં ઈબાદતમાં તલ્લીન હતા. જીવંત હોવા છતાંય પણ નબી ﷺની બારગાહમાં હાજર ન થઈ શક્યા. કેમ કે મા વૃદ્ધા હતી. એક વખત થોડા સમય માટે પરવાનગી લીધી. અને મદીના મુનવ્વરા હાજર થયા પરંતુ સરકાર ﷺ મદીના મુનવ્વરાથી બહાર ગઝવહ (જંગ)માં તશરીફ લઈ ગયા હતા. એટલા માટે આપ ﷺની મુલાકાત ન થઈ શકી. માના તરફથી આપેલો સમય પૂરો થયો. તરત જ મદીના શરીફથી પાછા આવ્યા. માની આ ફર્માંબરદારીના બદલામાં એમને અલ્લાહ અને રસૂલની બારગાહમાં તે સ્થાન હાંસલ થયું કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉમર અને

હઝરત અલી رضی اللہ عنہ ને પોતાનો પોશાક આપીને યમન મોકલ્યા કે ત્યાં જઈને ઉવૈસ કરનીથી ઉમ્મતની મગફિરત માટે દુઆ કરાવે. માઓને આ ઈજ્જત ઈસ્લામે આપી છે. જો ઔલાદ માની આ ઉચ્ચતા અને મહાનતાને સારી રીતે સમજે અને એમની સેવા કરે તો જન્નતની ઠંડી હવાઓ તેમની રાહ જોતી હશે. અને જો માઓ પોતાના મર્તબાને સમજે અને સારી પેઢી બનાવવામાં પોતાનું યોગદાન આપે તો થોડા જ સમયમાં સર્વશ્રેષ્ઠ અને સંસ્કારી સમાજ આપણી સામે હશે.

આજે જ્યારે આપણે ગલી, મહોલ્લા અને બજારથી પસાર થઈએ છીએ અને નાના મોટા બાળકોને જોઈએ છીએ તો ઘણો અફસોસ થાય છે. તા'લીમ અને તેહઝીબ (સંસ્કાર)નો માહોલ ઉઠતો જાય છે. આખો આખો દિવસ ગલીઓમાં રમતા રહેવું, ખરાબ ખરાબ ગાળો ભાંડવી, બીજાને તકલીફ આપવી, પોતાનાથી નાના બાળકો તથા જાનવરોને મારવાં..... વગેરે આપણા બાળકોની આદત બની ગઈ છે. આવા માહોલમાં જે બાળકો ઉછેર પામશે તે પોતાના ઘર અથવા કુટુંબ માટે શું કરી શક્શે ? અને કેવી રીતે પોતે એક સફળ જિંદગી વ્યતિત કરી શક્શે ? એ સમજવું મુશ્કેલ છે. એટલા માટે વર્તમાન યુગની માઓએ પોતાના બાળકોની કાળજી અને દેખરેખ રાખવી પડશે અને પોતે આગળ વધવુ પડશે. અહીંયા અમે સ્ત્રીઓને પોતાના બાળકોની તા'લીમ તથા કેળવણીના સંબંધે થોડીક મહત્વપૂર્ણ વાતો તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જો એના ઉપર અમલ કરવામાં આવ્યો તો થોડાક જ વર્ષોમાં એક તંદુરસ્ત અને સુસંસ્કૃત સમાજ આપણી સામે હશે. વર્તમાન યુગમાં બાળકોની તા'લીમ અને કેળવણી માટે નિમ્ન લિખિત વાતો તરફ ધ્યાન આપવુ જરૂરી છે :–

(૧) પોતાના બાળકોને ઉઠવા બેસવા, ખાવા પીવા, સૂવા જાગવા અને વડીલો સાથે વર્તાવ કરવા સંબંધે વગેરે વસ્તુઓનો તરીક઼ો શિખવાડો. (૨) મોટી વ્યક્તિઓ અને મહેમાનોને સલામ કરતાં શિખવાડો. (૩) લોકોના પૂછવા પર પોતાના માતા પિતાનું નામ બતાવતાં શિખવાડો. (૪) પોતાનું એડ્રેસ અને ફોન નંબર યાદ કરાવો. (૫) મોટી વ્યક્તિઓની ઈજ્જત કરવા અને તેમની વાતો માનવાનું શિખવાડો. (૬) ગાળો ભાંડવાથી સખતીથી રોકો. (૭) પોતાના ઘર અને કુટુંબીજનોના વિશે તેમને બતાવો જેથી તે પોતાનાઓને ઓળખે. (૮) કોઈકવાર પોતાના કુટુંબીજનોની સાથે મળવા લઈ જાવ, ત્યાં તોફાન કરે તો ઘરે લાવીને એકાંતમાં ધમકાવો, બધાની સામે સજા ન આપો. (૯) અલ્લાહ તબારક વ તઆલાની મહાનતા અને તેનાં નામોનો અદબ શિખવાડો, અને વાત વાત પર અલ્લાહની ક઼સમ ખાવા પર રોકો. (૧૦) અંબિયાએ કિરામ علیہم السلام ખાસ કરીને હુઝૂરે અક઼દસ ﷺ નો એહતેરામ અને એમનાથી મહોબ્બતની તા'લીમ એટલી આપો કે તેઓ તેમનાં બારામાં થોડી સરખી ગુસ્તાખી સાંભળવાને પણ પસંદ ન કરે. (૧૧) નબીઓ અને વલીઓના દિલચસ્પ વાકિ઼યાઓ સંભળાવો પછી તેમનાથી સાંભળો. (૧૨) કુર્આન મજીદની તા'લીમ એવા ઉસ્તાદ પાસે અપાવો કે જે તજવીદની સાથે પઢતાં શિખવાડતો હોય. (૧૩) સૂરએ ફાતિહા અને કમસે કમ ચાર નાની સૂરતો પોતે યાદ કરાવો. (૧૪) દુરૂદ શરીફ શિખવાડી તેની ફઝીલતો બતાવો, અને કોઈવાર તેમને દુરૂદ શરીફ પઢવાનુ પણ કહો. (૧૫) વુઝૂ અને નમાઝ પઢવાનો તરીક઼ો શિખવાડો અને સાથે નમાઝ પઢાવો. (૧૬) નિયમિત સ્કૂલ અને મદ્રસે મોકલો. (૧૭) આખો દિવસ ખાસ કરીને સ્કૂલ મદ્રસે જવાના સમયે કપડાં અને શરીરની સફાઈ પર ધ્યાન અપાવો. (૧૮) બાળકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદીને ઘરમાં રાખો. તેમને પૈસાની આદત કદી ન પાડો. (૧૯) અવસર મુજબ તેમના ખેલકૂદ અને દિલખુશ થાય તેવી પ્રવૃત્તિનું આયોજન કરો. (૨૦) ક્યારેક બુઝુર્ગોના મઝારો અને સમાજના મર્હૂમોની ક઼બ્રો પર ફાતિહા પઢવા માટે મોકલો. (૨૧) તેમને કિ઼ર્અત, તક઼રીર અથવા નઅત શરીફ શિખવાડો અને તેમના માટે ઘરમાં મેહફિલે મીલાદનો નાનો પ્રોગ્રામ રાખો. (૨૨) તેમને

પેજ નં. ૩૧ નું ચાલુ...

કલ્મા અને ખાસ ખાસ દુઆઓ યાદ કરાવો. (૨૩) બાળકોને એટલુ મહત્વ આપો કે તમારી મહોબ્બતનો એમને એહસાસ થવા લાગે અને પોતાના સર્વ બાળકોમાં બરાબરી અને ન્યાય કરો. (૨૪) ભૂલચૂક પર ટકોર કરો અને જરૂર હોય તો સજા આપવામાં સુસ્તી ન કરો. (૨૫) પરીક્ષામાં પાસ થવા પર અને સારાં કામો કરવા પર ઈનામ અને ભેટ આપવાનો જરૂર બંદોબસ્ત કરો. (૨૬) મોબાઈલથી વાત કરવાનો ઢંગ પણ શિખવાડો પરંતુ બને ત્યાં સુધી મોબાઈલ તેમના હવાલે ન કરો.

ઉપર વર્ણન કરેલી વાતો પર ધ્યાન આપવું ઘણુ જરૂરી છે અને આ વાતોને પોતાની જવાબદારીઓ સમજવી પડશે. અને કોઈ કારણસર સમય ન મળી શકે તો બીજાની પાસે આ વાતોને પૂરી પડાવો, ભલે ને તેના માટે પૈસા ચૂકવવા પડે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે માતા પિતાની પોતાની ઔલાદ માટે સૌથી શ્રેષ્ઠ ભેટ સારી વિદ્યા અને તા'લીમ છે.'' જો બાળકોને તા'લીમ ન આપવામાં આવે અને તેમના માટે ધન દૌલત તથા જમીન જાયદાદનો બંદોબસ્ત કરી આપવામાં આવે તો શકય છે કે બાળકો ધન દૌલતને પણ વેડફી નાખે. મા બાપની આબરૂ અને ઈજ્જત પર પાણી ફેરવી દે. અને જો સારી તા'લીમ અને કેળવણી હશે તો તેઓ પોતે પણ કાંઈક બની શકશે અને પોતાના સમાજનું નામ પણ રોશન કરી શકશે. જે પોતાની ઔલાદની સારી કેળવણી કરે તો તે દુનિયામાં ઘણી બધી ખૈરો બરકત જોશે અને પોતાની ઔલાદને સહી માર્ગે જોઈને તેની આંખો ઠંડી થશે અને આખેરતમાં બદલો તેનાથી પણ વધીને છે.

*અપને હાથોં સે બના તૂ ભી કોઈ કસરે અઝીમ*

*નઝરે હૈરત સે કિસી ગૈર કી તામીર ન દેખ !*

*–(કન્ઝુલ ઈમાન ઉર્દૂ–માસિક, જુલાઈ : ૨૦૧૧)*

હું રોઝો ઈફતાર કરી લો ! ત્યારબાદ આપ આ શેઅર પઢયાં : **અર્થ** : '' હે મારા તબીબો ! મારી પાસેથી ચાલ્યા જાવ ! અને મને અને મારા હબીબને એકાંતમાં છોડી દો !''

અર્થ : ''મારું શરીર મારી બીમારીમાં રાજી છે અને મારી પલકો મારા આંસૂંઓથી ખુશ છે.''

આપનાં ભત્રીજી સૈયદા ઝયનબ رضی اللہ عنہا કહે છે, આપ મરણ પથારીએ સૂરએ અન્આમની તિલાવત કરતાં હતાં. જયારે સૂરતની ૧૨૭મી આયત : لَهُمْ دَارُ السَّلٰمِ عِنْدَ رَبِّهِمْ وَهُوَ وَلِيُّهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ۔ ''આવાઓ માટે સલામતીનું ઘર (જન્નત) છે, તેમનાં સારાં કામો તેમને મદદગાર થશે.'' પર પહોંચ્યાં તો આપ પર બેહોશી છવાઈ ગઈ. સૈયદા ઝયનબ رضی اللہ عنہاએ આપને સીનાથી લગાડી લીધાં. આપે શહાદતનો કલ્મો અદા કર્યો અને દાઈએ અજલને લબ્બૈક કહ્યું. આપ ૧૫ રમઝાન મુબારક હિ.સ. ૨૦૮માં પોતાના ખાલિકે હકીકીથી જઈને મળ્યાં અને આપના વિસાલના સમયે આપની વય ૬૩ વર્ષની હતી.

હિજાઝ અને મિસરવાળાઓ માટે આપનો વિસાલ એક મોટો દુઃખદ બનાવ હતો. તે દિવસે મિસરના દરેક ઘરમાંથી રડવાનો અવાજ આવતો હતો . આપના પતિ હઝરત ઈસ્હાક મોઅતમીને આપને મદીના મુનવ્વરામાં દફન કરવાનો ઈરાદો કર્યો તો મિસરવાળાઓને વધારે આઘાત લાગ્યો અને તેઓએ અર્ઝ કરી કે સૈયદાને અમારાથી જુદા ન કરો ! તે જ રાત્રે તાજદારે કાઈનાત ﷺએ આપને સ્વપ્નમાં ઝિયારત કરાવી અને ફર્માવ્યું, ''હે ઈસ્હાક ! નફીસાને મિસરમાં દફન કરો !'' પછી સરકારે મદીના ﷺના આદેશ અનુસાર હઝરત સૈયદા નફીસા رضی اللہ عنہاને મિસરમાં જ દફનાવવામાં આવ્યાં. આજે સવા બારસો વર્ષ પૂરાં થયાં તો પણ હઝરત નફીસાનું મઝારે અકદસ લોકો માટે શરણસ્થાન, મુલાકાતની જગા છે, દુનિયા આજે પણ મઝારે અકદસ પર ફયઝ અને બરકત હાંસલ કરવા માટે જાય છે.

# ૧૯મા ફિક્હી સેમીનારના ફેંસલા

રજૂકર્તા : **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી** *(સદર મુફ્તી અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

૧૯મો ફિક્હી સેમીનાર દારુલ ઉલૂમ અશરફિયા મુબારકપુરના સંચાલન હેઠળ દારુલ ઉલૂમ અમજદિયા ભીવંડી, મહારાષ્ટ્રમાં યોજવામાં આવ્યો. જેમાં ત્રણ વિષયો ઉપર વિચાર વિમર્શ કરવામાં આવ્યો :–

**૧.** બેંકોની નોકરી શરીઅતની દષ્ટિએ

**૨.** કુફ્ર હોવાનો મસ્અલો વર્તમાનયુગની દષ્ટિએ

**૩.** ડી. એન. એ. ટેસ્ટ તથા તેના રિપોર્ટનું શરીઅતમાં શું સ્થાન છે ?

આ વિષયો ઉપર છ બેઠકોમાં બહષો થઈ અને અલ્હમ્દુલિલ્લાહ ! તમામ શરીકોની સહમતિથી ફેંસલાઓ કરવામાં આવ્યા.

૪. એક મસ્અલો "ફ્લેટોની ઝકાત" ઉપર ગત (ગયા વર્ષે યોજાયેલ) સેમીનારમાં બહષ થઈ હતી. આ સેમીનારમાં તે મસ્અલો પણ રજૂ કરવામાં આવ્યો અને થોડીકવારની બહષ બાદ તેના ફેંસલા ઉપર પણ તમામની સહમતિ થઈ ગઈ. અહીંયાં ક્રમવાર તમામ ફેંસલાઓ રજૂ કરવામાં આવે છે.

### :: પેહલી બેઠક ::

*(૧૮ સફર હિ.સ. ૧૪૩૩, અંગ્રેજી તારીખ : ૧૪ જાન્યુઆરી, શનિવાર, ઈ.સ. ૨૦૧૨)*

## વિષય : બેંકોમાં નોકરી શરીઅતની દષ્ટિએ

બેંકોમાં નોકરી કરવી શરીઅતની દષ્ટિએ કેવી છે ? તેના વિશે હુકમની સ્પષ્ટતા પહેલાં એ જાણવું જરૂરી છે કે બેંકોમાં કયા કયા કાર્યો અંજામ આપવામાં આવે છે. અમુક વાતો સવાલનામામાં રજૂ કરી દેવામાં આવી હતી. એક સ્થિતિ "કરજની (લોનની) સુવિધા વધારાની રકમ સાથે પરત કરવાની શરતે." પણ રજૂ કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં મકાલા (લેખો) લખવામાં આવ્યા તેમજ દલીલો તથા દષ્ટાંતોનો ખુલાસો આજની બેઠકમાં રજૂ કરવામાં આવ્યો. અને બેંકના એક રિટાયર્ડ ઓફિસર જનાબ ઝિયાઉદ્દીન મનિયારે (રહેવાસી : નાસિક–મહારાષ્ટ્ર) રજૂ કરેલ મા'લૂમાત તેમજ સંબંધિત કાર્યો સામે આવ્યાં જે આ પ્રમાણે છે :

બેંકના કર્મચારીઓ : (૧) મેનેજર (૨) એકાઉન્ટન્ટ (૩) ઓફિસર (૪) હેડ કેશિયર (૫) કેશિયર (૬) કલાર્ક (૭) પટાવાળા (૮) વોચમેન

**મેનેજર** : બેંક સંબંધિત સર્વ મામલાઓ તેમજ સ્ટાફના કાર્યોનો જવાબદાર હોય છે.

**એકાઉન્ટન્ટ** : મેનેજરના હેઠળ હોય છે. અને ઓફિસરો કલાર્કો દ્વારા કામ લેવામાં તેમજ તેમના કામોની તપાસ, સુધારણા કરવી, કરાવવી જેવાં કાર્યોના માટે જવાબદાર હોય છે.

**ઓફિસરો** : કેટલાયે પ્રકારના હોય છે. લોન ઓફિસર, સેવિંગ ઓફિસર, કરંટ ઓફિસર, ડિપોઝિટ ઓફિસર, બિલ્સ ઓફિસર. ત્યાર બાદ દરેક ઓફિસરના હાથ નીચે એક અથવા તેનાથી વધુ કલાર્કો હોય છે જેઓ પોતાના સંબંધિત જવાદારીઓ અંજામ આપે છે. ઓફિસરો અથવા કલાર્કોમાંથી કોઈ ગેર હાજર હોય તો તેનું કામ કોઈ અન્ય ઓફિસર અથવા કલાર્ક દ્વારા લેવામાં આવે છે.

હેડ કેશિયરનું કામ કેશ ઉપર સંપૂર્ણ કંટ્રોલ ધરાવવો તેમજ પબ્લિકને પેમેન્ટ (રકમ ચૂકવણી) આપવું છે. તેની સ્થિતિ બેંકના દિલની જેમ હોય છે અને આખી બેંક એક રીતે તેના હાથમાં હોય છે.

પટાવાળાઓ પણ કેટલાયે પ્રકારના હોય છે. ઓફિસરો અથવા કલાર્કોની સૂચના મુજબ નાનાં નાનાં કાર્યો અંજામ આપે છે.

આ વિગતવાર જાણકારીના આધારે કરજ આપવું તેમજ વધારાની રકમ સાથે મૂળ કરજની વસૂલી કરવાની

જવાબદારી : (૧) મેનેજર (૨) એકાઉન્ટન્ટ (૩) લોન ઓફિસર (૪) લોન કલાર્કની હોય છે.

પરંતુ બેંકોમાં માત્ર આ જ કામ નથી થતું, બીજાં અગત્યનાં કામો પણ થાય છે.

(૧) લગભગ લોકો એ વિચારીને બેંક સાથે સંબંધ રાખે છે કે પોતાની પુંજી બેંકની હિફાઝતમાં રાખે અને પોતાની પાસે રાખવામાં જે ખતરાઓનો ભય છે તેનાથી સુરક્ષિત રહે. અને જરૂરત પ્રમાણે પોતાની પુંજી બેંકથી લઈને પોતાની જરૂરતોમાં ઉપયોગ કરે. બેંક આ પુંજીઓની સુરક્ષા તેમજ જરૂરત પ્રમાણે માગણી મુજબ (તે પુંજીને) પરત કરવાની જવાબદાર હોય છે. અને તેની ગતિવિધિમાં મેનેજર, ઓફિસર, કલાર્ક વગેરે બધાને જ લાગવું પડે છે.

(૨) બેંકમાં જમા થયેલ રકમને ફાયદાકારક તિજારત (વ્યાપાર)માં પણ ઈન્વેસ્ટ કરે છે અને તેનાથી સંબંધિત બાબતોને પોતાના કર્મચારીઓ દ્વારા પૂરી પડાવે છે.

(૩) પેમેન્ટ તેમજ પુંજીની સુરક્ષા પેટે ભાડુ પણ વસૂલ કરવામાં આવે છે. સ્પષ્ટ છે કે ઉપરોક્ત ત્રણેવ કામો જાઈઝ છે. ખાસ કરીને નંબર એક (૧)માં વર્ણવેલ કામમાં પ્રજાને એક મોટો લાભ તથા તેમની જબરદસ્ત સહાયતા છે. જેથી આ ત્રણેવ (કામોથી) બાબતોથી સંબંધિત નોકરી પણ વિના કોઈ સંકોચે જાઈઝ છે.

હવે રહી વાત એ કે મુસ્લિમો બેંક પાસેથી કરજ (લોન) લે છે અને તેની સાથે સાથે મૂળ કરજ (લોન)ની રકમ સિવાય શરત મુજબ વધારાની રકમ પણ તેમને અદા કરવી પડે છે. મેનેજર, એકાઉન્ટન્ટ, લોન ઓફિસર, લોન કલાર્ક બધા જ આ બાબતમાં સહાયક તથા કાર્યરત હોય છે. જેથી બેંક સંબંધિત માત્ર આ જ બાબત (સ્થિતિ) વિચારવા પાત્ર તથા બહષનું કેન્દ્ર છે.

પરંતુ આ પ્રકારના કરજ (લોન)ની તમામ સ્થિતિઓ હરામ નથી બલ્કે અમુક સ્થિતિઓ મુબાહ (જાઈઝ) પણ છે, જેની વિગત આ પ્રમાણે છે :–

(૧) મુસલમાન ઈન્કમટેક્ષના ભારે નુકસાનથી બચવા માટે આ પ્રકારનું કરજ (લોન) લે અને તેને મર્યાદિત મુદતમાં અદા કરી આપે જેથી ઈન્ટરેસ્ટ ઈન્કમટેક્ષ કરતાં ઓછુ રહે.

(૨) છૂટ (રિવાયત)ની શરત પર લેવામાં આવતી લોનો, જ્યારે કે વાજિબુલ અદા લોનને (જે લોનને અદા કરવું જરૂરી હોય છે તેને) અદા કરવામાં એટલીવાર ન લગાડે કે ઈન્ટરેસ્ટ વધીને મૂળ લોનની રકમ અથવા છૂટની માત્રા કરતા વધી જાય.

(૩) એવા કામ માટે બેંક પાસેથી લોન લેવી જેમાં ઈન્ટરેસ્ટ કરતાં વધારે નફાનું ગુમાન વધારે હોય.

(૪) સખત જરૂરતના કારણે જરૂરત મુજબ જ લોન લે અને ગાલિબ ગુમાન (વધારે ગુમાન) હોય કે તે જરૂર લોન અદા કરી આપશે.

(૫) આ પ્રકારનું કરજ (લોન) બેંક પાસેથી ગૈર મુસ્લિમ પ્રાપ્ત કરે અને કર્મચારીઓ તેના કાગળો તથા દસ્તાવેજો તૈયાર કરે.

આ વિષયમાં એક સ્પષ્ટ વાત એ છે કે બેંક કર્મચારી લોન લેનાર પાસેથી લોન લેવાનો હેતુ તથા તેનું કારણ જાણવા અંગેના જવાબદાર નથી હોતા. (અને તેઓ તેનાથી મતલબ પણ ન રાખે) બેંક કર્મચારી એ જુએ છે કે લોન લેનારને લોન આપવાની પરવાનગી બેંક તરફથી છે તો તે તેના કાગળોને સંપૂર્ણ કરીને મામલો ક્લિયર કરી આપે છે. તેને એ વાતથી કોઈ લેવા દેવા નથી હોતી કે લોન લેનાર પોતાની લોન પ્રાપ્તિમાં કોઈ ગુનાહિત કાર્યમાં સપડાયેલ છે કે નહીં ! જેથી ગુનાહ પર મદદ કરવી તેના વહેમ તથા ખયાલથી ઘણા દૂર હોય છે. એટલા માટે લોન બાબતની ગતિવિધિમાં તેને (કર્મચારીને) ગુનેહગાર નથી ઠરાવી શક્તા.

હા ! જે લોકો જાઈઝ હોવાની સ્થિતિઓ સિવાય વધારે નફો આપવાની શરત પર કરજ (લોન) લે છે તો તેમણે તેનાથી બચવું જરૂરી છે.

ઉપરોક્ત વિસ્તૃત વર્ણનથી જાણવા મળ્યું કે બેંકના કેટલાયે બલ્કે લગભગ કામો સ્પષ્ટ રીતે જાઈઝ તથા દુરુસ્ત છે. હા ! કરજની (લોનની) સ્થિતિ વિચારપાત્ર હતી જેને પણ વિગતવાર વર્ણન કરી આપવામાં આવી. તેની જ સાથે મુસલમાનોનું બેંકોમાં નોકરી અર્થે જોઈન્ટ થવાથી જાતે પોતે તે નોકરીયાતને, તેના સંબંધીઓને તેમજ બીજા અન્ય લોકોને ફાયદો તથા સહૂલત પણ છે. જેથી હુકમ એ છે કે ઉપરોક્ત વિગતવાર રજૂ કરવામાં આવેલ સ્થિતિઓમાં બેંકોની નોકરી જાઈઝ છે.

અલ્લાહ તઆલા તથા તેના પ્યારા હબીબ ﷺ વધારે જાણનાર છે. (ક્રમશઃ)

# એક સુન્નત પાછળ હજારો ગુનાહ !

રજૂકર્તા : **મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી-કુરચણ** *(મુતઅલ્લિમ : મન્ઝરે ઈસ્લામ, બરેલી શરીફ)*

નિકાહ ઈસ્લામમાં ઈબાદત છે પણ અફસોસ આપણે એક સુન્નતે રસૂલ ﷺ તથા ઈબાદતને અનેક હરામ કામોથી સજાવી એનું નામ "શાદીખાના આબાદી" રાખ્યું પણ ખરેખરમાં ઈસ્લામના ક઼ાનૂનો વિરુદ્ધ શાદી કે નિકાહ એ "ખાનાબર્બાદી" છે. સંજોગો એટલા ખરાબ થઈ ગયા છે કે જ્યાં સુધી હરામ કામો ન કરવામાં આવે ત્યાં સુધી શાદીની સુન્નત જાણે કે અદા નથી થઈ શકતી ! જેવી રીતે કે સગાઈની રસમ લઈ લો કે જેમાં છોકરો પોતાના હાથથી છોકરીને અંગૂઠી પહેરાવે છે. જ્યારે કે આ હરામ અને જહન્નમમાં લઈ જવાવાળુ કાર્ય છે. શાદીમાં મર્દ પોતાના હાથ મહેંદીથી રંગે છે એ પણ હરામ તથા શાદીમાં ખૂબ ફેશનનો દેખાડો કરવામાં આવે છે. ખાનદાનની નવયુવાન મુસલમાન છોકરીઓ નાચ ગાન તથા બેહયાઈનું અદ્‌ભૂત પ્રદર્શન કરે છે. નવયુવાન છોકરા છોકરીઓ, જીવ ભરીને બદ્‌નિગાહી કરે છે, ખૂબ આંખોનો ઝિના થાય છે. સાંભળો ! આપણા નબી મુહમ્મદ ﷺ ફર્માવે છે, આંખોનો ઝિના જોવું, કાનોનો ઝિના સાંભળવું, ઝબાનનો ઝિના બોલવું અને હાથોનો ઝિના પકડવું છે." *(મુસ્લિમ શરીફ, ભાગ : ૨, પેજ : ૩૩૬)* આ બધાં જ હરામ કામો શાદીની ભેળસેળ મજલિસમાં થતાં જોવા મળે છે.

યાદ રાખો ! સ્ત્રી પુરૂષ માટે એકબીજાને શહવતની દષ્ટિથી જોવું હરામ છે માટે બુરી નજરથી જોવાવાળ ા અલ્લાહથી ખૌફ કરે, નહીં તો અલ્લાહનો અઝાબ સહન નહીં થાય જેવી રીતે કે ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "જે કોઈ પોતાની આંખોને હરામ જોવાથી ભરશે તો એની આંખોમાં ક઼યામતના દિવસે આગ ભરવામાં આવશે." *(મુક઼ાશફતુલ કુલૂબ-અરબી, પેજ : ૧૦)*

શાદીમાં વધતા હરામ કામોમાં હવે આલ્બમ (Album) બનાવવાની ફેશન પણ પ્રગતિ પર છે. દુલ્હા દુલ્હન અને બરાતીઓના વિના જરૂરત ફોટાઓ ખેંચી આલ્બમમાં સુરક્ષિત કરી લેવામાં આવે છે અને આ દરમ્યાન ભિન્ન ભિન્ન શરીઅતની વિરુદ્ધ બેહયાઈભરી હરકતો થાય છે જે લખવાથી ક઼લમ શરમ અનુભવે છે અર્થાત કે આલ્બમ એટલે હરામ કામોની પોટલી. જુઓ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ્‌, ભાગ-૯, પેજ-૧૪૩ પર લખે છે, હુઝૂર علیہ السلام એ જાનદારની તસ્વીર બનાવવી અથવા બનાવડાવવી તથા સન્માનરૂપે પોતાની પાસે રાખવા બાબતે હરામ ફર્માવ્યું છે અને એના પર કડક ચેતવણીઓ ફર્માવી છે અને તસ્વીરને દૂર કરવા તથા મિટાવવાનો હુકમ આપ્યો છે. અહીંયાં અમુક હદીષો રજૂ કરું છું. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે, **દરેક તસ્વીર બનાવનાર જહન્નમમાં છે, અલ્લાહ તઆલા દરેક તસ્વીરના બદલે જે એણે બનાવી હતી એક મખ્લૂક઼ પેદા કરશે જે જહન્નમમાં તસ્વીર બનાવનારને અઝાબ આપશે.** અને હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ رضی اللہ عنہ થી રિવાયત છે, "ખરેખર સખત અઝાબ ક઼યામતના દિવસે તસ્વીર બનાવનારાઓ પર છે." *(ફતાવા રઝવિય્યહ્‌, પ્રકાશક : રઝા એકેડમી)*

વાંચકો ! ઉપર વર્ણન કરેલ હદીષોથી જાણવા મળ્યું કે ઈસ્લામમાં વિના જરૂરત તસ્વીર (ફોટો) ખેંચવી, ખેંચાવવી તથા બેપદર્ગી તથા બેહયાઈનાં દશ્યોનું વિડીયો કરવું હરામ છે માટે દરેક મુસલમાન આ હરામ કામથી શાદીઓને પાક રાખવાનો પ્રયત્ન કરે.

બરકાતે ખ્વાજા–માસિકના વાંચકો ! હવે હું તમારી સમક્ષ બેન્ડબાજા વિશે થોડીક ચર્ચા કરું કારણ કે આજે આપણા મુસ્લિમ સમાજમાં બેન્ડબાજા સાથે વધારે પડતી શાદીઓ થવા લાગી છે. જો કોઈ મૌલાના સમજાવે તો જવાબ મળે છે, "મૌલાના ! એક નવાઈની છોકરી છે ! પછી ક્યાં બેન્ડબાજા લાવવાના છે ! ખુશીના અવસર પર બધુ ચાલે !" હે નાદાનો ! ખુશીના સમયે અલ્લાહનો શુક્ર અદા કરવામાં આવે છે કે ખુશીઓ સદા રહે, નાફર્માની તથા ગુનાહો નથી કરવામાં આવતા. ક્યાંક એવું ન બને કે નાફર્માની તથા ગુનાહોની સજામાં એક નવાઈની છોકરી દુલ્હન બનવાના એક મહિના પછી તલાક઼નો પરચો લઈ પિયર આવી બેસે અને સર્વ ખુશીઓ પર પાણી ફરી વળે ! બેન્ડબાજા સાથે શાદી કરનારાઓ ! ધ્યાનપૂર્વક વાંચો ! હદીષ શરીફમાં છે, બે અવાજો પર દુનિયા તથા આખિરતમાં લા'નત છે : (૧) નેઅમતના સમયે (બેન્ડ) બાજા (૨) મુસીબતના સમયે ચીસો પાડવું. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ : ૫, પેજ : ૯૫)*

અફસોસ ! હવે મુસલમાનોના દિલ મુર્દા થતાં જાય છે, *ન શર્મે નબી ન ખૌફે ખુદા !* ગુનાહો પર શર્મિંદગીની જગ્યાએ ફખ્રથી ખુશી પ્રકટ કરવામાં આવે છે. આ રિવાયતને વારંવાર વાંચો ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, "જે હસતા હસતા ગુનાહ કરશે તે રડતા રડતા જહન્નમમાં પ્રવેશ કરશે." *(મુકાશફતુલ કુલૂબ–અરબી, પેજ : ૬૭૫)*

બેન્ડબાજાના શોખિનો ! હવે ધ્યાનપૂર્વક વાંચો કે બેન્ડબાજાનો સંશોધક કોણ તથા ગાયનોના શોખિન કોના નક઼શેક઼દમ પર છે ? હઝરત આદમ علیہ السلام એ જ્યારે પ્રતિબંધિત વૃક્ષથી ફળ ખાધુ તો શૈતાને ખુશ થઈને ગાયન ગાયું અને જ્યારે આદમ علیہ السلامની વફાત થઈ ત્યારે શૈતાન તથા કાબીલ બંનેવ ઘણા ખુશ થયા, અને એક સ્થળે ભેગા થઈ ઢોલ તથા વાજિંત્રોથી ખૂબ ગાય બજાવી ખુશી જાહેર કરી. આથી જાણવા મળ્યું કે બેન્ડબાજાનો સંશોધક શૈતાન છે અને બેન્ડમાં નાચવું, કૂદવું તથા ગાયનો સાંભળવાં શયતાનના નક઼શે ક઼દમ પર ચાલવું છે અને મુસલમાનોને શયતાનના નક઼શે ક઼દમ પર ચાલવાથી રોકવામાં આવ્યા છે જેમ કે કુર્આન શરીફમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણ દાખલ થઈ જાવ ! અને શયતાનના માર્ગ પર ન ચાલો, ખરેખર શયતાન તમારો ખુલ્લો દુશ્મન છે." *(પારા : ૨, આયત નં. ૨૦૮, સૂરએ બક઼રહ)*

હઝરત દાતા અલી હિજવેરી رحمۃ اللہ علیہની રજૂ કરેલ એક રિવાયતનો ખુલાસો છે કે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત દાઊદ علیہ السلامને મધુરતાભર્યો અવાજ આપ્યો હતો, તેમનો મધુરતા ભરેલો અવાજ સાંભળી પહાડ તથા વૃક્ષો ઝુમવા લાગતાં, પક્ષીઓ તથા જાનવરો જંગલોથી અવાજ સાંભળી નીકળી આવતાં, વહેતું પાણી થંભી જતું ! આપનો મધુર અવાજ સાંભળી ૧૦૦ સ્ત્રીઓનાં અવસાન થઈ ગયાં. શયતાન હઝરત દાઊદ علیہ السلامના તબ્લીગના આ તરીક઼ાથી ઘણો પરેશાન હતો. છેવટે શયતાને બાંસૂરી તથા તંબૂરો બનાવ્યાો અને ખૂબ નાચ્યો કૂદયો. હવે લોકો બે ભાગોમાં વહેંચાઈ ગયા, જે નેક હતા તેઓ હઝરત દાઊદ علیہ السلامના મધુર અવાજના દીવાના થઈ ગયા અને જેઓ બુરા તથા ગુમરાહ હતા તેઓ ઢોલ વાજિંત્રો તથા ગીતોના આશિક઼ બની ગયા. *(કશ્ફુલ મહઝૂબ, પેજ : ૭૪૦–૭૪૧)*

ઉપરોક્ત રિવાયતથી સ્પષ્ટ થયું કે બેન્ડબાજા તથા ગીતોનો સંશોધક શયતાન છે માટે દરેક મુસલમાને જોઈએ કે સુન્નતે રસૂલ નિકાહને બેન્ડબાજા તથા હરામ કામોથી પાક રાખે. આવો ! હવે ગાયનો તથા બેન્ડબાજા પર ચેતવણીઓ વિશે હદીષો વાંચીએ : હઝરત ઝહ્હાક رضی اللہ عنہથી રિવાયત છે, "(ગાયન) ગાવું દિલને ખરાબ અને અલ્લાહ તઆલાને નારાજ કરે છે." *(તફસીરાતે અહમદિય્યહ, પેજ : ૭૦૪)*

તથા હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે ગાવાવાળી (સ્ત્રી) પાસે બેસશે અને કાન લગાડી સાંભળશે તો અલ્લાહ

તઆલા ક઼યામતના દિવસે તેના કાનોમાં સીસુ નાખશે ! *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ : ૧૫, પેજ : ૯૬)*

આ રિવાયતને વાંચી દરેક ગાયનો સાંભળનારા અને ખુલ્લમ ખુલ્લા ગલી મહોલ્લામાં તથા દુકાનો હોટલોમાં કેસેટો વગાડનારાઓએ ચોંકી જવું જોઈએ કે ક્યાંક ક઼યામતના દિવસે ગાયનો સાંભળવા તથા સંભળાવવાની સજામાં કાનોમાં સીસુ ન નાખવામાં આવે ! આમાં કાંઈ શંકા નથી કે બેન્ડબાજા તથા ગાયનો સાંભળવાં હરામ તથા ગુનાહ છે. પણ જો બીજા લોકો સાંભળતા હોય તો વગાડનાર પર ગાયનો વગાડવાના ગુનાહોની સાથે સર્વ ગાયનો સાંભળ નારાઓનો પણ ગુનોહ છે. વધુમાં નબી કરીમ علیہ الصلوۃ والسلام ફર્માવે છે, જે વ્યક્તિ ગાયન સાથે પોતાનો અવાજ બુલંદ કરે છે તો અલ્લાહ તઆલા એના પર બે શયતાન નિયુક્ત કરી દે છે, જેમાંથી એક શયતાન એક ખભા ઉપર અને બીજો શયતાન બીજા ખભા ઉપર હોય છે અને તે બંનેવ શયતાન પોતાના પગથી અને ત્યાં સુધી મારતા રહે છે જ્યાં સુધી કે તે ગાવાવાળો ચૂપ ન થઈ જાય. *(અદ્દુર્રુલ મન્સૂર, ભાગ : ૬, પેજ : ૫૦૬)*

પ્રિય વાંચકો ! વર્ણન કરેલ આપણા નબી ﷺની હદીષો વાંચી અલ્લાહથી ખૌફ કરો અને નબીની સુન્નત એટલે કે નિકાહ તથા શાદીને બેન્ડબાજા, ડીજે તથા સ્ટેજ પરના બેહયાઈથી છલકતા શો જેવાં અન્ય હરામકામોથી પાક રાખો. અલ્લાહ તબારક વ તઆલા સૌને ઈસ્લામના ક઼ાનૂનો અનુસાર જિંદગી ગુજારવાની તથા ખુદા વ રસૂલના હુકમોને માન આપવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે

## દસ્તારે હિફ્ઝનો શાનદાર જશ્ન !

**આમોદ** : (જિ. ભરૂચ) ખાતે તા. ૧૧–૪–૨૦૧૨ના રોજ ઈશા બાદ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજામાં હિફ્ઝે કુર્આન કરનાર ૧૦ હાફિઝોની દસ્તારબંદી તથા સનદે હિફ્ઝ અતા કરવાનો શાનદાર જશ્ન આલિમે બાવક઼ાર હઝરત અલ્લામા સૈયદ મન્સૂર આલમ રઝવી સાહબની સદારતમાં યોજાયો જેમાં હઝરત સૈયદ સઆદતઅલી (કુતિયાણા), હઝરત સૈયદ મુઝફ્ફર બાપુ–નાપાડ, હઝરત સૈયદ અન્વર બાપુ–આમોદ તથા હઝરત સૈયદ તાહિરબાપુ પેટલાદવાળા, હઝરત સૈયદ હશ્મતઅલી બાપુ (જંબુસર) તથા મૌલાના ઈસ્માઈલ અમજદી તેમજ અન્ય સાદાતે કિરામ તથા ઉલમા હઝરાત તથા સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોના કાફલા આસપાસના શહેરો તેમજ વડોદરા, સૂરત, ભરૂચ પેટલાદ, બોડેલી, પાવીજેતપુર વગેરે જિલ્લાઓમાંથી તશરીફ લાવ્યા હતા. આ મુબારક હસ્તીઓના હાથો વડે હાફેઝ થનાર ખુશનસીબોની દસ્તારબંદી થઈ હતી તથા સનદો આપવામાં આવી હતી. જ્યારે કુર્આનનો તજવીદથી દોઢ પૂર્ણ કરનાર બહારથી સનદ લઈને આવેલા હાફિઝોની કેવળ દસ્તારબંદી કરવામાં આવી હતી. છેવટમાં અતાએ મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) સાહબે "ઈમાનો સુન્નિયત પર મજબૂતીથી જામી જવા" સંબંધે વલવલાઅંગેઝ બયાન કર્યું હતું. તથા સુન્નિયતની બક઼ા માટે આપણી સ્કૂલો ઉભી કરવા જ્યાં દીની દુન્યવી મજબૂત તા'લીમ આપવામાં આવે તેના પર જોર આપ્યું હતું. અલ્હમ્દુલિલ્લાહ ! જશ્ન ખૂબ જ કામયાબ રહ્યો.

**નોંધ** : કેવળ ૮ વરસના ટૂંકા ગાળામાં આપણા દારુલ ઉલૂમ થકી **૪૮–હાફિઝો** બહાર પડી ચૂક્યા તથા **૨૦–હાફેઝો**એ તજવીદ સાથે મુકમ્મલ કુર્આન દોઢ કર્યું અને હાલ આલિમ કલાસ સાબેઆ જમાઅત સુધી પહોંચેલ છે અને હવે સ્કૂલ માટેની જગા ખરીદાઈ ચૂકી છે ટૂંક સમયમાં સ્કૂલ શરૂ થશે, ઈન્શાઅલ્લાહ ! વધુ તરક્કી માટે ભરપુર સહાયની સાથોસાથ દુઆની દરખાસ્ત છે.

*–રજૂકર્તા : (નાઝિમે આ'લા) હાફેઝ અ. રહીમ બરકાતી*

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→→ કાર્યાલય

### ★ શાદી મુબારક ! ★

**જાંબિયા** : ખાતે જનાબ અબ્દુલ્લાહભાઈ મીમ સેગવાવાળાના નેક ફરઝંદ ગુલામફરીદની નિકાહખ્વાની તા. ૭–૪–૨૦૧૨ના રોજ હલદરવાના ઈબ્રાહીમભાઈ ઘંટીવાળાની નેક દુખ્તર મેહફૂઝાની સાથે શાહઝાદાએ મોહસિને સુન્નિયત નૂરાનીબાવા, હઝરત સૈયદ યૂસુફબાવા પેટલાદવાળાની તથા અન્ય ઉલમાની હાજરીમાં રાખવામાં આવી. મશ્હૂર નઅતખ્વાં જનાબ ફુર્કાન કાદરી થકી મેહફિલે નઅત પણ ગોઠવાઈ હતી. દુલ્હા–દુલ્હન તથા બંનેના સર્વ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના હબીબે પાક ﷺના સદકામાં સર્વેને બંને જહાનમાં ખુશ તથા આબાદ રાખે, નેક સાલેહ ઔલાદ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કંબોલી** : મુકામે ઉસ્તાઝુલ હુફ્ફાઝ જનાબ હાફિઝ આદમ રાજી કંબોલીવાલાના નેક ફરઝંદ મુહમ્મદ નૂરાનીની નિકાહખ્વાની જનાબ સુલેમાન હાજી ઈસા રાજીની નેક દુખ્તર શબીનાબાનુ સાથે તા. ૩૧–૩–૨૦૧૨ના રોજ રાખવામાં આવી. જેમાં હઝરત મૌલાના પીર સૈયદ કમરુદ્દીનબાવા સાહબ કારંટવીની સદારતમાં તિલાવતે કુર્આન જનાબ હાફેઝ આદમ વોરાસમનીવાળા (ધ્રોલ) સાહબે પઢીને એક નઅતે પાક આ'લા હઝરત رحمۃ اللہ علیہની પેશ કરી મજમામાં રોનક લાવી દીધી હતી. સાદાત ઉલમા, હુફ્ફાઝથી સ્ટેજ તથા અન્ય બેઠકો ભરેલી હતી. આ નૂરાની મેહફિલમાં હઝરત સૈયદ કમરુદ્દીનબાવા સાહબે નિકાહ પઢાવ્યા તથા દુઆ ગુજારી હતી. જનાબ હાફેઝ આદમ સાહબ તથા જનાબ સુલેમાનભાઈ તથા સર્વ કુટુંબીજનોને ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સાંપા** : ખાતે હાજી આદમ અસ્માલ પટેલની નેક દુખ્તર નઝરાનાની શાદી સરફરાઝ (S/o. હાજી યૂસુફ અલી–પાલેજ) સાથે અને નેક ફરઝંદ મોહસિન ((S/o. હાજી ઈકબાલ કમાલ–સાંસરોદ) સાથે અનુક્રમે તા. ૩૧–૩–૨૦૧૨ના સાંપા મુકામે અને તા. ૧–૪–૨૦૧૨ના રોજ પાલેજ મુકામે રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સેગવા** : મુકામે હાજી ઈબ્રાહીમભાઈ મલ્લુની નેક દુખ્તર રૂબાસબાનુની શાદી અંકલેશ્વર નિવાસી હાફેજી યાકુબભાઈના નેક ફરઝંદ જાવિદ સાથે તા. ૨૬–૨–૨૦૧૨ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કોસંબા** : ચિશ્તીનગરથી સૈયદ ઈસ્માઈલ મુહમ્મદ (દરબાર આંતી) જણાવે છે કે તેમના નેક ફરઝંદ સૈયદ જમાલુદ્દીન મિસ્બાહીના નિકાહ બોરસદ નિવાસી સૈયદ ગુલામ મુહયુદ્દીનની નેક દુખ્તર સૈયદા અમરીનબાનુ સાથે, અને નેક ફરઝંદ સૈયદ મોહસિનના નિકાહ આંતી નિવાસી સૈયદ અબ્બાસ અત્તુમિયાંની નેક દુખ્તર સૈયદા આરિફા સાથે તા. ૧૦–૩–૨૦૧૨ તથા તા. ૧૧–૩–૨૦૧૨ના આંતી તથા બોરસદ મુકામે રાખવામાં આવ્યા. મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**થામ** : હાજી ઉષ્માન સુલેમાન ગોરજીના નેક ફરઝંદ નાસિરુદ્દીનની શાદી ટંકારીઆ નિવાસી મુશ્તાકભાઈ સુલેમાનભાઈ સાંપાની નેક દુખ્તર રફીનાબાનુ સાથે તા. ૧–૩–૨૦૧૨ના રોજ ટંકારીઆ મુકામે રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : રિયાઝપાર્ક ખાતે હાજી મુહમ્મદ હાજી હસન વલી પટેલ સરનારવાળાની નેક દુખ્તર નફીસાની શાદી આંકલવ નિવાસી સૈયદ ગુલામ દસ્તગીર સૈયદ અલીના નેક ફરઝંદ મુહમ્મદ મોહસિન સાથે તા. ૨૪–૩–૨૦૧૨ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કરજણ** : ખાતે હાજી અબૂબકર હાજી સુલેમાનજી ખત્રીના નેક ફરઝંદ અયાઝ અહમદની શાદી તા. ૨૪–૩–૨૦૧૨ના રોજ બોડેલીના ખત્રી ગુલામ રસૂલ ઉષ્માનગની (લહોટ)ની નેક દુખ્તર રૂમાનાબાનુ સાથે રાખવામાં આવી. મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સલાદરા** : ખાતે હાજી યૂનુસ ઈસ્માઈલ પટેલના નેક ફરઝંદ ઈરફાનની નિકાહખ્વાની કુરચણ મુકામે હાજી યૂનુસ હાજી મૂસા ઈસ્માઈલની નેક દુખ્તર મેહફૂઝાબાનુ સાથે તા. ૮–૪–૨૦૧૨ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વાગરા** : ખાતે નૂરાની મસ્જિદમાં તા. ૨–૩–૨૦૧૨ જુમ્આના રોજ નમાઝ બાદ જનાબ અહમદ અબ્દુલ્લાહ પટેલના નેક ફરઝંદ તૌસિફની નિકાહખ્વાની મર્હૂમ યૂનુસ અબ્દુલ હક્ક મુન્શી ટંકારીઆવાળાની નેક દુખ્તર રૂબીના સાથે થયા હતા. દુલ્હા દુલ્હન કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : મર્હૂમ મુહમ્મદ ઈસાઅલીના નેક ફરઝંદ મોહયુદ્દીનની નિકાહખ્વાની પાલેજ ખાતે જનાબ સાદિક સુલેમાન પેપરવાળાની નેક દુખ્તર મેઅરાજબાનુ સાથે તા. ૨૪–૩–૨૦૧૨ના રોજ રાખવામાં આવી. દુલ્હા દુલ્હન કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : જનાબ હાફેઝ હસન રઝવી હલદરવી (હાલ : બોલ્ટન, યુ.કે.)ના નેક ફરઝંદ અખ્તરરઝાના નિકાહ તા. ૨૩–૩–૨૦૧૨ના રોજ જનાબ યાકૂબ પટેલ ધનિયાવીવાળાની નેક દુખ્તર નઝરાના સાથે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ટંકારીઆ** : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના સદરુલ મુદર્રિસીન જનાબ ગુલામયાસીન નૂરાની મિસ્બાહીના વાલિદ સાહબ યૂનુસભાઈ અબ્દુલહક્ક મુન્શીનો તા. ૨૭–૧૨–૨૦૧૧ના રોજ ઈન્તેકાલ થઈ ગયો. તા. ૩૦–૧૨–૨૦૧૧ના રોજ ઝિયારત રાખવામાં આવી હતી. આ પ્રસંગે હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ તેમના ઘરે હાજરી આપી મર્હૂમના માટે મગફિરતની દુઆ ગુજારી હતી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : મુકામે જનાબ મુશ્તાકહસન તાંદલજાવાળાનાં વાલિદા મોહતરમા હજીયાણી આઈશાબહેનનો ઈન્તેકાલ તા. ૧૮–૨–૨૦૧૨ના શનિવારે રાતના સમય થઈ ગયો. જેમની દફનવિધિ રવિવારે સવારે રાખવામાં આવી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે જન્નતુલ ફિરદોસમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કોલવણા** : ખાતે અલીભાઈ ઈસ્માઈલ ગડીમલનો તા. ૨૩–૧–૨૦૧૨ના રોજ ૭૫ વરસની વયે ઈન્તેકાલ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી આ'લા જન્નત નસીબ કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**તાંદલજા ગામ** : મુકામે તા.૨–૩–૨૦૧૨ના રોજ ઝુલેખા હસન પટેલનો ઈન્તેકાલ થયો છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતુલ મકામ કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પ્રેસ્ટન** : ખાતે જનાબ હાફેઝ મૂસા વેમી સાહબ ઝંઘારવાળાના અહલિયા સાહેબા હજીયાણા ઝુલેખાબેનનો ઈન્તેકાલ તા. ૨૬–૩–૨૦૧૨ના રોજ પ્રેસ્ટન (યુ.કે.) ખાતે થયો, જેમની નમાઝે જનાઝા હઝરત અલ્લામા પીર સૈયદ ઈરફાનશાહ મશહદી સાહબે પઢાવી હતી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## નબીપુરમાં મેહફિલે સમાએ નઅત

**નબીપુર** : (તા. જિ. ભરૂચ) ખાતે **તા. ૧૦-૫-૨૦૧૨ જુમેરાતે** ઈશાની નમાઝ બાદ તુરત જ **જનાબ જહાંગીર ગુલામઅલી કડુજીની શાદીના** મુબારક પ્રસંગે **"મેહફિલે નઅતે પાક"**નો શાનદાર જશ્ન યોજાશે, ઈન્શાઅલ્લાહ ! જેમાં મશ્હૂર નઅતખ્વાં બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી **મુહમ્મદ રિઝવાનખાં સાહબ** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) તશરીફ લાવી ઈશ્કે નબી ﷺની ખૂશ્બુ રેલાવતી નઅતો પઢશે. પ્રોગ્રામ રાતના સવા નવથી શરૂ થઈ સાડાબાર વાગ્યે ખત્મ થઈ જશે.

### ★ દારુલ ઉલૂમ અન્વારે રઝા-નવસારી ખાતે જલસાએ દસ્તારબંદી ★

**નવસારી** : તા. ૧૭-૩-૨૦૧૨, ઈશા બાદ **દારુલ ઉલૂમ અન્વારે રઝા**માંથી ફારિગ થનાર ૧૪-હાફિઝો, ૬-ક઼ારીઓ, ૮-ઈમામોની દસ્તારબંદીનો શાનદાર જલસો મુફ્તીએ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફ્તી મુજીબ અશરફની સરપરસ્તીમાં યોજાયો જેમાં શાહઝાદાએ ગૌષે આ'ઝમ હઝરત સૈયદ મુહમ્મદ અશરફ સાહબ-મુંબઈ, હઝરત અલ્લામા મુખ્તાર અહમદ ભેડવી-યુ.પી., હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાળા, હઝરત મુફ્તી મહેમૂદ અખ્તર-મુંબઈ, હઝરત મૌલાના આસિફ રઝા ઈલાહાબાદી વગેરે ઘણા ઉલમા સાદાતની હાજરીમાં યોજાયો, અને ઉપરોક્ત ઉલમાએ કિરામના નૂરાની ઈર્ફાની બયાનો થયાં હતાં.

### ★ દારુલ ઉલૂમ મુસ્તફાઈયા-હલદરવા ખાતે જશ્ને દસ્તારબંદી ★

**હલદરવા** : (તા. કરજણ) ખાતે તા. ૧૧-૪-૨૦૧૨ ઈશા બાદ દારુલ ઉલૂમ મુસ્તફાઈયહ્‌માંથી ફારિગ થનાર ૧૧-હાફિઝ, ૬-આલિમ, ૬-ક઼ારી સાહબોની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાની સદારતમાં યોજાયો જેમાં વિવિધ સુન્ની દારુલ ઉલૂમોના ઉલમા, હુફ્ફાઝ, કુર્રા તથા અન્ય સાદાત ઉલમાના મુબારક હાથો વડે ફારિગ થનારા નેકબખ્ત તલબાની દસ્તારબંદી કરવામાં આવી. છેવટમાં હઝરત મૌલાના આરિફુલ્લાહ સાહબે (જામનગર) ઈલ્મે દીન સંબંધી શાનદાર બયાન કર્યું હતું. જલસો ખૂબ જ કામયાબ રહ્યો હતો.

**ચાણંદ-માંડવા** : ખાતે તા. ૧૩-૩-૨૦૧૨ મંગળવારે ઈશા બાદ જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મનાવાયો. કલામે પાકની તિલાવત બાદ મૌલાના ઈસ્માઈલ અશરફી નોબારવીએ મન્ક઼બતે ગૌષે આ'ઝમ પેશ કરી અને હઝરત મૌલાના સૈયદ ઝાકિરહુસૈન અશરફીએ ગૌષ પાક رضی اللہ عنہની શાનમાં આપના જીવનનાં વિવિધ પાસાંઓ તથા કરામતો પેશ કરી હાજરજનોને ભાવવિભોર કરી દીધા હતા. છેવટમાં સલાતો સલામ દુઆ સાથે જશ્ન ખત્મ થયો હતો. *-રજૂકતા : કુરૈશી ગુલામ અશરફી*

**જુનાગઢ** : સુન્ની બોરવડ યંગ કમિટી થકી તા. ૯-૩-૨૦૧૨ જુમ્આ ઈશા બાદ ગૌષે પાક હુઝૂર સૈયદના શૈખ અબ્દુલક઼ાદિર જીલાની رضی اللہ عنہની યાદમાં હઝરત અલ્લામા મૌલાના ગુલઝાર અહમદ નૂરી (સજ્જાદા ખાનક઼ાહે રઝવિય્યહ્-જુનાગઢ)ની સરપરસ્તીમાં પીરે તરીક઼ત હઝરત અલ્લામા મૌલાના જમાલ રઝાખાં-બરેલી શરીફ તથા મૌલાના અકબરઅલી મિસ્બાહીનાં શાનદાર બયાનો થયાં. ક઼ારી ફરીદ આલમ બનારસી તથા ક઼ારી સૈયદ વઝીર અલી રાજકોટે નઅતો મન્ક઼બત પેશ કરી હતી. દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફાના મૌલાના હબીબુર્રહમાન, રાજકોટના મૌલાના સૈયદ સિકંદરબાપુ, ધોરાજીના મૌલાના મુફ્તી મુનવ્વર રઝા તેમજ જુનાગઢ ના આલિમો સાદાતો વગેરેએ ખાસ હાજરી આપી હતી. *-રજૂકર્તા : મૌલાના આરિફ જુસબ રઝવી*

## ★ ધોરાજીમાં બે દિવસીય સુન્ની ઈજતેમા ★

આલમી તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી" (ધોરાજી શાખા)નો બે દિવસીય વાર્ષિક સુન્ની ઈજતેમા તા. ૧૭, ૧૮, માર્ચ ૨૦૧૨ શનિવાર અને રવિવાર આમ બે દિવસ રાખવામાં આવ્યો હતો. જેમાં તા. ૧૭ માર્ચ શનિવારે અસરની નમાઝથી ઈશા સુધી આલિમા અને મુબલ્લિગાઓએ સ્ત્રી સુધારણાને અનુલક્ષીને નઅત શરીફ તથા બયાનો રજૂ કર્યાં હતાં. જ્યારે ૧૮ માર્ચ રવિવારે બપોરે ૩.૩૦ વાગ્યે હાફિઝ અ. રહીમ સાહબ (ભરૂચ)ની કિર્અત, નઅત શરીફ અને તર્બિયતી બયાનથી ઈજતેમા શરૂ થયો, ત્યાર પછી હઝરત સૈયદ મક્બૂલબાપુ કાદરીએ દુઆઓથી નવાઝ્યા. ત્યારબાદ સૂરતથી આવેલા મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મક્બૂલભાઈ રાજવાણીએ બયાન કર્યું. અસરની નમાઝ બાદ બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅત શરીફ પેશ કરી અને હૃદયદ્રાવક બયાન કર્યું તેમના પછી મૌલાના ખાલિદ રઝા સાહબ નજમી (મુંબઈ)એ કુર્આનની વર્તમાનયુગમાં જરૂરતના વિષય પર અસરઅંગેઝ બયાન કર્યું બાદ નમાઝે મગરિબ મક્બૂલભાઈ રાજવાણીએ મેમણી ભાષામાં પોતાની આગવી છટામાં બયાન કર્યું. ઈશા પછી તરત જ મુહક્કિકે મસાઈલે જદીદા, સિરાજુલ ફુક્હા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન સાહબ રઝવી (મુબારકપુર)એ ફિક્હી મસાઈલના જવાબો આપ્યા હતા. ત્યારબાદ હઝરત ગુલામ ગૌષ અલવી સાહબે બયાન કર્યું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, અતાએ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા શાકિર અલી નૂરી રઝવી બરકાતીએ "કોની દોસ્તી દુનિયા અને આખેરતમાં કામ આવશે ?" એ વિષય પર કુર્આની આયતોને ટાંકીને હૈરતઅંગેઝ બયાન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સલાતો સલામ અને પીરે તરીકત શેહઝાદાએ શાહજીમિયાં હઝરત મુન્નેમિયાં સાહબ (પીલીભીત)ની દુઆઓ પર આશરે રાતના ૧૨ કલાકે ઈજતેમા પૂર્ણ થયો. *–રજૂકર્તા : મૌલાના મુહમ્મદ મુનવ્વર રઝા–ધોરાજી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અમદાવાદ** : મર્હૂમ ગુલામહુસૈન આદમભાઈ મો'મિન ("શિફા શરીફ" લેખમાળાના અનુવાદક)ના ઈસાલે સવાબ અર્થે રૂા. ૭૦૦૦/– લિલ્લાહ તેમનાં પૌત્રી તરફથી કિતાબો છપાવવા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ આ નેકી કબૂલ ફર્માવે અને મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ**

બસ ઉપડવાની તારીખ :

**૨૧/૫/૨૦૧૨, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે, ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહીંદ શરીફ, કલિયર શરીફ, દિલ્હી, આગ્રા, ફતેપુર–સીક્રી, જયપુર, મીરાદાતાર પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૮,૦૦૧/– | રૂા. ૪,૦૦૧/– | ૧૭ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ** : **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૦૦ પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૭/૫/૧૨ અને ૧/૬/૧૨ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૭/૬/૨૦૧૨ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૦૦૧ એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો. **૫.** બેંક/એલ. આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સ. મળશે. **૬.** એલ.ટી.સી. મેળવનારે રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે.